# પગદંડી

**ડિસેમ્બર**

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં. |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| એક વો ભી દિવાલી થી | ---------------------------- | ૫ |
| પ્રમુખશ્રીની કલમે | | |
| કચ્છી રમતોત્સવ, ગઈકાલ-આજ-આવતીકાલ | ડો. મંજુલા વી. શાહ | ૯ |
| પગદંડીને પત્ર | વાચકોના પત્ર | ૧૧ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | | |
| હમ દો હમારે | વિસનજી જાદવજી ધરોડ | ૧૩ |
| વાડાઓમાં પુરાયેલો ધર્મ | દામજી સાવલા | |
| સત્કાર સમારંભોમાં સુધારા | ડૉ. ચંદ્રકાન્ત કે. દેઢિયા | |
| પગમેં ભમરી | | |
| હસ્તકળાનું મંદિર | લીલાધર માણેક ગડા | ૧૭ |
| આમ્રવૃક્ષ | ડૉ. ગિરીશ વીછીવોરા | ૨૧ |
| સમવાય | ગુલાબ દેઢિયા | ૨૩ |
| વાત છે મારી-તારી આપણી | શાંતા ધ. ગાલા | ૨૫ |
| ‘૪૪નો ગમખ્વાર ગોદી ધડાકો’ | પ્રવીણચંદ્ર શાહ | ૨૬ |
| ગાંધી વિચારધારાનો શ્રોત મારા ગામમાં | ડૉ. જયંત વીરજી ગાલા | ૩૧ |
| સાત જોવા લાયક સ્થળો | સી.એ. સંજય વિસનજી છેડા | ૩૫ |
| માંડવી (કચ્છ)ના વતની ગુજરાતના નૃત્ય મહર્ષિ ધરમશી મૂળજી શાહ | ભરત‘કુમાર’ પ્રા. ઠાકર | ૪૦ |
| હેલ્લારો અને ઢોલી મૂલજી | લોપા ઈલેશ ધરોડ (મારૂ) | ૪૨ |
| સાહિત્ય અમૃત | આલેખનઃ ચંદ્રકાન્ત નંદુ | ૪૪ |
| ઊર્મિલહર | સંપાદનઃ વિશન નાગડા | ૪૮ |
| સેવા સમાજ અપડેટ | માનદ્ મંત્રીઓ | ૫૧ |
| વિકાસ કપ બાસ્કેટ બોલ ટુર્નામેન્ટ | ચકી લેડ | ૫૨ |
| ક.વિ.ઓ. સેવા સમાજ-બુક બેન્ક | મહેક મોતા | ૫૩ |
| ઘટમાળ | ---------------------------- | ૫૬ |
| સાંત્વન | ---------------------------- | ૫૭ |


**પગદંડી કાર્યાલય – ૨૩૭૧ ૪૬૭૪ • ટેલીફેક્સ ૨૩૭૭ ૩૦૩૨**


Printed and published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters,** 42, Ideal Indl. Estate, Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinchbunder, Mumbai 400009. Editor : Aswin Popatlal Malde

“આજે લગ્નમાં શું જમવાનું હશે ?”
એ ઉત્સુકતાનો અંત આવે
જ્યારે મહેમાન
ગાલા કેટરર્સ નો ટેગ જોયે
“જે હશે બધુ ભાવતું જ હશે !”

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ
ડેસ્ટીનેશન વેડિંગ
આપના પ્રસંગોને બનાવો યાદગાર.
૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઇપણ સ્થળે હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી, વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

કાર્પોરેટર સેમીનાર,
એકઝીબીશન માટે
૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને
કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ
Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



color-spac.com

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા :
9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in
Google

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

# તંત્રીસ્થાનેથી

## એક વો ભી દિવાલી થી....

ક્યારેક એવું બનતું હોય છે કે કોઈ ઘટના, વસ્તુ, પરિસ્થિતિમાં એવો પલટો આવે છે જેની આપણે કલ્પના પણ ન કરી હોય. પરિસ્થિતિમાં આવેલ પલટો આપણી સમજની, પહોંચની બહારનો હોય છે અને ત્યારે આપણું મન પાછલે પગે બદલાયેલી પરિસ્થિતિ અગાઉની પરિસ્થિતિએ જઈ, સ્થિર થઈ, બદલાવ પછીની પરિસ્થિતિ સાથે સરખામણી કરતું થાય છે અને બદલાયેલી પરિસ્થિતિનો ક્યાસ કાઢવાની મનની મથામણ એને મુંઝવણમાં મૂકે છે અને ત્યારે આ મુંઝાયેલું મન સતત અગાઉની સ્થિતિ અને એનાથી અગાઉની સ્થિતિ તરફ ઘસડાતું જાય છે અને બદલાયેલી સ્થિતિ સાથે સરખામણી કરતું જાય છે. પરંતુ આ બદલાવનો કોઈ પ્રતીતિકર ઉત્તર મેળવવામાં નિષ્ફળતા પ્રાપ્ત થતાં આપણું મન કહે છે કે જે બની રહ્યું છે એ કેવળ કર્મને આધીન છે. મનને સાંપડેલ આ ઉત્તર જ કદાચ સત્ય છે.

કોવિડ-૧૯ કે કોરોનાનો સમગ્ર વિશ્વ પરનો સકંજો એક એવી વૈશ્વિક ઘટના કે વાસ્તવિકતા છે જેનો ક્યારેય કોઈને કદીયે ખ્યાલ ન હતો. કોવિડ-૧૯ ને કારણે વિશ્વની દરેક પરિસ્થિતિઓમાં એવો પલટો આવ્યો છે જેની કદી કોઈએ કલ્પના કરી ન હતી. વૈશ્વિક પરિસ્થિતિઓમાં આવેલ આ બદલાવે વિશ્વને અવાચક્ કરી મૂકેલ છે. આ બદલાવ, પલટાનો વ્યાપ અસીમાંત છે. એના અંત માટેની કોઈ સીમારેખા નથી. એની અસર સમગ્ર જીવસૃષ્ટિ પર પડેલ છે. કોવિડ-૧૯ના વ્યાપ અને એની ગહનતાનો અહેસાસ, કોવિડ-૧૯ કાળ પૂર્વેની સ્થિતિ સાથેની સરખામણી પરથી જ આવે છે.

કોવિડ-૧૯ના વૈશ્વિક પ્રસાર પૂર્વે ઉદ્યોગો, પ્રવાસન, વ્યાપાર, સંદેશવ્યવહાર, શિક્ષણ, આરોગ્ય દરેક ક્ષેત્ર પ્રવૃત્તિઓથી ધમધમતું હતું અને આ દોડતા અશ્વોની લગામ અચાનક કોઈએ ખેંચી લીધી અને બધું જ ગતિહીન થઈ ગયું. અરે ! આપણી માનસિકતા, સંવેદના અને સંબંધોની આડે એક કવચ આવી ગયું. પણ આવું કેમ? કોણ સમગ્ર વિશ્વને આમ ભીંસમાં લઈ રહ્યું છે? અને એનો ઉત્તર આગળ જણાવ્યું એમ આપણા કર્મો છે. કદાચ હાસ્યાસ્પદ જણાતું હશે પરંતુ એ જ સત્ય છે. છેલ્લા સોએક વર્ષના વિશ્વ ઈતિહાસના પૃષ્ઠો ફેરવશું તો એ છૂપું નથી રહ્યું કે સમસ્ત જગત વર્ચસ્વ અને વિકાસને આદર્શ સમજીને એની યંત્રાણાઓ ગોઠવી રહ્યું છે. આ વિકાસ એટલે ભૌતિક

વિકાસ. વિશ્વનું દરેક રાષ્ટ્ર આજે ભૌતિકવાદી બની ચૂક્યું છે. આ ભૌતિક વિકાસ ભ્રામક છે અને આ કહેવાતા વિકાસ સાથે અન્ય પર આધિપત્ય, વર્ચસ્વ સ્થાપિત કરવું એ જ દરેકનું લક્ષ્ય રહે છે અને આ વિકાસ અને વર્ચસ્વના ભ્રામક વર્તુળમાં વિશ્વની યંત્રણાઓ ગોઠવાતી રહી છે. મોટે ભાગે આ કહેવાતા વિકાસ પાછળ માનવ કલ્યાણનો ઉદ્દેશ દર્શાવવામાં આવે છે પણ અહીં આંતરિક સ્પર્ધાત્મક વલણ રહેલું હોય છે જે ભૌતિક વિકાસ માટે કુદરત સાથે અનુચિત વ્યવહાર કરવા પ્રેરે છે. આ ભૌતિક વિકાસની ગેલછા શરૂઆતમાં કુદરત સાથેના આ દુઃવ્યવહારમાં થોડો ખચકાટનો ભાવ ઊભો કરતી હતી પણ માનવજાતને ધીરે ધીરે બધું કોઠે પડતું ગયું અને માનવી બેફામ બનતો ગયો. વીતેલા સેંકડામાં માનવે જળ, જમીન અને વાયુ સાથે ભયંકર અત્યાચાર કર્યો છે અને એને કારણે કુદરતમાં જે સંતુલન હતું એ ખોરવાયું છે. કુદરતે માનવીને વારંવાર ચેતવ્યા પણ માનવીએ ક્યારેય એ ચેતવણીને ગણકારી નહીં અને ત્યારે કુદરતે એને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. કુદરતે માનવીને યાદ અપાવ્યું કે જે કુદરતનો એ અંશ છે એની સાથે એણે ભયંકર આતંકી આચરણ કર્યું છે અને એનું પરિણામ એણે ભોગવવું જ પડશે અને પરિણામ સ્વરૂપે આજની કોવિડ-૧૯ની સ્થિતિ આવી. બધું જ બદલાઈ ગયું, સ્થગિત થઈ ગયું. માનવી લાચાર બની ગયો. એની પાસે એક જ ઉપાય રહ્યો, પ્રાર્થના. આજની સ્થિતિ માટે ચીનને કારણભૂત ગણવામાં આવે છે પણ ચીન તો એક નિમિત્ત છે. જે થયું એ વિશ્વ સમસ્તમાં માનવીએ આચરેલા કર્મોનું જ ફળ છે. ચીન કદાચ કુદરત સાથેના અવિચારી દુઃવ્યવહારમાં અગ્રિમ હશે અને આ કર્માધીનતાની વાતમાં કશું અતાર્કિક નથી. આ વિશ્વ કાર્ય-કારણની શ્રૃંખલાને આધારે જ ચાલી રહ્યું છે. માનવી હજી નહીં સમજે તો એણે વધુ ભયંકર સમય માટે તૈયાર રહેવું પડશે. આજે વિશ્વયુદ્ધના ભણકારા થઈ રહ્યા છે. શું આ વધુ ભયંકર અને યાતનામય સમયના ઓછાયા તો નથી ને ! આજની આ સ્થિતિ આપણને પાછા ફરીને જોવાને મજબૂર કરી રહી છે. આપણું મન અતીતમાં લઈ જાય છે અને અતીત સાથેની સરખામણી મતિમૂઢતાની દશામાં લાવી દે છે. આ છે બદલાવ.

આ પૂર્વભૂમિકાની પડછે આપણે આજે વાત તો કરવી છે ઉંબરે આવીને ઊભેલી દિવાળીની દિવાળી સમસ્ત ભારતવર્ષમાં ઉજવાતો એક મુખ્ય તહેવાર છે. આ તહેવાર કેવળ મોજમજા ભરી ઉજવણીનો નથી. પરંપરાગત દિવાળી એ દરેક ભારતીયના મનોભાવ સાથે વધુ સંબંધ ધરાવતો એક અનોખો તહેવાર છે. દિવાળી એ આનંદોત્સવ છે. દિવાળી દીપોત્સવી તરીકે પણ ઓળખાય છે. દીપક એ પ્રકાશનો પર્યાય છે. દીપમાલા અથવા દીપકની પંક્તિ એટલે દિવાળી. આમ દિવાળી સાથે પ્રકાશ, ઉત્સાહ, ઉમંગ, ઉલ્લાસ જેવા મનોગત ભાવો જોડાયેલા છે. આ ખેતીપ્રધાન દેશમાં ખેડૂતો હવે પરવાર્યા છે. વિપુલ પાક એમની સમૃદ્ધિનો દ્યોતક છે. ખેડૂત હવે આનંદ અને ઉલ્લાસમાં છે. આજના દિવસે રામે રાવણનો વધ કર્યો અને રામનો રાજ્યાભિષેક થયો. હવે રામરાજ્યની સ્થાપના

થઈ છે. રામરાજ્ય એટલે પ્રજાની સુખાકારી. દિવાળીના આ દિવસ સાથે બલિરાજાની કથા પણ જોડાયેલી છે. આમ દિવાળી એટલે સૌના મનમાં ઉછળતા, ઉભરતા આનંદ, ઉલ્લાસ અને ઉમંગની અભિવ્યક્તિ. આ ઉલ્લાસ મહેનત અને પુરુષાર્થથી જેનું સર્જન થયું છે એવી સમૃદ્ધિથી સભર છે અને આ સુખ, સમૃદ્ધિ ઈશ્વરની કૃપાથી મળેલ છે. દીપમાલાઓ કે એકાદ દીપક પણ જે પ્રકાશ લાવે છે એ ઈશ્વર પ્રત્યેનો અહોભાવ દર્શાવે છે. આ રોશની અંધકારનો ક્ષય કરે છે. આસુરી તત્વોને હણીને દિવ્યતાનો પ્રકાશ એટલે જ દીપોત્સવી. આ તો થઈ ગ્રામ્યજીવન, કૃષિકારોના જીવનમાં પરંપરાગત એકરૂપ થયેલ દિવાળીની ભાવના. વ્યાપારીઓ અને શહેરીજનોના જીવનમાં પણ દિવાળી સાત્ત્વિકતાથી જ પ્રકટ થાય છે. શારદાપૂજન અને લક્ષ્મીપૂજન એ ઈશ્વરકૃપા પ્રત્યેનો અહોભાવ અને ઈશ્વરની કૃપા વરસતી રહે એ માટેની પ્રાર્થના છે. આ મનોભાવો અને જીવનના આંતરિક પ્રવાહો ઉપરાંત તમામ જનજીવનમાં બાહ્ય સ્વરૂપે આનંદ અને ઉલ્લાસમય ઉજવણી થતી હોય છે. આ દીપ ઉત્સવમાં આ થઈ દિવાળીની પરંપરાગત પ્રથા અને પ્રવાહોની વાત.

સમયના વહેણ સાથે આ દીપ ઉત્સવમાં પરિવર્તન આવતું ગયું છે. એક સમયે જે પ્રથા અને એ પ્રથા પરત્વેની શ્રદ્ધા અને જનજીવનમાં વ્યાપ્ત મનોભાવના હતી તે મંદગતિએ ઓસરવા માંડી છે. શ્રદ્ધા અને મનોગત ભાવોમાંની આંતરિક સત્ત્વશીલતા ક્ષીણ થતી રહી છે અને એનું સ્થાન ઔપચારિકતા અને આનંદ અને ઉજવણીના બાહ્ય સ્વરૂપોએ લઈ લીધું છે. એક નાનકડા કોડિયામાં પુરાતું સ્નેહન અને એમાંથી પ્રકટતી જ્યોતિ એ શ્રદ્ધા અને ઈશ્વરકૃપા પ્રત્યેની પૂજનીયતા અને પ્રાર્થનાની અભિવ્યક્તિ હતી. મનોભાવોની આ સત્ત્વશીલતા હવે લુપ્ત થઈ રહી છે. આવાસોની અટારીઓ પરની દીપમાળાઓ અને રંગોળીઓનો રંગવૈભવ બાહ્ય શણગાર અને ઔપચારિકતાઓનું લીંપણ માત્ર બની રહ્યાં છે. ક્યાં છે લીંપેલા આંગણ પર સપ્તરંગી રંગોથી રચાતા મનના મેઘધનુષ અને ક્યાં છે પેલા કોડિયાની ટમટમટતી જ્યોતિ લઈ આકાશ તરફ જઈ રહેલી અલૌકિક દિવ્યતા? હવે તો વીજળીની સ્વીચથી પ્રગટે છે અને એ જ સ્વીચથી આથમી જાય છે દિવ્યતા !

એ દિવસોમાં ૨૧ દિવસનું દિવાળીનું વેકેશન વર્ષનો સૌથી ઉત્તમ સમય. ફટાકડાનું અજબ આકર્ષણ હતું ત્યારે. ચોપડા પૂજનમાં દોતમાં નવી શાહી ભરી બરૂના કિત્તાથી રોજમેળના પૂજાના પાનાં પર અક્ષરો પાડતા એનો રોમાંચ હવે ક્યાં છે? પૂજાના પાના પર મૂકેલ નાગરવેલનું પાન, સોપારી, એકાદ ફળ, ફૂલ બધું હવે સ્મૃતિમાં સાચવવાની વસ્તુ બની ગયાં. કમ્પ્યુટરના આવવાથી ચોપડાપૂજનનું મહાત્મ્ય હવે નામશેષ થઈ ગયું છે. પરંપરાગત દિવાળી અને ગઈકાલ સુધીની દિવાળીનો આ બદલાવ.

અને આજે દિવાળી આવી પહોંચી છે. અલગ, ક્યારેય નહીં આવેલી દિવાળી બારણે આવી ઊભી છે. દીપક હજી પ્રકટશે. કોઈ પ્રાંગણમાં દીપમાળાની જ્યોતપંક્તિ ટમટમશે. શાળાઓ બંધ

છે. હવે વેકેશન તો ક્યારનું પડી ગયું છે. શાળા ક્યારે શરૂ થશે એ જ અનિશ્ચિત છે. ધંધાઓ પડી ભાંગ્યા છે અને ફરી પગભર થવાની મથામણમાં છે. ચહેરાઓ પર ઉલ્લાસની જગ્યાએ ચિંતાની રેખાઓ અંકાઈ છે. દિવાળીમાં બક્ષીસોની આપ-લે, બોનસ, મિઠાઈ, સગાં, સ્નેહીઓ, મિત્રોના ઘરે આવજાવ. દરેક સામે કેટકેટલા પ્રશ્નચિહ્નો અવાક્ થઈ ઊભા છે. આજે કોઈએ સૌની સાથે ઘરોબો કેળવ્યો હોય તો એ છે લોકડાઉન. આ તહેવારમાં સૌના મનમાં અને ચહેરા પર આનંદ, ઉત્સાહ, ઉમંગ છલકતા ત્યાં આજે અનિશ્ચિતતા, ચિંતા, નિરાશા છવાયેલી છે. ચિંતા છે આવનારા દિવસોની, ભવિષ્યની.

પરંતુ આ અંધકારમાં પણ એક કોડિયું ટમટમી રહ્યું છે. એની ટમટમતી જ્યોતમાંથી આશાનાં કિરણો રેલાઈ રહ્યાં છે. ઝાંખા અજવાસમાં એક ઉર્ધ્વગામી પથ ઉઘડતો જાય છે. એ પથ પર પગલાં માંડતાં જ મંદ ધ્વનિમાં કોઈના શબ્દો સંભળાય છે એ ધ્વનિ તો મંદ છે પણ એ શબ્દોનો રણકાર નક્કર છે.

‘‘’હું કોરોના, મને તારી સાથે કોઈ શત્રુતા નથી. પરંતુ તું અહંકારમાં છકી ગયેલો. હું તારા આ અહંકારને છિન્નભિન્ન કરવા જ આવ્યો છું. તને જિંદગીની સચ્ચાઈના પાઠ ભણાવવા જ હું આવ્યો છું. તું ભૌતિકવાદના રવાડે ચડી ગયો છે. તું ભૂલી ગયો છે કે આ પૃથ્વી પર માનવી સિવાય ઘણુંબધું છે. અહીં પશુ છે, પક્ષીઓ છે, વૃક્ષો ને વેલીઓ, નદીઓ અને સરોવરો, પર્વતોને સમુદ્રો છે. તું પણ એ સૌમાંનો એક છે. વિકાસના ઓઠા હેઠે તું એના અસ્તિવ સાથે છેડછાડ ન કરી શકે. તું કેમ ભૂલી જાય છે કે સર્જનહારે સર્વના સહઅસ્તિત્વ સાથે જ આ સૃષ્ટિની રચના કરી છે. સર્જનહારની સૃષ્ટિનું સંતુલન ખોરવી નાખવાનો અક્ષમ્ય અપરાધ તેં કર્યો છે અને આ અપરાધની સજા તું આજે ભોગવી રહ્યો છે. હજી ચેતી જા.’’

‘‘સર્જનહારે તને અમાપ સામર્થ્ય આપ્યું છે અને આ સામર્થ્ય તને સન્મુખ ઊભી થયેલ આપત્તિઓ સામે સંઘર્ષ કરી એને પાર કરવા માટે છે. વર્ચસ્વ અને આધિપત્ય સ્થાપવા માટે નહીં. સંવાદિતા સાથેનું સહઅસ્તિત્વ એ જ તારું સામર્થ્ય છે.’’

આ દિવાળીએ સર્જનહારના આ સંદેશને સમજીએ અને આ કપરા કાળ સામે સાચી સમજ સાથે સંઘર્ષ કરીએ. તમામ ચહેરાઓ પર વિલાયલું સ્મિત ફરી પ્રકટી ઉઠશે.

દૂર સુમધૂર સ્વરે કોઈ ગાઈ રહ્યું હતું.

‘એક વો ભી દિવાલી થી, એક યે ભી...’’

**શુભ દીપાવલી – નવ વર્ષની શુભેચ્છા**

# પ્રમુખશ્રીની કલમે

ડો. મંજુલા વી. શાહ

## કચ્છી રમતોત્સવ – ગઈ કાલ – આજ – આવતી કાલ

નીચેની નામાવલીમાંથી આપ કોઈને ઓળખતા હો તો એ વ્યક્તિઓ આજે ક્યાં છે? શું કરે છે?

(૧) ૧૯૭૫માં મહારાષ્ટ્ર એમેચ્યોર જિમ્નેસ્ટિક એસોસી. તરફથી સમગ્ર મહારાષ્ટ્ર રાજ્યની .. હરીફાઈમાં પ્રાગપુરના શ્રી જિતેન્દ્ર વિશનજી રતનશી સોનીએ ૧૬ વર્ષની વયે પ્રથમ વિજેતા બની ગોલ્ડ મેડલ અને સ્ટેટ ચેમ્પિયનનું સર્ટિફીકેટ મેળવેલ. (૨) નવીનચંદ્ર પ્રેમજી દેઢિયાએ સેવાસમાજના લાલજીભાઈ શિલ્ડ મેળવેલ (૩) શાળાના વિદ્યાર્થીઓમાં ''ડુંગરશીભાઈ શિલ્ડ'' મેળવનાર ગેલડાના સૈયા ભરત પ્રેમજી (૪) વડાલાના મર્ચંટ મેહુલ દામજી ભગ્વીરા નીતા ભીમશી, શિસપુર (૬) અજીતા મેઘજી હીરજી સાવલા (વાંકી) (૭) તંગાઈ હીતેન રામનપત્રી (૮) દેઢિયા કિશોર મોણશી (ભુજપુર) (૯) દેઢિયા રવિલાલ કેશવજી (૧૦) દેઢિયા સંજય નેમચંદ (ગા. ખાખર) (૧૧) ગોસર ભાનુ ઉમરશી ચાંચાસર (૧૨) સંગોઈ હર્ષા દેવજી-ટોડ (૧૩) અરૂણા કરમશી-ભુજપુર (૧૪) સંગોઈ નીતા રામજી-ખપત્રી (૧૫) છેડા એકાકતી કાંતિલાલ મોખા (૧૬) ગાલા હેમલ તારાચંદ રાયધણજર (૧૭) ધરોડ રાજેશ ખીમજી પત્રી (૧૮) ગોગરી જય અને સંજય નવીનચંદ્ર, કપાયા (૧૯) ફરિયા બીના પ્રેમજી-બિદડા (૨૦) ગાલા ભાર, પ્રેમજી-વડાલા (૨૧) ગાલા વર્ષા દેવજી-વડાલા. આ બધા રમતોત્સવના ચેમ્પિયન હતા. ...ના ૧૦ વર્ષની વયે ઉર્વી હસમુખ કાનજી કરાટે ટુર્નામેન્ટમાં ઓલ ઈંડિયા યુનાઈટેડ ફેડરેશન દ્વારા મહારાષ્ટ્રમાં યોજાયેલ સ્પર્ધામાં ''કાવ્યામા'' દ્વિતીય ''કુમિતે''માં તૃતીય સ્થાન ૫ ગયેલ. (૧૯૯૧) ૯ વર્ષની વયે શીતલ તારાચંદ રાજદર ગજરે સ્વિમિંગની વિવિધ હરીફાઈઓમાં બ્રોંઝ, સિલ્વર, ગોલ્ડ મેડલ મે તારાચંદ વેલ (૧૯૮૭) અને ૧૯૮૬માં Y.M.C.A. તરફથી યોજાયેલ હરિફાઈમાં બીજા ક્રમાંકે. આજે ક્યાં છે આ બધા રમતવીરો? કુ. ઝરણા મંજુબેન, ચંદ્રેશ પાસડ દેઢિયા સ્વિમિંગમાં રાજ્યકક્ષાએ જે સિદ્ધિઓ મેળવેલ છે એનાથી કોઈ અજાણ નથી. પરંતુ એમનું લક્ષ્ય આ ફીલ્ડમાં આગળ વધવાનું ન હતું. એમનું **vision** પહેલેથી આર્મીમાં જઈ દેશસેવા કરવાની ઉચ્ચ ભાવના હતી જે ખરેખર એમણે સિદ્ધ કરી. પોતાની દીકરીને સૈન્યમાં મોકલવી એ માટે પથ્થર દિલ જોઈએ. એમના માતાપિતાને પણ વંદન (૨) ક.વિ.ઓ. સેવા સમાજ દ્વારા રમતોત્સવમાં ૧૯૮૨થી વિવિધ હરીફાઈઓમાં ભાગ લેનાર કુ.ગીતા લક્ષ્મીબેન ટોકરશી ગાલાએ વડાલા પોતાની ચેમ્પિયનશિપ ૧૦૦૦ સુધી સતત જાળવી

રાખેલ તેઓના આ વર્ષો દરમિયાન લગ્ન પણ થઈ ગયેલ. સાસરિયા પક્ષે બેરાજાના હરેન ચંચળબેન પોપટભાઈ, એનો પણ આ સિદ્ધિ મેળવવામાં કંચબેન હ્યો. કુટુંબની જવાબદારી વધતાં સ્વિમિંગને શોખ ભુલાઈ ગયો. પરંતુ દેરાવાસી અને સ્થાનકવાસી મહાજનો દ્વારા પહેલી વખત શરૂ થયેલ ૨૧૬ રોયલ અંતરા કચ્છી ઓલિમ્પિયાની સ્વિમિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવેલ. સ્વિમિંગ એમનો શોખ હતો જો એમનું લક્ષ્ય ઓલિમ્પિક નેશનલ લેવલ સુધી પહોંચવાનું હોય તો આજ એ ખરેખર એ લેવલ સુધી પહોંચી શકત.

આજે શ્રી મુલુંડ કચ્છી વિશા ઓસવાલ સમાજ અંતર્ગત શ્રી ટોકરશી મોરારજી ગોસર (ડુમરા) સ્પોર્ટસ સ્કોલરશિપ ફંડ સમિતિ સમાજના ખેલાડીઓને આહવાન આપે છે. મહારાષ્ટ્ર સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિકમાં ભાગ લેવા માટે ૨૦૧૯માં આપણા સમાજના ૨૦ રમતવીરોએ ભાગ લીધેલ અને ૫૪ મેડલ્સ મેળવેલ. આ હરીફાઈમાં  હરીફો ૫ સિનિયર સિટિઝન હતા જેમણે ૧૦૦,૨૦૦,૪૦૦,૮૦૦,૧૫૦૦ મી.ની દોડમાં ભાગ લીધેલ, મેડલ મેળવેલ. તદુપરાંત ભાલા ફેંક, ગોળા ફેંક, ચક્ર ફેંક, ટ્રિપલ જમ્પ, લોંગ જમ્પ, ૨૦૦મી. ચોક વગેરે હરીફાઈઓ હતી. આ એમનો શોખ અથવા એ રમત માટે ખરા મનથી ઉછળતો પ્રેમ જેનાથી તેઓ આ લેવલે પહોંચ્યા. ૨૦૧૭માં 'નેશનલ એથ્લેટિક મીટ' દ્વારા યોજાયેલ આપણા સમાજના ૧૫ ખેલાડીઓએ સિંગલ  મેડલ મેળવેલ. ૨૦૧૮માં ૧૬ ખેલાડીઓએ ભાગ લીધેલ, ૭૦ મેડલ જીતેલ. ૨૦૧૯માં ૧૭ ખેલાડીઓએ ભાગ લીધેલ, ૩૦ મેડલ જીતેલ.

આજે ગામગામનાં મંડળો રમતગમત ક્ષેત્રે જાગૃત થઈ ગયા છે અને પોતાના ગામ માટે સ્પોર્ટસ, બોક્ષ ક્રિકેટ, વગેરે જેવી રમતોનું આ આયોજન થયું હોય છે જેનાથી અત્યાર સુધી યુવાવર્ગ ગામની પ્રવૃત્તિઓથી વિમુખ હતો તેઓ રસ લેતા થઈ ગયા છે અને ભાગળ .. ભાગ પણ હોંશે હોંશે લે છે. શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન અને શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન સંયુક્ત રીતે છેલ્લા ત્રણ વર્ષથી મેરેથોનનું આયોજન કરે છે તે સમાજ માટે પ્રેરણાદાયી છે. આ આયોજન ખૂબ જ શિસ્તપૂર્વક થાય છે. સવારના ૫ વાગ્યાથી શરૂઆત થાય અને ભાગ લેનાર બાળકો, આબાલવૃદ્ધો સૌ કોઈ હાજર થઈ જાય તે પણ ખૂબ મોટી સંખ્યામાં. (આશરે ૭થી ૭ હજાર) એ બંને મહાજનની સિદ્ધિ થઈ કહેવાય. મેરેથોન થકી સ્લોગન આપેલ છે. ''સ્વસ્થ સમાજ-સમૃદ્ધ સમાજ''. સેવા સમાજનું સ્લોયગન છે. ''વ્યસનમુક્ત સમાજ''. શું આપણે આટલેથી અટકી જવાનું છે? આપણી કચ્છીયતને વિશ્વ સુધી નથી પહોંચાડવી. એ આપણી રમતગમત ક્ષેત્રે આવતી કાલ હશે. એ માટે H.I.P. અને M.I.P. બન્ને જરૂરી છે.

– શેરડી

મો: ૯૩૭૨૮૮૧૨૮૦

# પગદંડીને પત્ર

✽ આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ ✽

## ક.વિ.ઓ. સમાજને નમ્ર અપીલ

આપણી જ્ઞાતિના શુભ પ્રસંગો જેવા કે પહેડી- લગ્ન પ્રસંગ - દીક્ષા સમારંભ-સંસ્થાકીય પ્રોગ્રામો તેમ જ અન્ય પ્રસંગોએ આપણે મોટી સંખ્યામાં હાજરી આપીએ છીએ, ત્યાં પ્રસંગને અનુરૂપ બહુ વિચારીને આયોજન કરવામાં આવે છે.

આમાં પાયાની જરૂરિયાત શૌચાલયો વિશે ભાગ્યે જ કોઈ વિચારે છે. દરેક સ્થળે ૨થી ૩ ટોઈલેટને ૪થી ૫ મૂતરડી અને લેડીઝો માટે ત્રણેક ટોઈલેટ હોય છે. જેવો ઈન્ટરવલ પડે કે કાર્યક્રમ પતે એટલે લોકો દોડે છે પરંતુ ઓછી સંખ્યાની મૂતરડી- શૌચાલયો હોવાથી ઘણી વાર લાગે છે જેથી ઘણા લોકો પછી જશું કે ઘરે પહોંચીને જશું વિચારે છે. જેનાથી ઈન્ફેક્શન થાય છે ને કિડનીના રોગો ઉત્પન્ન થાય છે. જેની ખબર પડતી નથી.

આથી સમગ્ર સમાજને નમ્ર વિનંતી કે હવે તો પોર્ટેબલ ગ્રાઉન્ડ લેવલ શૌચાલયો ઘણાં સુંદર, એ/સીને ટક્કર મારે તેવા પંખાવાળાં અને સુશોભિત હોય છે જે ડેકોરેટરને કહેવાથી મંગાવી આપે છે, તેમ જ વાડી અને મેદાનોના માલિકો આના ઉપર ધ્યાન આપશે ને શૌચાલયોની સંખ્યા વધારશે તો આભાર થશે. અંતમાં સૌનું સ્વાસ્થ્ય સારું રહે એવી અભિલાષા.

**– વસંતલાલ ગડા (ભેલપૂરી)**
બી-૩/૩૦૨, કમલાનગર સોસાયટી,
એમ. જી. રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ

## અન્તર મમ વિકસિત કરો

**(રાગ ભૈરવી; તાલ દાદરા)**

અન્તર મમ વિકસિત કરો અન્તરતમ હે!
નિર્મળ કરો, ઉજજવલ કરો, સુંદર કરો હે - અ૦
જાગ્રત કરો, ઉદ્યત કરો, નિર્ભય કરો હે,
મંગલ કરો નિરલસ નિસંશય કરો હે - અ૦
યુક્ત કરો હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ,
સંચાર કરો સકલ કર્મે શાન્ત તોમાર છંદ - અ૦
ચરણપદ્મે મમ ચિત્ત નિષ્પંદિત કરો હે,
નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે - અ૦

જિંદગીમાં દરેક પાસે
એક સ્વપ્ન હોવું જોઈએ,
કારણ કે તેને પૂરું કરવામાં
જિંદગીને એક ઉદ્દેશ મળી જાય છે.

✽ ✽ ✽

સર્જનાત્મકતા એ અસ્તિત્વનો સૌથી મોટો વિદ્રોહ છે. તમારે સર્જન કરવું હોય તો બધાં બંધનો ત્યાગવાં જોઈએ. નહીં તો સર્જનાત્મકતા નકલ સિવાય બીજું કંઈ જ નહીં હોય.

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

**૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.**
**ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪**
**www.luckybaghouse.com**

# પ્રતિભાવ-પ્રતિસાદ

**આ વિભાગમાં 'પગદંડી'માં પ્રસિદ્ધ થયેલ લેખ, કાવ્ય અને અન્ય સાહિત્યના સંદર્ભે વાચકોનો પ્રતિભાવ-લેખકનો પ્રતિસાદ આવકાર્ય છે.**

હમ દો હમારે...

**– વિસનજી જાદવજી ધરોડ**

પત્રી, કચ્છ, મલાડ-ઈસ્ટ
૯૩૨૦૮૪૮૮૪૫

માર્ચ ૨૦૨૦ના અંકમાં ભાઈ શ્રી સંજય વિસનજી છેડાનો લેખ ''હમ દો હમારે...'' વાંચી પ્રતિભાવ રૂપે મારા વિચાર રજૂ કરું છું. સંજયભાઈની વ્યથા (ચિંતા) સમયોચિત છે. જો લેખને સમજવામાં મારી ભૂલ ન થતી હોય તો... ''હમ દો હમારા એક'' આ વિચાર યોગ્ય નથી એવું સંજયભાઈનું માનવું છે. આવી વિચારસરણીને કારણે આપણી વસ્તી ઘટતી જાય છે. કચ્છમાં આપણા ગામડામાં સ્મશાનવત્ શાંતિ ભાસે છે. છેલ્લાં થોડાં વર્ષોમાં નાની ઉંમરમાં મૃત્યુના કારણે અને એક બાળકના પ્રચલનના કારણે શહેરોમાં પણ વસ્તી ઘટી રહી છે એ નિઃસંકોચ વાત છે. અવિવાહિત છોકરા-છોકરીનું વધતું પ્રમાણ આ વાતની સાબિતી છે. ફક્ત ૫૦ કે ૭૫ વર્ષ પહેલાં આપણા સમાજમાં સરેરાશ છ સંતાનો પ્રત્યેક મા-બાપ (યુગલ)ને હતાં. આજે ફક્ત એક. આના ફાયદા ગણાવનારા પણ હશે, પણ નુકસાન તરફ પણ ધ્યાન હોવું જોઈએ. કોઈ યુગલે આજથી વીસ વર્ષ પહેલાં એક જ બાળકને જન્મ આપ્યો છે, આજે એ બાળક માંદગીથી, રોડ કે રેલવે એક્સિડન્ટથી, આપઘાત, ખૂનથી મૃત્યુ પામે અને હવે આ યુગલને બીજું બાળક થવાની શક્યતા ન હોય તો... વિચાર કરો એમના ભવિષ્યની, મનસ્થિતિની! જો એ બાળક એકનો એક છોકરો હોય.. લગ્ન પછી મા-બાપથી જુદો થઈ જાય.. કડવાશ એટલી વધી જાય કે મા-બાપની સામે પણ ન જોતો હોય તો... વિચાર કરો એ મા-બાપની હાલતની.

પણ જો આવાં મા-બાપને બેથી વધારે સંતાન હોય તો એવું બને કે એક તો સપૂત પાકે જેના હૃદયમાં ધર્મ હોય અને મા-બાપને ભગવાન માની પાળતો હોય પછી ભલેને સૂકો રોટલો ને છાશ ખવડાવવાની ત્રેવડ હોય.

જો એક જ સંતાન હોય અને એ સાત વ્યસનોમાંના કોઈ એક વ્યસનનો શિકાર બની જાય તો... જો એ એકનું એક સંતાન રાતોરાત કરોડપતિ બનવાના ચક્કરમાં શેરબજાર, સટ્ટાબજાર, IPL મેચોના સટ્ટામાં લાખો રૂપિયા હારી જાય.. અને આપઘાત કરી બેસે તો...

જો એકનું એક સંતાન કપાતર પાકે અને મા-બાપને માંડવી આશ્રમમાં મૂકી આવે તો...

એકના એક સંતાનને, વધુ સારા ભવિષ્ય માટે, મા-બાપ ઉચ્ચ અભ્યાસ અને સારા પેકેજ માટે યુ.એસ.એ. કે લંડન મોકલે, પછી ત્યાંની ઝાક-ઝમાળ અને ભૌતિક સુખોની રેલમછેલમાં અટવાઈ એ જ સંતાન ત્યાં સ્થાયી થઈ જાય... તો... છોકરાને હવે ઈન્ડિયા ગમતું નથી, મા-બાપને ત્યાં ફાવતું નથી.

એક દિગંબર જૈન મુનિને મેં જાતે જોયા અને સાંભળ્યા છે કે, ''હમ દો હમારા એક'' આ પ્રથાને કારણે, ૧૪૦ વર્ષ પછી જૈનોનો આ પૃથ્વી પર વિલુપ્ત જાતિમાં સમાવેશ થઈ જશે.

પ્રિય વાચકો તમને નથી લાગતું કે ઉપરની વાતમાં કાંઈ તથ્ય છે. કંઈ સાર છે? તો ચાલો K.V.O. સમાજનાં પરિણીત યુગલોને વિનંતી કે ભાઈ શ્રી સંજય વિસનજી છેડાનો, માર્ચ ૨૦૨૦નો લેખ વાંચે... ફરી ફરી વાંચે... મંથન કરે. પોતાના અને સમાજના હિતમાં યોગ્ય નિર્ણય લે.

❁ ❁ ❁

## વાડાઓમાં પુરાયેલો ધર્મ

**– દામજી સાવલા, મુલુંડ**

ફેબ્રુઆરી ૨૦૨૦ના અંકમાં ઉપરોક્ત મથાળા નીચે લીલાધર માણેક ગડાનો લેખ છે.

એ લેખને અંતે કવિતારૂપે ''ધર્મ'' વિશે રજૂઆત છે, માહિતી છે, આનંદદાયક વ્યંગ છે. કચ્છની ખેતીની મજાની વાતો, કચ્છી ભાષામાં ખેતર તથા ઘેટાના રૂપક દ્વારા રજૂ કરીને લેખકે સુંદર ચિત્ર રજૂ કર્યું છે. લેખક લખે છે કે અલગ અલગ વિભાગોમાં કે વાડાઓમાં વહેંચાયેલો ધર્મ ''આં વારો, અસાં વારો, ફલાણો વારો'' કોઈ એક સિદ્ધાંત રજૂ કરી શકતા નથી એટલે એ ધર્મ આપણા કામનો નથી.

લેખક છેલ્લા ફકરામાં બે વાત રજૂ કરે છે. (૧) એક સામાન્ય માનવી, ગુણીજન, જે પોતાની દૈનિક પ્રવૃત્તિમાં અને સ્વ ઉપાર્જનના વ્યવસાયમાં મશગૂલ છે. એને ધર્મ શું છે એ શિખડાવવાની જરૂરત નથી. એવા ગુણીજનને લેખકે ખૂબ ખૂબ બિરદાવ્યો છે. (૨) એ જ પ્રમાણે સામાન્ય ધાર્મિક વ્યક્તિ જ્યારે વિવિધ સંપ્રદાયના ટોળામાં દાખલ થાય છે ત્યારે ટોળાશાહીમાં સમાજને નુકસાનકર્તા કાર્યો કરવામાં પણ એ ખેંચાઈ જાય છે, એને ખેંચાવું પડે છે.

ઉપરોક્ત વાતો સિવાય, સામાન્ય ધાર્મિક ગુરુઓ જે પ્રમાણે ભક્તોને ભરમાવે છે એ જ પ્રમાણે લેખકે ભારેખમ શબ્દો જેવા કે - ઈશ્વરનું દર્શન, ઈશ્વરને પામવું, યોગ્ય ગુરુ મળવો, આત્માનું કર્તવ્ય, ઈશ્વરનો સાક્ષાત્કાર, આત્મલક્ષી કે કર્મલક્ષી ધર્મ વગેરે વગેરે તેમ જ ક્યારેક ગીતાના કોઈ અધ્યાયને સંસ્કૃત ભાષામાં ટાંકવાનું વગેરે રજૂ કરીને સામાન્ય માણસને ગોળ ગોળ વાતો દ્વારા ભરમાવવાનું જ કાર્ય કર્યું છે. આવી પદ્ધતિ સામાન્ય રીતે ચાલાક ધાર્મિક હોય છે.

લેખકે ભારેખમ શબ્દો દ્વારા ધાર્મિક અંધશ્રદ્ધાને ઉત્તેજન આપવાનું જ ... કર્યું છે.

❁ ❁ ❁

## સત્કાર સમારંભોમાં સુધારણા

**– ડૉ. ચંદ્રકાન્ત દેઢીયા**

નાની ખાખર-અમદાવાદ

મો. ૯૭૨૬૮ ૨૦૧૮૪

પગદંડીનો માર્ચ ૨૦૨૦નો અંક કોરોના લોકડાઉનને કારણે હમણાં જ હાથવગો થયો. આ અંકના તંત્રીલેખમાં સત્કાર 'સત્કાર સમારંભોમાં સુધારણા-સમયની માંગ' એ અંગે જે દીશા સૂચન કરાયું, તેના બહુ જ સુખદ સ્વાનુભવની રજૂઆત કરવી છે.

વાતને સમગ્રતયા સમજવા માટે અતીતમાં ડોકિયું કરવું રહ્યું. વાત છે વર્ષ ૧૯૮૯ની. કાનજી રવજી પરિવારને શોભે, એ પ્રમાણે દીકરાના લગ્ન મુંબઈમાં સંપન્ન થઈ ગયા હતા. મોટી દીકરીના લગ્ન પણ વિધિવિધાન સાથે અમેરિકા ખાતે કરવામાં આવ્યા હતા અને હવે અમારી નાની દીકરી ફાલ્ગુનીના લગ્ન લેવાના હતા. હું સરકારમાં ઉચ્ચ હોદ્દાની સાથે, 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ'ના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી રહ્યો હતો. મારાં પત્ની ચંદ્રિકા 'કચ્છી મહિલા સમાજ'ના પ્રમુખ તરીકે સક્રિય રીતે કાર્યરત

હતાં. અન્ય સામાજિક સંગઠનોમાં પણ અમે એટલાં જ સક્રિય રીતે જોડાયેલા હતા. એટલે સ્વાભાવિકપણે, દીકરીનો પ્રસંગ અમદાવાદ ખાતે માણવા સૌ સ્નેહી સ્વજનો પણ આતુર હતા. પરંતુ દીકરી ફાલ્ગુની અને જમાઈ હિરેને સાદાઈથી લગ્ન કરવાનું ઠેરવ્યું. અમે એમના નિર્ણયને માન્ય રાખ્યો. જોકે ઉભય પક્ષે અન્ય વડીલો અને મિત્રોએ આ નિર્ણય સામે નાનો-મોટો વાંધો ઉઠાવ્યો જ હતો. ઘરમાં પહેલો પ્રસંગ, છેલ્લો પ્રસંગ, પહેલી દીકરીના લગ્ન અને નાના દીકરાના વિવાહ... એમ કંઈ કેટલાય મજબૂત તર્ક મળી જ જતાં હોય છે, ધામધૂમ કરવા માટેના, અથવા મોટાઈનું પ્રદર્શન કરવા માટેના. પૈસેટકે પહોંચતા લોકો આવા પ્રસંગોને પોતાની પહોંચનું પ્રદર્શન કરી અહમ્‌ને પોષવાનું સાધન બનાવે છે. જ્યારે સામાન્ય સ્થિતિના લોકો, સમાજમાં આબરૂ જવાની બીકે, 'આટલું તો કરવું જ પડે'ના દબાણમાં આવીને, ચાદર કરતાંય પગ લાંબા કરવા, લોન લઈ કે ઉધાર લઈને પ્રસંગ પાર પાડવા કોશિશ કરતા હોય છે પણ અમને આનંદ હતો કે દીકરી અને જમાઈ એમના વિચારોમાં અડગ હતા. અમારા ઘરમાં જ રજીસ્ટ્રારને બોલાવી, માત્ર ૩૩ જણાની હાજરીમાં લગ્ન થયા. સાંજે લગભગ ૮૦-૧૦૦ સ્વજનોની ઉપસ્થિતિમાં નાનું ફંક્શન થયું. જેને સત્કાર સમારંભને બદલે સ્નેહ મિલન સમારંભ કહેવું વધુ ઉચિત રહે... કોઈ સ્ટેજ નહીં, કોઈ લાઈન નહીં, સુરુચિ ભોજનનો આસ્વાદ માણતાં મહેમાનોની વચ્ચે વર-વધુ હાસ્ય વિનોદ સાથે ફરતાં રહ્યા. બધાને ખરા અર્થમાં મળતાં રહ્યાં અને આનંદ સહ સૌ છુટા પડ્યા.

૩૧ વર્ષ પહેલાં, સમાજના પરંપરાગત (ચીલાચાલુ) લગ્ન સમારંભને બદલે સકારાત્મક પરિવર્તનનાં સુખદ સંભારણાનું પુનરાવર્તન તાજેતરમાં બીજી પેઢીમાં પણ જોવા મળ્યું. ૨૦૧૫માં અમારી દોહિત્રીના લગ્ન માત્ર ૨ જણની હાજરીમાં અમેરિકા ખાતે કુદરતના ખોળે, બગીચામાં થયા. ૨૦૧૮માં દોહિત્રના લગ્ન પણ ૧૨ આમંત્રિતોની હાજરીમાં અમેરિકા ખાતે તેમના મકાનની પરસાળમાં થયાં. આ બંને બાળકોના લગ્ન પરિવારજનોની રાજી-ખુશી અને સંમતિથી થયા હોવા છતાં, એમના માતા-પિતા પણ એમના લગ્નમાં ખાલી હાજરી પૂરાવા માટે ગયા ન હતા.

જોગાનુજોગ આ બંને યુગલ ગત ડિસેમ્બરમાં અમદાવાદ આવી રહ્યા હતા. એટલે અમારા બંને વેવાઈ પક્ષના પરિવારજનો સાથેના સ્નેહમિલનનો એક કાર્યક્રમ રાખ્યો હતો. જેથી બંને પક્ષના પરિવારજનોનો પરિચય થઈ શકે.

ઉભય પક્ષના સભ્યો એકબીજાના વ્યક્તિગત પરિચયમાં આવી શકે અને પરિવારના અન્ય સ્વજનોને મળી શકે, એ આ સ્નેહમિલનનો ઉદ્દેશ્ય હતો. જે હોલમાં આ સમારંભ યોજાયો હતો ત્યાં સ્વબાવિક રીતે સજાવેલું એક સ્ટેજ તૈયાર જ હતું પણ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન એ ખાલી રહ્યું. કારણ કે બંને નવયુગલો, આમંત્રિતોની વચ્ચે મુક્ત રીતે મહાલતાં હતાં વ્યક્તિગત રીતે સૌને મળતાં હતાં. સંગીત અને નૃત્ય પણ કાર્યક્રમમાં સમાવિષ્ટ હતા. પણ વ્યવસાયી કલાકારોને બદલે પરિજનો અને મિત્રોએ આ કામ કરતાં ભરપૂર આનંદ માણ્યો...

ખરેખર તો બાહ્ય આડંબર કે દેખાવથી જ વધુ ખુશી મળે છે એ ભ્રમણા ભાંગવી જરૂરી છે. સાદી પણ એટલી જ સુંદર લાગશે. એટલી જ ખુશી આપશે. સાદાઈને એક તક તો આપી જુઓ...

*Designer Wedding Cards*

GEMINI™ ARTS

જેમિની આર્ટ સ્ટુડિઓની મુલાકાત
લેવા અમારૂં ભાવભીનું નિમંત્રણ
૪૦ વર્ષ પૂર્ણ કરી ૪૧ માં વર્ષમાં પદાર્પણ

૭, ઘામટ ટેરેસ, ૧ લે માળે, શગુન હૉટલ ની ઉપર,
સુવિધા શોપ ની બાજુમા, દાદર વેસ્ટર્ન રેલ્વે સ્ટેશનની સામે

**Mob.: 9820062029 Tel.: 2422 6055 / 2422 8311**

# મુલચંદ લાલજી એન્ડ કું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**NEWSPRINT, NEWSGLAZED, LWC & PRINTING PAPER**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai-400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**E-mail:** ntdc@vsnl.com • **Mobile:** +91 98210 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai-400 001.

# પગ મેં ભમરી

લીલાધર માણેક ગડા

## હસ્તકળાનું મંદિર (LLDC)

એ દેશ કે એ પ્રજા પોતાની સંસ્કૃતિ ટકાવી શકે છે જે દેશ કે પ્રજા એની કલા (તમામ પ્રકારની કલા)ની યોગ્ય રીતે જાળવણી કરે છે. કલાની યોગ્ય જાળવણી ત્યારે જ થાય જ્યારે એનો સતત વિકાસ થતો રહે અને કલાનો સતત વિકાસ ત્યારે થાય જ્યારે એમાં પ્રજાની સામેલગીરી હોય અને એને રાજ્યાશ્રય મળે. કોઈ એકલદોકલ વ્યક્તિ કલાની જાળવણી ત્યારે કરી શકે જ્યારે એની પાસે સારી માત્રામાં સંસાધનો (Resources) હોય. કળાની સાધના કે ઉપાસના કલાકાર કરે પરંતુ કલાકારને એની આજીવિકા તથા અન્ય પળોજણમાંથી મુક્ત રાખવો ઘટે.

છેક પુરાણકાળથી કલાને રાજ્યાશ્રય મળતો રહ્યો છે. ધર્મ ક્યારેક જુદા રૂપે કલામાં વિઘ્ન-અવરોધ ઉત્પન્ન કરે છે. એક ધર્મ પાળતા શાસક બીજા ધર્મ પાળતા શાસકની કલાકૃતિઓને હાનિ પહોંચાડે, ધ્વંસ કરે એવા દાખલાઓ ભૂતકાળમાં થયા છે અને વર્તમાન સમયમાં પણ થાય છે. આવા છૂટાછવાયા બનાવો કે ઘટનાઓને નજરઅંદાજ તો ન જ કરી શકાય. ઉત્તમ શિલ્પો અને શિલ્પોથી સુશોભિત મંદિરોમાં મધ્યકાલીન કાળથી અત્યાર સુધી, હાલ ઘડી સુધી તોડફોડ થાય છે, તોડી નાખવામાં આવે છે. મધ્યકાલીન સમયે ભારતમાં સંગીત, નૃત્ય, ચિત્રકલા જેવી લલિતકળાઓને એક તરફ રાજ્યાશ્રય મળતો હતો જ્યારે બીજી તરફ ઔરંગઝેબ જેવા ધર્માંધ રાજવીએ એનું નખ્ખોદ વાળ્યું હતું.

ભારતમાં અંગ્રેજોના શાસન દરમ્યાન આપણી પ્રાચીન કલાઓની વિશેષતઃ શિલ્પકળાઓની ઉત્તમોત્તમ જાળવણી થઈ. ઈલોરા, અજંટા, કોનાર્ક, ખજૂરાહો, ઈત્યાદિ ગુફાઓ કે મંદિરોની જાળવણી માટે વિશેષ કાર્યવાહી થઈ. આ સમયગાળા દરમ્યાન સંગીત, નૃત્યને રજવાડાંઓ તરફથી રાજ્યાશ્રય મળ્યો. એના કલાકારોને રાજવીઓ સાચવી લેતા જ્યારે ચિત્રકલા, શિલ્પકળા ઈત્યાદિને શ્રીમંત પરિવારોએ ઉત્તેજન આપ્યું. શિક્ષણનો પ્રભાવ વધ્યો એટલે સાહિત્યકારોની પણ કદર થવા લાગી અને લલિતકળાઓ સુપેરે સચવાઈ રહી. સંગીત અને નૃત્યકલા સાથે કેટલાક રાજવીઓ એટલા ઓતપ્રોત થઈ ગયા હતા કે તેઓ રાજવી પહેલાં છે કે કલાકાર પહેલાં છે એ કળવું મુશ્કેલ બની જાય છે. વાજીદઅલી શાહ અચ્છા નૃત્યકાર હતા, સંગીત મર્મજ્ઞી હતા અને સાહિત્યકાર પણ હતા. કહેવાય છે કે ભારતીય સંગીતમાં ઠૂમરી એમની દેન છે. મયૂરભંજ રાજઘરાનાનો છાઉ લોકનૃત્ય એક હિસ્સો

બની ગયો છે અને સ્વયં રાજવી છાઉ નૃત્યમાં ભાગ લે છે.

કેટલીક કલાઓને પ્રજા સ્વયં સાચવે છે, કારણ કે એ કલા-કારીગીરી જનજીવનનો એક હિસ્સો બની જાય છે. જેમાં હસ્તકલા, મુખ્ય છે. હસ્તકલા ગળથૂથીમાં મળતી કલા છે અને પેઢી દર પેઢી વારસામાં મળતી રહે છે. હસ્તકલા આજીવિકાનું સાધન પણ બની રહે છે. હસ્તકલા ગ્રામ્યજીવનની ધરોહર છે.

બ્રિટિશ શાસનકાળ દરમ્યાન કલાઓને વધુ લોકભોગ્ય બનાવવામાં આવી અને આ પ્રવૃત્તિમાં કલાપ્રેમી શ્રીમંતોએ વધારે રુચિ દાખવી. ઘણાં ઉદ્યોગ ગૃહો કે માલેતુજાર પરિવારોએ કલાકારો પોતાની કલાઓ પ્રદર્શિત કરી શકે તે માટે આર્ટ ગેલેરીઓ, થીએટરો વગેરે બંધાવી આપ્યાં. ચિત્રકારોનાં ચિત્રો, શિલ્પો ઈત્યાદિની ખરીદી કરી તેમનાં ઘરો, દીવાનખાનાઓ, શયનગૃહો, ઓફિસો ઈત્યાદિમાં મુકાવ્યાં. સંગીતકારોની મહેફિલો ગોઠવી તેમને પ્રોત્સાહન અને આજીવિકા બંને આપે છે. આઝાદી પછી આ પ્રવૃત્તિઓએ વેગ પકડ્યો છે, ઘણી કલાઓ અને ઘણા કલાકારોને સતત ઉત્તેજન આપવું, પ્રોત્સાહન આપવું એ સરળ નથી. એ ઊંડી સમજ, શ્રમ અને સંપત્તિ માગે છે અને જે સમાજ કે દેશ આ નથી કરી શકતો તે દેશ પોતાની સંસ્કૃતિ અને ઉમદા પરંપરાઓ જાળવી પણ નથી શકતો.

હસ્તકલાઓ, લોકસંગીત, લોકસાહિત્ય અને એના કસબીઓને પોષવા, ઉત્તેજન આપવું અન એની જાળવણી કરવી એ જુદો અભિગમ માગે છે. અહીં, તહીં અને સર્વત્ર, દેશમાં ચોતરફ, ખૂણેખાંચરે, એનું સંવર્ધન કરવું બહુ જ કઠિન અને વ્યાપક કાર્ય છે. છતાં આ વિશ્વમાં ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ (N.G.O.) આ પ્રવૃત્તિને જ પોતાનો મુખ્ય એજન્ડા બનાવે છે ત્યારે એનાં પરિણામો બહુ જ સારાં આવે છે. આવી સંસ્થાઓની દૃષ્ટિ વિશાળ હોય છે, દૂરંદેશીભરી હોય છે. ઘણી વખત એમને સામા પ્રવાહે તરવું પડે છે, બદલાતી અર્થવ્યવસ્થા, સમાજ વ્યવસ્થા અને કળાને સમજવાની દૃષ્ટિ વચ્ચે પરંપરાગત હસ્તકલાઓ અને એની સાથે જોડાયેલા વ્યવસાયોને ટકાવવા માટે સંઘર્ષ કરવો પડે છે. પ્રાથમિકતા કોને આપવી એની દુવિધા હોય છે, કારણ કે સંશોધનો મર્યાદિત હોય છે.

ધરતીકંપ પછી કચ્છમાં આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં ઘણો બદલાવ આવ્યો છે. ઔદ્યોગીકરણની દોટમાં પારંપરિક વ્યવસાયો અને કલાઓ પાછળ ન રહી જાય તેની આગમચેતી કચ્છની સંસ્થા કચ્છ નવનિર્માણ અભિયાને દાખવી અને ત્યારપછી એમાં જોડાયો શ્રોફ પરિવાર. અમદાવાદમાં સારાભાઈ પરિવાર સાથે સંલગ્ન સ્વૈચ્છિક સંસ્થા નરેશ યુથ સેન્ટર અને અભિયાને ધરતીકંપ પછીના ત્રીજા વર્ષે ખમીર સંસ્થાની સ્થાપના કરી. ખમીર સંસ્થાનું ટૂંકું નામ છે પરંતુ એનું મૂળ નામ છે Kutch Heritage & Music Information Resource Centre. દરેક શબ્દનાં પ્રથમ અક્ષરને લઈ Khamir ખમીર જેવું યથાયોગ્ય નામ સંસ્થાને આપવામાં આવ્યું. આ સંસ્થા અને એની કામગીરી અંગે પગમેં ભમરીમાં અગાઉ મેં લખ્યું છે એટલે પુનરાવર્તન નહીં કરું અને એને બદલે શ્રોફ પરિવારે દીર્ઘદૃષ્ટિથી કચ્છ માટે જે કર્યું છે એની વાત કરીશ. વિશેષતઃ હસ્તકલા અને એની સાથે જોડાયેલા પરિવારો માટે અદ્‌ભુત કામ કર્યું છે.

આજથી પાંચ દાયકા અગાઉ કચ્છમાં પાણીની અછત ઘણી હતી. ઉપરાછાપરી પડતા દુષ્કાળોએ કચ્છની કમર તોડી નાખી હતી ત્યારે પાણી બચત (water conservation), પશુ સંવર્ધન અને સૂકી ખેતી અંગે વિશ્વ પ્રયોગો અને આયોજન માટે વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ (VRTI)ની સ્થાપના કરી હતી જેનો મૂળ વિચાર સ્વપ્નદ્રષ્ટા કાંતિસેન શ્રોફનો હતો. લગાતાર ત્રણ દુષ્કાળો વખતે ગ્રામ્યજનોને હસ્તગત હસ્તકલા દ્વારા, ભરતગૂંથણ વડે પરિવારોને આજીવિકા ઉપલબ્ધ કરી આપવાનું સ્વપ્ન પૂજ્ય કાકી ચંદાબેન કાંતિસેન શ્રોફે સેવ્યું હતું અને એમાંથી સૃજન સંસ્થાનું સર્જન થયું જે આજે વિશ્વવિખ્યાત સંસ્થા બની છે. પૂ. કાકીના કાર્ય વિષે પગમેં ભમરીમાં ‘આંગળીને ટેરવે સૃજન’ નામે લેખ લખ્યો હતો.

શ્રોફ પરિવારે એક નવા વિચાર સાથે નવી સંસ્થા આજથી પાંચેક વર્ષ પહેલાં ઊભી કરી જેનો મુખ્ય ઉદ્દેશ છે કચ્છની સદીઓ જૂની પરંપરાગત હસ્તકલા... ખાસ કરીને કાપડ ઉપરનું વિવિધ ભરત, ભરતનાં જુદા જુદા પ્રકારો, બાંધણી, અજરખ પ્રિન્ટ ઈત્યાદિને જાળવી રાખવા મ્યુઝીઅમનું નિર્માણ. હું એને મ્યુઝીઅમ ને બદલે હસ્તકલાનું મંદિર કહીશ. સંસ્થાનું અંગ્રેજી નામ છે Living and learning Design Centre. શ્રોફ પરિવારે હસ્તકલા મંદિરનું નિર્માણ ૧૦ એકર પટમાં રૂા. પંદર કરોડના ખર્ચે કર્યું છે. લાગતની રકમ રૂા. પંદર કરોડ શ્રોફ પરિવાર સાથે સંલગ્ન કંપનીઓએ અનુદાન સ્વરૂપે આપી છે.

હેન્ડિક્રાફ્ટ મ્યુઝીઅમ - હસ્તકળા મંદિરના નિર્માણનો વિચાર કાંતિકાકા, સૃજન સંસ્થા અને શ્રોફ પરિવારના મનમાં દાયકાથી ઘોળાતો હતો. ચંદાકાકીને કલા જાળવણી માટેનું આંતરરાષ્ટ્રીય પારિતોષિક (રૂા. ૨૫ લાખ) અને રોલેક્સ એવોર્ડ મળ્યું ત્યારે તેમણે આ રકમ મ્યુઝીઅમના નિર્માણ માટે આપવાનો નિશ્ચય કર્યો અને તેને કારણે મૂળ વિચારને વેગ મળ્યો. શ્રોફ પરિવારે આંતરરાષ્ટ્રીય કક્ષાનું મ્યુઝીઅમ બનાવવાનો સંકલ્પ કર્યો.

ભૂજથી ભચાઉ હાઈવે પર ભૂજથી ૧૨ કિ. મી.ના અંતરે લાખોદ ગામ પાસે લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર (LLDC) કેમ્પસમાં હસ્તકલાનું મ્યુઝીઅમ નિર્માણ પામ્યું છે. કચ્છની તમામે તમામ હસ્તકલાઓને ત્યાં મૂર્ત સ્વરૂપ આપવામાં આવ્યું છે. દરેક કલાના નમૂનાઓ; ભરતકામ, બાંધણી, છપાઈ, વણાટનું વીડીઓ પર લાઈવ રેકોર્ડિંગ દર્શાવવામાં આવે છે. દરેક વસ્ત્રને પહેરવાની જાતિ પ્રમાણે જુદી જુદી રીતો પ્રદર્શિત છે. કચ્છની દરેક કોમ પાઘડી કેવી રીતે પહેરે છે તે વીડીઓ દ્વારા આપ જોઈ શકો છો. પચાસ હજાર ફૂટના બાંધકામમાં નીચે સુંદર મિની થીએટર પણ છે. હસ્તકલા મંદિર જોવા અડધો દિવસ ઓછો પડે. તેવી જ રીતે એનું વર્ણન કરવામાં આલેખન પણ ઊણું ઊતરે. આપની ભૂજની મુલાકાત વખતે એક આખો દિવસ LLDC, સૃજન અને ભૂજોડીમાં ભારતની આઝાદી સંગ્રામનું મ્યુઝીઅમ વંદેમાતરમ જોવા માટે અનામત રાખશો.

LLDC હું એને હસ્તકલા મંદિર કહીશ. એના સંચાલકો છેલ્લા બે વર્ષથી ત્યાં નવી પ્રવૃત્તિ કરે છે. ભારતનાં જુદા જુદા રાજ્યની સાથે સાંસ્કૃતિક આદાનપ્રદાનનું આયોજન કરે છે. ભારતના જુદા રાજ્ય કે વિસ્તારનું લોકજીવન, લોકસંગીત,

લોકનૃત્યો, હેન્ડિક્રાફ્ટ્સ, અંગેની ઝાંખી કરાવતી ચાર-પાંચ દિવસની કાર્યશાળા (Workshop) ગોઠવે છે. વિવિધ કલાના સોએક કલાકારોને કચ્છ બોલાવે છે. તેઓ પોતાની કલા અને હુન્નરની રજૂઆત કરે છે. જેની હારોહાર કચ્છના કલાકારો પોતાની કલાનાં કામણ પાથરે છે. ગયા વર્ષે ઈશાન રાજ્યોના કલાકારો પધાર્યા હતા.

આ વર્ષે ૧૯ જાન્યુ.થી ૨૩ જાન્યુ. પાંચ દિવસ દરમ્યાન કચ્છ અને કાશ્મીરના થીમ સાથેનો મહોત્સવ ઊજવાયો. દરરોજ સાંજે ચારથી રાત્રે દસ સુધી (છ કલાક) લોકસંગીત, લોકનૃત્યો (કચ્છ અને જમ્મુ કાશ્મીરનાં)ની રજૂઆત થતી હતી. બહુ જ કિફાયત ભાવે બન્ને પ્રદેશોની વાનગીઓ સાથે ભોજનની પણ વ્યવસ્થા હતી. કાશ્મીરનાં શાકાહારી વ્યંજનો પીરસવામાં આવતાં હતાં અને તે પણ સામાન્યજનને પરવડી શકે તેવા દરે મળતાં હતાં.

કાશ્મીરના ગાયક કલાકારોએ કાશ્મીરનું સૂફી સંગીત રજૂ કર્યું હતું જેને પ્રેક્ષકો તરફથી સારી દાદ મળી હતી. જમ્મુ અને કાશ્મીરનાં લોકનૃત્યોએ પણ સારું આકર્ષણ જમાવ્યું હતું. પાંચેપાંચ દિવસ રસિક પ્રેક્ષકોની સારી હાજરી હતી.

વચ્ચે એક દિવસ સવારે ૧૦.૩૦ કલાકે કચ્છના બુદ્ધિજીવીઓ સાથે જમ્મુકાશ્મીરથી આવેલા પ્રતિનિધિમંડળના સભ્યો સાથે કાશ્મીરની વર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગે મોકળા મને વાર્તાલાપ થયો જે બહુ જ રસપ્રદ હતો. કાશ્મીરની મૌજુદા હાલત વિષે તેમની વાણીમાં દર્દ ટપકતું હતું. એમને એવું લાગતું હતું કે દેશ એક તરફ છે અને કાશ્મીર એક તરફ છે. ચાર ચાર મહિનાથી સગાંસંબંધીઓ વિષે, એમની હાલત વિષે અમને કોઈ માહિતી ઉપલબ્ધ નથી. એક ભાઈએ ઘેરા દર્દ સાથે કહ્યું કે ‘‘સન્નાટા ઈતના છાયા હૈ કી તીતલી ભી પંખ નહીં હિલાતી ઔર જવાનોં કી બૂટસે નીકલતી આવાઝ ડરાવની હૈ.’’

એક ભાઈએ જુદા જ સૂરમાં પોતાનું દુઃખ વ્યક્ત કર્યું... દાયકાઓથી અમને અમારા જ લોકોએ લૂંટ્યા છે, આજે... ખબર નથી સરકારનાં નવાં પગલાઓથી અમારી પાસે શું રહેશે. અમારા દુઃખ અને ગ્લાનિ વચ્ચે આપના કચ્છે અમને શુકુન આપ્યું છે. ઈન્સાલ્લાહ અમારા કાશ્મીરમાં બહુ જલદી બધું વ્યવસ્થિત થઈ જાય.

બે પ્રદેશો વચ્ચે એકાત્મતા સાધવાની પહેલ કરનાર શ્રોફ પરિવાર માટે, એમની પ્રશસ્તિ માટે, નવા અભિગમ માટે સો સો સલામ.

ફોન : ૯૮૭૯૫૦૬૦૫૯


**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૬૨

# પગદંડી

અંક : ૧૨ માર્ચ - ૨૦૨૦

*-: માનદ્ તંત્રીઓ :-*

**અશ્વિન માલદે, શાંતિ રાંભિયા, ચંદ્રકાન્ત નંદુ**

મુદ્રક-પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ : શ્રી ક.વિ.ઓ.દે. નવી મહાજનવાડી, ૩જે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં. : ૨૩૭૧ ૪૬૭૪

**www.kvoss.org • email : ksevasamaj@gmail.com**

**મુદ્રણસ્થાન : મેઘાર્ટ કલર કાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૩. ☎ ફોન નં.: ૨૪૯૨ ૧૯૬૪

*-: લવાજમ :-*

વાર્ષિક: રૂા. ૧૦૦/-, પંચવાર્ષિક: રૂા. ૪૦૦/-
આજીવન ૧૫ વર્ષ: રૂા. ૧,૦૦૦/-, છૂટક નકલ: રૂા. ૧૫/-
વિદેશ માટે અમેરિકન ડોલર ડ્રાફ્ટથી ત્રિવાર્ષિક: ૫૦

**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# આમ્રવૃક્ષ

ડૉ. ગિરીશ વીછીવોરા

આખું વરસ જડસુની જેમ ઊભો રહે. પાણીને ખાતર ખાતો રહે. થોડીક વધારે માવજત પણ માગે. એના થડને જીવાત ન લાગે એટલા માટે ગેરુઓ રંગ થડ પર ચોપડવો પડે. કહેવત છે કે ઉતાવળે આંબા ન પાકે. તથ્ય છે એ કહેવતમાં. બચપણમાં એમ પણ સાંભળ્યું છે કે જે આંબો રોપે તે એના ફળ ન ખાઈ શકે. અલબત્ત બન્ને કહેવતનો અર્થ બહુધા સરખો જ છે. કેરીનો ગોટલો ક્યાંક પડ્યો હોય. વરસાદમાં ભીંજાય પાણી પીએ ને છોડવું ફૂટે. એને પછી રીતસર ખાડો કરી રોપાય ને ખાતર પાણી અપાતાં જ રહે. એક જમાનામાં ઝાડ પર ફળ લાગે તેને દશ-પંદર વર્ષ નીકળી જતાં. હવે તો કલમનો કસબ વિકસ્યો છે. બધું ફિલ્મી ઢબે થાય છે. વેપારી દૃષ્ટિ વધુ વિફરી છે. ફળ મોટું, કેમ જલદી પાકે એવું ને સ્વાદિષ્ટ હોવું જોઈએ.

હેમંત ઋતુ પૂરી થવા આવે કે આંબાના ઝાડમાં સળવળાટ ઊપડે. શિશિરમાં એ અછાનો ન રહે. આંબાને ફૂલ આવે. મંજરી. મંજરીથી ભર્યોભાદર્યો આંબો સોહામણો ભાસે. એના રૂપરંગ બધું બદલાઈ જાય. અંગડાઈ લઈ આળસ મરડી ઊભો થાય ને આખી દુનિયાનું તેજ એના મુખારવિંદ પર વર્તાઈ રહે. એના પર્ણ જે બહુધા કર્કશને નમાલાં હતાં તેમાં જીવંતતા આવે. નવાં પર્ણો ફૂટે. પ્રથમ લાલ ચટાક, સૂર્યપ્રકાશમાં ચળકે. છેવટે લીલાશ પહેરે.

મંજરી નામ જ સંગીતમઢ્યું છે. તેમાં નૃત્ય માટીપગા માનવો માટે નથી. સ્વર્ગના દેવ ને ગાંધર્વ માટે છે. મંજરી ખાવાની એક ઓર લિજ્જત. તોડીને ખાઈએ તો આંબાને જરા પણ વસમું ન લાગે. મૂળે કુદરત એટલી ઉદાર છે કે બધું મબલક ઉપસાવે ભલે એમાંનું અર્ધું અહીંતહીં વપરાઈ જાય. પક્ષીઓ ખાઈ જાય એને પરવા નથી. કારણ એ બધું ફક્ત માનવી માટે નથી. બધા માટે છે. કુદરત બધાનો વિચાર કરે છે. મંજરી કાચી કૂણી માણસ ખાય. પક્ષીઓ પણ ચાંચ ડુબાવે થોડાક જ સમયમાં એમાં અસંખ્ય કેરીઓ તદ્દન લઘુસ્વરૂપે (miniature) ઊપસી ઊઠે. રોજ જોતાં, એમનામાં થતા ફેરફારથી આંખ પહોળી થાય. મરવો માણસ તો ખાય. પક્ષીઓને જ્યાફત થઈ જાય. મરવાનું શાક હોય ત્યારે એકાદ/બે રોટલી સહેજે વધુ ખાઈ જવાય.

મરવામાંથી છેવટે કેરી બહેન આગમન કરે. કેરીઓની વસ્તી ઊભી થઈ કે આંબો જુવાનીમાં આવી જાય. જાણે અદ્‌ભુત શણગાર સજી, કોઈ મહારાજાધિરાજ દરબાર ભરી બેઠા ન હોય! કેરીઓ, પક્ષીઓ ખાસ કરીને સુડા, પોપટ વગેરે આરોગે. એને તો સબ ભૂમિ ગોપાલ કી. એક કેરી પર જરાક ચાંચ દાબી ચાખે. નજરમાં બીજી ભરાઈ તો ઊડવા માટે પાંખ હાજર જ છે. ટપ કરતોકને ત્યાં બેસે. આમ પક્ષીઓ બહુધા ખાય એનાથી વધુ બગાડે. પક્ષીઓને ઉડાવવા ગોફણના ઘા થાય. પક્ષીઓ અંદરોઅંદર દાંત કાઢે. એ એટલા મૂરખ નથી કે પથ્થર ગોફણમાંથી છૂટ્યો, પોતાની તરફ આવતો જોયો ને એનો ઘા ખાવા બેસી રહે! એ તો સેકંડમાં જ જરાક અહીંતહીં હટે, પથ્થર ચૂકવે ને કેરી ફોલવાનું કામ અવિરત ચાલુ રાખે.

અલબત્ત કેરીઓ મોટી થાય, એમાં શાખ પડે યાને કે ઉતારો ને પાલામાં નાખો તો પાકે ત્યારે એક કેરી બગાડવી ખેડૂતને ન પાલવે. ફળસ્વરૂપ તકેદારી વધુ

રાખે છતાં અડધી ખાધેલી કેરી નીચે પડી તેને સંઘરે ને બીજે દિવસે શાક બનાવે. વધુ હોય તો ઓળખીતાને વહેંચે. કેરીનું શાક ને જવ યા ઘઉંની રોટલી બપોરે ખાવા મળી તો સ્વર્ગ ઢૂંકળું દેખાય.

કેરીઓને ઝાડ પરથી ઉતારવી એક કળા છે. મોટા ગંજાવર ઊંચા આંબાના ઝાડ પર ચડવું પડે. નીચે ચાર જણા જાડું કપડું ચારેકોર પકડી ઊભા હોય. કેરી તેમાં જ પડવી જોઈએ. નીચે જમીન પર પડી કે જખમાય ને પાકે ત્યારે ડાઘ પડે. ફળસ્વરૂપ નકામી બની જાય. જ્યાં માણસ ન પહોંચે ત્યાં લાંબા હાથવાળી ડાંગ, છેડે દાતરડા જેવું કંઈ બાંધેલું હોય તેનાથી ડાંડલો કાપી ઉતારે. ઝાડ ઓછા ઊંચા હોય તો ઉતારવી સરળ બને.

કેરીઓના ગંજ ખડકાય-ગાડામાં ગોઠવાય. ઘરે પહોંચે કે એક ખાસ ડેલો પરાળથી સજીધજી એમના સ્વાગત માટે તૈયાર બેઠો હોય. ગાડામાંથી કેરીઓ ઘરના આંગણામાં ઠલવાય. ટોપલીમાં ભરી ભરી ડેલીમાં લઈ જવાય, ત્યાં જરા સમજુ ને શાણો માણસ એમને હારબંધ ગોઠવી નીચે પરાળ હોય ને ઉપર પણ પરાળ પાથરી દે. એક ડેલો સંઘરી ન શકે તો બીજો તૈયાર હોય. બહુધા પાલામાં નાખેલી કેરીને પાકતાં અઠવાડિયું નીકળી જાય. ત્યારે કોઈને ઉતાવળ નો'તી. ન આંબાના ઝાડ પરથી ઉતારવાની ઉતાવળ ને જલદી પાકે તે માટે કોઈ પાઉડર લગાડવાની કરામતની ખબર નો'તી. કેરીઓ પ્રત્યે એમને આદરભાવ રહેતો. એક સુંદર ફળ આપણા ઘરમાં આવ્યું છે તેનો કેમ વધુમાં વધુ યોગ્ય ઉપયોગ થાય એવી નેમ રહેતી. કેરીઓ પાલામાં પાકતી રહે. અંદરોઅંદર કદાચ વાતચીત થતી હશે કોને ખબર. મને કેરીઓ આવી રીતે પરાળમાં પકાવવા ગોઠવાય એનું ગજબનું કૌતુક. છાનોમાનો રોજ ડેલામાં જઈ થોડીક ઊથલાવું. બાને ખબર પડે તો વઢે. કહે તને કોઈ હેરાન કરે તો કેવું લાગે? એમને શું કામ સુખચેનથી પડી રહેવા નથી દેતો? પાકશે ત્યારે બધી તારી જ છે.

છતાં બંદાનો મોહ ન છૂટે. મા દેરાસરમાં દર્શને જાય કે બંદા ડેલામાં ગરે. કેરીઓ ઊથલાવું. એમનો રોજ બદલાતો રંગ માણતો રહું. ક્યારેક એકાદને હાથમાં લઈ જરા ચાંપી જોઉં. નરમ ન ભાસે તો નકામી. એમ કરતાં જે દિવસે પાકેલી કેરી હાથવગી થઈ ને એને ચૂસી તે દિવસ મારા માટે સોનાનો થયો. બસ, પછી તો ડેલામાં આંટાફેરા શરૂ થઈ જાય. પાકેલી કેરી ચુસાતી હોય ને નજર અન્ય પર ફરતી રહે. બીજી વધારે પાકેલી ને વધુ દેખાવડી જોઈ કે હાથમાંની ચુસાતીનો થાય ઘા ને પેલી નવી ચુસાતી થાય. રોજ ડઝનબંધ કેરીઓનો ખુરદો, એમ ભાંડરડાં કરતાં હસું. કોઈ બોલે નહિ. છોકરાં ન ખાય તો કોણ ખાય.

કેરીઓ પાકે કે એમનો ગંજ ખડકાય. ગંજ જોઈ મા પોરસાય. કમી, કસબી, સગાવહાલા, ઓળખીતા-પાળખીતા બધાને સૂપડાભરી આપતી રહે. એના મુર્ખાર્વિંદ પર વર્તાતો સંતોષ હજી આજે પણ અકબંધ ઊભો છે. કેરીઓ ત્યારે બહુધા કોઈ વેચતું નહિ. છાશ મબલક મળે. દૂધ પણ કોઈ વેચતું નહિ. ઘી વેચવાનું શરૂ થયેલું. આમ જેમને ત્યાં પોતાની ખેતી ન હોય તેમને પણ કેરી ખાવા મળતી.

ખેતી ગઈ ને કેરી પણ ગઈ. મોટા ભાઈની નિગેહબાની હેઠળ એક આંબાનો રોપો રોપેલો. ખેતી ગઈ ત્યારે હજી નાનો હતો. થોડાં વર્ષ બાદ વેકેશનમાં ગામ ગયો ત્યારે જેણે ભાઈના અચાનક અવસાન બાદ ખેતી લીધી હતી તે સૂંડલો ભરી કેરી લાવ્યો. કહે, આ કેરી તમે રોપેલા આંબાની છે. તમને ખાસ દેવા આવ્યો છું. કેરીઓ જોઈ. મસમોટી સાઈઝની હતી. પ્રત્યેક કેરી પર ભાઈનો હસતો ચહેરો જોયો. હૈયું હાથ ન રહ્યું. પોક મૂકી રડ્યો. મા પણ રડી. એ આખો સૂંડલો આજુબાજુના બધાને વહેંચી દીધો. તે દિવસે ઘરમાં લીધેલી બીજી કેરી પણ કડવી ઝેર જેવી ભાસી. ન ખાધી.

# સમવાય

ગુલાબ દેઢિયા

સમવાય શબ્દના ઘણા અર્થ છે, સંયોગ, મેળ, રાશિ, સમૂહ, એકત્ર થવું, ઘનિષ્ઠ, અભેદ્ય, નિત્ય સંબંધ વગેરે.

આપણી આસપાસ કોઈ ઘટના ઘટે છે. કશુંક પ્રિય-અપ્રિય બને છે એ કાર્યની ઉત્પત્તિ માટે આપણે ઘણી વાર સામે દેખાતી એકાદ બાબતને જવાબદાર માનીએ છીએ. કાળ એવો છે માટે આમ થયું, કર્મ એવાં કર્યાં માટે આમ થયું અથવા બીજાએ આમ કર્યું માટે આમ થયું. આપણે સ્થળ, વ્યક્તિ કે કુદરતને કારણરૂપ માનીએ છીએ.

પરંતુ શાસ્ત્રો સૂચવે છે કે કોઈ એક નિમિત્ત કે કારણથી કશું ઊપજતું નથી. એ માટે 'સમવાય' એટલે નિમિત્તોનો સમૂહ કારણરૂપ છે. સંજોગ એવા નિર્માણ થવા જોઈએ તો એવું બને છે.

'કાલો સહાય વિચઈ પુવ્વકમં પુરિસ કારણે પાંચ,

સમવાયે સમ્મતં એગંને હોઈ મિચ્છતં.'

કોઈ પણ કાર્યની નિષ્પત્તિ-સિદ્ધિમાં પાંચ કારણ કે નિમિત્ત હોવાં જ જોઈએ. કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થ.

સમવાયનાં પાંચ કારણમાં કાળ એટલે સમય મહત્ત્વનો ભાગ ભજવે છે. શુભ કે અશુભ કર્મ સમય પાક્યે જ ફળ આપે છે. દરેક બનાવનો એક નક્કી સમય હોય છે. બીજ વાવવાની સાથે જ વૃક્ષ બની જતું નથી. વૃક્ષ ઊગતાંની સાથે જ ફળ નથી આવતાં. ઋતુ પ્રમાણે જ ફૂલ કે ફળ આવે છે. શરીરને રોગ લાગુ પડતાં જેમ સમય લાગે છે તેવી જ રીતે એ રોગને મટતાં પણ નિશ્ચિત કાળ જરૂરી છે.

ચક્રવર્તી મહારાજ ચાલિયા, કાળચક્રની ફેરીએ,
સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માગતાં શેરીએ.

ઘણા લોકો કાળનો આ રીતે અતિ પ્રભાવ કે પ્રતાપ જુએ છે. પરંતુ એ એકાંગી દૃષ્ટિ છે. જુવારના છોડ પર ચાર મહિને દાણા પાકે છે. એમાં કાળનો મહત્ત્વનો ફાળો છે પણ એકલો કાળ બધું નથી કરી શકતો. જુવારનું બિયારણ, જમીન, ખાતર, પાણી, સૂર્યપ્રકાશ વગેરે પણ પોતપોતાનો ભાગ ભજવે છે. ત્યારે આ ક્રમિક વિકાસ જોવા મળે છે.

ભરતીઓટ, દિવસરાત, ઋતુચક્ર, જન્મજરા-મરણ બધાં કાળની અદબ જાળવે છે. પરંતુ એટલા માત્રથી કાળને સૃષ્ટિ સંચાલક કે નિયંતા ન માની શકાય. કાળનો પ્રભાવ ત્યારે જોવા મળે છે જ્યારે અન્ય બાબતો પણ પોતાની રીતે કાર્યશીલ હોય છે.

સ્વભાવ એ બીજું નિમિત્ત છે. દરેક વસ્તુ પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે. બીજમાં વૃક્ષ બનવાનો સ્વભાવ છે. ઘઉંનો દાણો વાવીએ તો ઘઉંનો છોડ જ ઊગે છે. વસ્તુ પોતાના સ્વભાવને છોડતી નથી. અગ્નિ ગરમ જ હોય, લાકડું તરે, એ વસ્તુઓના સ્વભાવનાં ઉદાહરણ છે.

નિયતિ એટલે ભાગ્ય. દુકાળ કે અતિવૃષ્ટિ પાકનો નાશ કરે છે. નિયતિ માણસને નિર્ધારિત સ્થળે, તે જ સમયે ખેંચી જાય છે. ધાન્ય પાક્યાનો નિશ્ચય ગુણ પ્રગટ ન થાય તે પહેલાં છોડ ઉખેડી નાખવામાં આવે તો ધાન્ય ન પાકે. બધું પૂર્વ નિશ્ચિત છે, જે થવાનું છે તે થશે પછી કંઈ પણ શા માટે કરવું? એમ માની

બેસી રહેવું તે નિયતિવાદ છે. માત્ર પ્રારબ્ધને ભરોસે બેસી રહી પુરુષાર્થ ન કરવો એ યોગ્ય નથી. પુરુષાર્થ કરીએ તો નિયતિનું નિર્માણ થાય અને નિયતિમાં હોય તો પુરુષાર્થ કરવાનું સૂઝે. આમ પુરુષાર્થ અને પ્રારબ્ધ એક જ સિક્કાની બે બાજુ જેવા છે.

સમવાયમાં કર્મ પ્રભાવી તત્ત્વ છે. માનવી કર્મ અનુસાર સુખ કે દુઃખ પામે જ છે. શુભ કે અશુભ કર્મનો સંયોગ જીવને છોડતો નથી. કાળ, સ્વભાવ, પુરુષાર્થ બધું હોય પણ કર્મ વિપરીત હોય તો એ પ્રમાણે જ થતું જોવા મળે છે.

સમવાયનું પાંચમું કારણ પુરુષાર્થ સમજવા જેવું છે. સુધર્મની પ્રાપ્તિમાં પુરુષાર્થ મુખ્ય છે. માનવી અંતર્મુખ થાય અને જાતને ઓળખે અને પોતાના આત્માનો વિચાર કરે એ મોટો પુરુષાર્થ છે. સંજોગ અનુકૂળ કે પ્રતિકૂળ હોય પણ માનવી પુરુષાર્થ ચાલુ રાખે તો એ પ્રયત્ન નિષ્ફળ જતો નથી.

કર્મસત્તા બળવાન જરૂર છે છતાં એક સમયે જે પુરુષાર્થ કર્યો તે પછી ભાગ્ય બને છે. પૂર્વે જે પુરુષાર્થ કર્યો તેનું ફળ કર્મરૂપે અત્યારે મળે છે.

અણસમજુ પોતાને થયેલા નુકસાન, અન્યાય કે અનાદર માટે અન્યને જવાબદાર સમજે છે. પોતાની સફળતા કે લાભ માટે પોતાને વખાણે છે. જ્યારે સમજુ માણસ અન્ય કોઈને દોષિત સમજવા કરતાં વસ્તુ કે પ્રસંગના મૂળ સુધી જવા પ્રયત્ન કરે છે. તટસ્થતા જેવો વિરલ ગુણ સમવાયને સમજતાં પ્રાપ્ત થાય છે.

સમવાયને સમજીએ તો ઘણા લાભ થાય છે. સંતાપ ટળે છે. અન્ય લોકોને દુશ્મન, દ્વેષી કે દોષિત માનવામાંથી બચી શકાય છે. વેરભાવ ઘટે છે. મંદ કષાયી થવાય છે. સમયનું મૂલ્ય સમજાય છે. વસ્તુ કે ઘટનાને મૂલવવા અનેકાંતદૃષ્ટિ વિકસે છે. પુરુષાર્થ કરવા અને મંડ્યા રહેવાનું બળ મળે છે.

આપણું પોતાનું આંતરજગત અને આસપાસનું જગત દ્વન્દ્વોથી ભરેલું છે. સુખદુઃખ, જયપરાજય, માનઅપમાન, મિલનવિરહ, જન્મમરણના અનેકાનેક દ્વન્દ્વ સમજાતા નથી. જે કંઈ અપ્રિય બને છે તે ગમતું નથી. તે શા માટે થયું, ન થવું જોઈએ એમ માનીએ છીએ. જે પ્રિય છે તે ટકવું જ જોઈએ. તે ટકતું કેમ નથી એ પણ સમજાતું નથી. સમવાય સમજાય ત્યારે મનની શાંતિ વધે છે. બનવાકાળને સમ્યક્દૃષ્ટિએ જોઈ શકાય છે.

માત્ર સ્વને જ જોવા કરતાં અન્યની પરિસ્થિતિ જોતાં સમભાવ પ્રગટે છે. સમભાવ મૈત્રી લાવે છે. સમભાવ વિકસે ત્યારે અભય થવાય છે.

આ રીતે સમવાય એ જીવન જીવવાનો ઉત્તમ દૃષ્ટિકોણ છે. બધું જ બહુધર્મી, બહુ ગુણાત્મક છે. એ સમજાય ત્યારે વિચાર, વાણી, વર્તનમાં સૂક્ષ્મતા, ગહનતા અને તર્કબદ્ધતા આવે છે.

સમવાય એ જૈન તત્ત્વજ્ઞાનનો ઉદારતાભર્યો, અનેકાન્તભર્યો, તર્કબદ્ધ અને બહુ આયામી વિચારપૂંજ છે.

શાસ્ત્રોમાં આવતી ભવભવાંતરની કથાઓ નર્યા મનોરંજન માટે જ નથી. પરંતુ તે જીવનના અટપટા વિષચક્રને સમજાવે છે. કર્મની આંટીઘૂંટી દર્શાવે છે. મનુષ્યજન્મની દુર્લભતા બતાવે છે અને પુરુષાર્થ અને સત્કર્મોથી કેવી ભવ્ય ઉપલબ્ધિ થાય તેનો રાહ દર્શાવે છે.

સમવાય સમગ્રતા ટોટાલિટી જેવી અદ્ભુત વાત સમજાવે છે. અખિલાઈથી જોતાં શીખવે છે. સાક્ષીભાવ કેળવવા સહાયક થાય છે.

સમવાય સમજાય ત્યારે જીવનધ્યેય મળે છે. જીવન માટે ઉત્તમ શું છે, કરવા જેવું શું છે અને ન કરવા જેવું શું છે તે સમજાવે છે.

માત્ર સુથારનું મન બાવળિયે હોય એવું નથી. પ્રત્યેક વ્યાવસાયિક બીજાં કામ કરતી વખતે પણ પોતાના મૂળ ઉદ્દેશ્યને ભૂલતો નથી. સંગીતકાર, લેખક, વેપારી કે અન્ય કોઈ કામકાજ કરનાર પોતાના વ્યવસાયને મનમાં રાખે છે. પોતાનો લાભ સૌ કોઈ ઈચ્છે છે. સુથારનું મન બાવળિયે હોય, ભક્તનું મન શામળિયે હોય તેમ શ્રાવકનું મન સમવાયે હોવું જોઈએ.

'આઈસક્રીમ ખાધો અને શરદી થઈ', દર્દી એમ કહી દે પણ ડૉક્ટર એમ નહિ કહે. એ તો હવામાન, દર્દીનો કોઠો, આઈસક્રીમનું પ્રમાણ, ઋતુ, વાઈરલ બેક્ટેરિયા વગેરે અનેક શક્યતાઓને ધ્યાનમાં લે છે. આ બાબતો સમવાયનો વ્યાવહારિક પક્ષ દર્શાવે છે.

અનુકૂળતા મળે ત્યારે આશ્ચર્ય નથી થતું પણ પ્રતિકૂળતા મળતાં માણસ વિહ્‌વળ થઈ જાય છે. કુદરતી કે માનવસર્જિત આફતો, અકાળ મૃત્યુ, માંદગી, નિર્ધનતા, અનાદર, અન્યાય જેવી અનેક પ્રતિકૂળતાઓને એકાંગી દૃષ્ટિએ ન જોતાં સમવાયથી જોઈએ તો પ્રત્યેક ક્રિયા કે વસ્તુ પાછળનો ખરો ક્રમ સમજાય છે. અને એ ઘટનાના પ્રત્યાઘાત રૂપે નવાં કર્મ બાંધતાં અટકી જઈએ તે ખરો પુરુષાર્થ છે.

સમવાયની વિશિષ્ટ વિચારધારા સમજાય એ આત્મનિરીક્ષણનો માર્ગ છે. સમવાય સમતા અને અનેકાન્ત તરફ દોરી જતી પગદંડી છે.

મો. ૯૮૨૦૬૧૧૮૫૨

# વાત છે મારી-તારી-આપણી

શાંતા ધ. ગાલા-કોલ્હાપુર

## કેરળમાં કચ્છ

કેરળની સફરમાં અલેપ્પીમાં અનુભવેલો એક પ્રસંગ યાદ આવે છે. અલેપ્પી ગામ ખુદ ગમે એવું ન્હોતું પણ નદીના બૅક વોટર્સની સહેલ અતિ સુંદર હતી. ગામની બહાર પણ ચારે બાજુની હરિયાળી મનમોહક હતી. બૅક વૉટરની હોડીની સહેલ માણી ભોજન પશ્ચાત બધાં રૂમમાં આરામ ફરમાવતા હતા પણ આવા સુંદર સ્થળે આળોટવાનું ન ગમતાં હું હળવે પગલે બહાર નીકળી. મોનાલી તો પ્રચંડ પ્રકૃતિપ્રેમી 'ચાલ મમ્મી, ફરી આવીએ' કહી અમે બંને નીકળ્યાં તો મોટી નિવેદીતા પણ એની રૂમમાંથી 'ક્યાં જાઓ છો?' કરતી બહાર નીકળી.

અમે રસ્તા પર આગળ વધ્યાં. ઘેરી લાલ માટી અને અસંખ્ય પ્રકારની વનસ્પતીઓ, મોટાં વૃક્ષો જોતા આગળ વધ્યા તો એક વૃક્ષની છાયામાં રોપાની ગાડી દેખાઈ. નિવેદીતા અને હું ચાય પીવા એ ગાડી પાસે રોકાયા. ચા નો ઑર્ડર આપ્યો. ગાડી પર ખુણામાં જામફળની ઢગલી હતી. ગાડી વાળાને પૂછ્યું, 'બેચના હૈ ક્યા? કિતને મેં દોગે?'' ''હાં, મેડમ લે લો પચ્ચીસ મેં સબ.'' મેં નિવેદીતાને કીધું, ''સસ્તા અંઈ. ગની ગનબો કોરો? પણ કેં કે ખબર કેડા નકરધા? હતરા સસ્તા દે તો સે.'' ગાડી વાળો તરત બોલી ઉઠ્યો. ''બહેન, કચ્છી અયો? કચ્છથી અચોતા?'' અમે મા-દીકરી આશ્ચર્ય ચકીત થઈ એને જોઈ રહ્યાં. પૂછ્યું, ''લગે તા કેરાલીય. પણ કચ્છી સરસ અચેતો.'' તેં કહેવા લાગ્યો, ''ભુજ મેં નોકરી કઈ આય, પંજ-છ વરે. કચ્છી અચેતો. આંઈ જાયફળ ગનો જ. તાજા અંઈ. સડેલા ન નકરે.''

અને મેં કાન પકડ્યા. સામેના માણસની ટીકા ન કરવી. આપણી ભાષા એ શું સમજે એમ વિચારીને.

**– શાંતા ધ. ગાલા**

નમ્ર શ્રદ્ધાંજલિ

# ૪૪નો ગમખ્વાર ગોદી-ધડાકો : સેંકડો કચ્છીઓની જાનહાનિ, કરોડોની માલ-મિલકતોનો વિનાશ

પ્રવીણચંદ્ર શાહ

**એપ્રિલ, ૧૯૪૪ – એપ્રિલ ૨૦૨૦ :**

અવિરત ફરતા-ઘૂમતા રહેતા કાળચક્રની ગણતરીએ આ બે આંકડાઓ વચ્ચે ૭૬ વર્ષોનો ગાળો છે. ૭૬ વર્ષ પણ કંઈ સાવ ટૂંકો ગાળો નથી. છતાંય સાડાસાત દાયકા પહેલા સર્જાયેલી એક ગમખ્વાર, દારુણ અને વિઘાતક દુર્ઘટનાના ભોગ બનેલા પરિવારોના વંશજો, જેનો મોટો ભાગ કચ્છીઓનો હતો, તેને ઊંડા નિશ્વાસ સાથે યાદ કરે છે.

આ દુષ્વાર ઘટના મુંબઈના ગોદી ધડાકાની હતી, જે મુંબઈ સમગ્રના શહેરી ઈતિહાસનું એક કાળું, અત્યંત દુઃખદ પ્રકરણ બની ગયું છે.

ઈસવીસન ૧૯૪૪નું વરસ એટલે બીજા વિશ્વયુદ્ધનો સમયગાળો. સમગ્ર યુએઈ અને પૂર્વ એશિયા ખંડમાં આ ખૂનખાર યુદ્ધ ખેલાઈ રહ્યું હતું. તે દાયકાઓની દુનિયાની જેટલી પણ મહાસત્તાઓ કે સત્તાઓ હતી તે બધી જ આ બીજા વિશ્વયુદ્ધમાં સંડોવાયેલી હતી. બ્રિટન, ફ્રાંસ, જર્મની, જાપાન, અમેરિકા અને રશિયા - આ બધી જ સત્તાઓ, એમની લોખંડી પકડમાં ઝકડાયેલા દુનિયાના દેશો, મહાસત્તાઓની હોળીમાં નાળિયેર બનતાં હતાં.

આપણો દેશ ભારત હજુ બ્રિટિશ સામ્રાજ્યની ગુલામીમાંથી આઝાદ થયો નહોતો.

બીજા વિશ્વયુદ્ધમાં સામસામા જે બે મુખ્ય મોરચાઓ હતા તેમાં એક તરફ બ્રિટન, ફ્રાંસ, યુરોપના અગ્રણી દેશો, રશિયા અને અમેરિકા હતા. સામી બાજુએ હિટલરનું જર્મની અને એશિયાની સર્વસત્તા બનવાની મહત્ત્વાકાંક્ષાવાળું જાપાન હતાં. ભારત બ્રિટિશ સત્તા હેઠળ હોવાથી ભારતનો ઉપયોગ બ્રિટિશ સરકાર મનફાવતી રીતે કરતી હતી.

યુદ્ધ સરંજામ-શસ્ત્રો-દારૂગોળા જેવાં ઘાતકીમાં ઘાતકી શસ્ત્રોની હેરફેર દરિયાઈ માર્ગોએ મોટા પ્રમાણમાં થતી હતી. જંગી જહાજો, સ્ટીમરોનો આમાં ઉપયોગ કરાતો હતો.. દેશનાં બધાં જ મુખ્ય-મુખ્ય મોટાં બંદરો, મુંબઈ, કલકત્તા, (તે વખતનું) મદ્રાસ, કરાંચી વગેરે પર વિશ્વયુદ્ધમાં ઉપયોગમાં લેવાતી સ્ટીમરો લાંગરતી.

શસ્ત્ર-સરંજામ, દારૂગોળો, સોનું, ચાંદી અને બીજા વિસ્ફોટક માલથી લદાયેલી, બ્રિટિશ સરકારની એક સ્ટીમર જેનું નામ હતું 'એસ એસ ફૉર્ટસ્ટાઈકીન' મુંબઈની વિક્ટોરિયા ગોદી પર લાંગરેલી હતી. તેમાંથી કેટલોક માલ મુંબઈ ઊતરવાનો હતો અને કેટલોક પુરવઠો ચડાવવાનો હતો.

૧૪ એપ્રિલ, ૧૯૪૪, શુક્રવારનો દિવસ. મુંબઈ શહેર માટે અત્યંત ઘાતક નીવડ્યો હતો. વિક્ટોરિયા ગોદીમાં લાંગરેલું આ જહાજ જે સિવિક જહાજ નહોતું પણ વૉર (યુદ્ધ) જહાજ હતું તેમાં ત્રણ વિસ્ફોટો થયા હતા. આ ધડાકા એટલા બધા પ્રચંડ હતા કે વિસ્ફોટને કારણે જહાજમાં લદાયલો દારૂગોળો, સોનું, ચાંદી અને કાટમાળ જહાજ ઉપરના આકાશમાં ત્રણ હજાર ફૂટ જેટલો ઊંચે ઉછળ્યો હતો. વિક્ટોરિયા ગોદી આસપાસનો વિસ્તાર મસ્જિદ બંદર, ચિંચબંદર, ભાતબજાર, ડોંગરી, દરિયાસ્થાન વગેરે શહેરી રહેણાક અને ધીકતાં બજારોનો વિસ્તાર આજેપણ છે અને ત્યારે પણ હતો. ત્રણ-ત્રણ હજાર ફૂટ જેટલું ઊંચે

ઊછળી સઘળું આસપાસના વિસ્તારો પર વરસ્યું હતું, જેને કારણે રહેણાક અને ધંધાધારી કેટલીયે ઈમારતો, માળાઓ, બિલ્ડિંગોનો વિનાશ થયો હતો. સેંકડો લોકો જહાજમાંથી ફૂટેલા દારૂગોળા, બારુદથી લાગેલી અનેકાનેક સ્થાનો પરની ભડભડતી આગમાં જીવતે જીવત ભૂંજાયા હતા અને કમોતે મર્યા હતા. તે સમયે મુંબઈની બ્રિટિશ હાકેમોની સરકારે જાનહાનિના આપેલા આંકડા સદંતર જુઠ્ઠા હતા અને ઈજા પામેલાઓના આપેલા આંકડા પણ નરાતાળ જુઠ્ઠાણાવાળા હતા. જે ત્રણ વિસ્ફોટોને કારણે આગ બુઝાવવા કામે લાગેલા સંપૂર્ણ મુંબઈ શહેરના બધા જ બંબાવાળાઓ, ૩૦૦ જેટલા બળીને રાખ થઈ ગયેલા તેવે વખતે સરકારે શહેરીઓની જાનહાનિ માત્ર ૩૮૭ની અને ઈજા પામેલાઓની સંખ્યા માત્ર ૧૮૯૬ની જાહેર કરી હતી! આ એક અઘોર જૂઠ હતું. ખરો અંદાજ તો જાણકારો દ્વારા એવો મુકાયો હતો કે મૃતકોની સંખ્યા ત્રણેક હજારની હતી અને ઘાયલોની સંખ્યા ૬થી ૯ હજાર વચ્ચેની હતી. પરંતુ દેશ બ્રિટિશ-ગુલામીની શૃંખલાથી જકડાયેલો હતો; તેથી તેનો કોઈ કાન પકડી શકાય તેવું નહોતું. (જોકે ૭૦ વરસથી આપણો દેશ આઝાદ થયો હોવા છતાં આપણે જ ચૂંટેલી સરકારોના કાન આજે પણ ક્યાં પકડી શકાય છે? જો પકડવાની પ્રામાણિક હિંમત બતાવીએ તો દેશદ્રોહી ગણાઈ સજા પામીએ છીએ!)

ગોદી-ધડાકાવાળા યુદ્ધ-જહાજમાં લદાયેલા ૧૩૯૫ ટન માલ-સામાન યુદ્ધ સામગ્રીમાં કપાસની ૪૧૦૦૦ ગાંસડીઓ હતી, ૧૬૮ ટન વિસ્ફોટક દારૂગોળાવાળી યુદ્ધ સામગ્રી હતી. ભંગાર, લોખંડ લગભગ ૯૦ ટન હતું. લાકડાના ૧૧૦૦ ટુકડાઓ હતા. તોપગોળા, વિનાશિકા, સુરંગ, જ્વલનશીલ બોમ્બ, એન્જિન વગરના વિમાનોના મોટા સ્પેર પાર્ટસ હતા, શુદ્ધ સોનાની ૧૨૪ પાટો હતી, ચાંદીની ૧૯૦ પાટો હતી. હમણાંથી ૭૦ વર્ષ પહેલાંના એ સમયમાં સોનાની પાટોની વેલ્યુ ૧૦ લાખ બ્રિટિશ પાઉન્ડની હતી. ત્રણ જુદે જુદે કલાકે થયેલા વિસ્ફોટોને કારણે સોના-ચાંદીની છુટ્ટી પાટો ઊંચે ઊડ્યા પછી ઘણાં મકાનોની ટેરેસમાં કે ફ્લેટોમાં કે ઝુંપડપટ્ટી જેવા વિસ્તારોમાં વરસાદ જેમ પડી હતી. ધડાકા પછીના થોડાં અઠવાડિયાં દરમ્યાન તે વખતના રૂપિયા ૯૦ હજારની કિંમતની પાટો લોકોએ યા તો પ્રામાણિકપણાને કારણે યા તો પકડાઈ જવાના ભયને કારણે સરકારને સુપરત કરી હતી.

ધડાકાથી ગોદીની નજીકની દરિયાની પટ્ટીનો વિસ્તાર એટલે કે મસ્જિદ બંદરથી શિવરી સુધીનો વિસ્તાર તારાજ થયો હતો જેના સમારકામને પાંચ વરસ લાગ્યાં હતાં. ગોદીની નજીકના ભાતબજાર, ચિંચબંદર, દાણાબંદર તેમ જ કાથાબજાર કે તેની સોડમાં આવેલી શેરી-ગલીઓનાં મકાનોને સૌથી વધારે નુકસાન થયાં હતાં. આ બધા વિસ્તારોમાં કચ્છીઓનો ૯૦-૯૫ ટકા વસવાટ હતો. મોટી મોટી ઈમારતો નાશ પામી હતી. મસ્જિદબંદર સ્ટેશનની સામેના બ્રિજ પરથી દાણાબંદર જવા પથ્થરનાં પગથિયાં પડે છે. આ પગથિયાં ઊતર્યા પછી સામે જ પતરાના શેડ કે ગોડાઉનો બંધાયેલાં હતાં અને હજુ પણ સુધારેલી હાલતમાં છે. જ્યારે તે સમયે નવી મુંબઈની વાશી-મારકેટની તો કોઈને કલ્પના પણ નહોતી ત્યારે કચ્છી વ્યાપારીઓના જથ્થાબંધ કે તેવાં જંગી વ્યાપારનાં એ મથકો હતાં અને તેનો કેટલોક ભાગ હજુ પણ છે. ત્યાં જહાજ-ધડાકા પહેલાં 'ભગાડવાળા માળા' તરીકે ઓળખાતું વિશાળ મકાન હતું જેમાં કચ્છી પરિવારોનો વસવાટ હતો. જહાજના વિસ્ફોટોને કારણે એ ભગાડવાળા માળા તરીકે ઓળખાતું બિલ્ડિંગ આખુંય ખતમ થઈ ગયું હતું. આવી તો બીજી કેટલીય સંખ્યાબંધ ઈમારતો યા તો નાશ પામી હતી યા ભારે નુકસાન પામી હતી. અસરગ્રસ્ત લોકોમાંથી હવે ૭૦ વરસો પછી કેટલા નસીબવંતા વડીલો હયાત રહ્યા હશે,

તેનો અંદાજ ધારવો મુશ્કેલ છે. પણ જેમણે આ દુર્ઘટનાની પારાવાર તબાહીને નજરે જોઈ હતી કે અનુભવી હતી તેવા અસરગ્રસ્ત લોકોમાંની ત્રણ વ્યક્તિઓને, હમણાથી સાતેક વર્ષો પહેલાં કચ્છના બહુ જાણીતા દૈનિક અખબાર 'કચ્છમિત્ર'ના મુંબઈ સ્થિત, દીર્ઘ-અનુભવી પ્રતિનિધિ કનૈયાલાલ જોશીએ શોધી કાઢેલી. આ ત્રણ વ્યક્તિઓ હતી (૧) શ્રી (હવે સ્વર્ગસ્થ) કે. પી. ગાલા-એડવોકેટ, (૨) શ્રી કરસનદાસ ભીમજી રૂપારેલ અને (૩) ધનબાઈ ચત્રભુજ ઠક્કર - ઉંમર વર્ષ ૮૨ (જ્યારે કનૈયાલાલ જોશીએ એમની રૂબરૂ મુલાકાત લીધેલી.) આ ત્રણેય વ્યક્તિઓ મૂળ કચ્છી હતા અને બેએક પેઢીથી મુંબઈ સ્થાયી થયેલા હતા. શ્રી કે. પી. ગાલા એડવોકેટ હતા, મુંબઈના કચ્છીઓની પ્રતિષ્ઠિત સંસ્થા કચ્છી વિશા ઓસવાલ સેવા સમાજના મુખપત્ર 'પગદંડી'ના ઘણાં વર્ષો સુધી તંત્રી અને માર્ગદર્શક હતા અને કવિઓ સમાજના પ્રગતિશીલ, સામાજિક કાર્યકર હતા. શ્રી કરસનદાસ ભીમજી રૂપારેલ પણ શ્રી કચ્છી લોહાણા સમાજસેવી હતા, જેમના પિતાશ્રી ભીમજી રતનશી રૂપારેલ ધડાકાવાળા દાયકાઓમાં મુંબઈ લોહાણા મહાજનના મંત્રી હતા અને માટુંગાના (રામબાગ) કચ્છી લોહાણા સહકારી મંડળના સ્થાપક સભ્ય હતા. ધડાકા વખતે રામબાગમાં ૫૦૦-૬૦૦ અસરગ્રસ્તોને આશ્રય અપાયો હતો અને તેની સુવ્યવસ્થાની ઘણી સારી જવાબદારી અને કામગીરી તેઓએ સંભાળી હતી. ધડાકા વખતની ઘણી બાબતો અને વિગતોની એમણે પોતાની ડાયરીમાં નોંધો લખી રાખેલી હતી. એ નોંધપોથીમાંથી એમના કવિ અને લેખક પુત્ર કરસનદાસભાઈ ભીમજી રૂપારેલે માહિતી આપી હતી. ત્રીજા સ્વઅનુભવી માજી ધનબાઈ ચત્રભુજ ઠક્કર, ઉંમર ૮૨, કવયિત્રી પણ હતાં અને ધડાકાએ સર્જેલા કડવા અનુભવો અને આઘાતોના નિજી અનુભવી હતાં.

૧૪મી એપ્રિલ, ૧૯૪૪, શુક્રવારે થયેલા ગોદી ધડાકાઓને કારણે લોકો બાલબચ્ચાં, માંદા-સાજા વૃદ્ધ મા-બાપોને લઈને પહેરેલા લૂગડે પોતાના જીવ મુઠ્ઠીમાં લઈને બચવા માટે ભાગ્યા હતા. પોતાનાં દર-દાગીના, વસ્ત્રો કે કીમતી જણસો ઉપાડી લેવાનું પણ શક્ય નહોતું. બધો મામલો મહિનાઓ પછી શાંત પડ્યા બાદ મહિનાઓ સુધી કાટમાળમાંથી લોકો પોતાનાં ઘરેણાં, દર-દાગીના, રોકડ કે કીમતી વસ્તુઓ શોધતા રહ્યા હતા.

ગોદી ધડાકાના ગોઝારા દિવસે મુંબઈના કચ્છીઓને જે ભયાનક પછડાટ આપી હતી તેની દારુણ વિગતોની સંપૂર્ણ માહિતી મેળવવાનું કે મળવાનું તો ત્યારેય અશક્ય હતું અને આજે પણ અશક્ય જ છે. પરંતુ તે ધડાકાના બીજે, ત્રીજે, ચોથે દિવસે કે તે પછીનાં અઠવાડિયાંઓ, મહિનાઓ અને દાયકાઓ દરમ્યાન મુંબઈના અને સમગ્ર દેશનાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, મરાઠી કે ઉર્દૂ ભાષાઓનાં દૈનિકો, સાપ્તાહિકો, માસિકો અને પુસ્તક-પુસ્તિકાઓમાં વિવિધ વિગતો પ્રકાશિત થઈ હતી અને હજુ પણ થાય છે અને ભવિષ્યમાં પણ થતી રહેશે. એમાંનો કેટલોક સંગ્રહ આ લખનાર પાસે છે, જેના આધારે આ લેખ લખાયો છે. આ લેખના પ્રકાશન માટેની પૃષ્ઠ-સંખ્યાની મર્યાદાને કારણે ઉપર નિર્દેશાયેલા ત્રણ કચ્છીઓમાંથી એક શ્રી (સ્વ.) કે. પી. ગાલાની કેફિયત આ લેખના આ પૂર્વાર્ધમાં કરકસરથી સમાવાઈ છે. બીજી બે વ્યક્તિઓનાં વર્ણનો આ લેખના પછીના ભાગ (ઉત્તરાર્ધ)માં સમાવાયાં છે. ગોદી ધડાકાને સાત દાયકા વીતી ગયા હોવા છતાંય તેની વિગતો આજે પણ એટલી જ હૃદયદ્રાવક અને રૂંવાડાં ખડાં કરનારી અનુભવાય છે.

શ્રી (સ્વ.) કે. પી. ગાલાનું પૂરું નામ કેશવજી પ્રેમજી ગાલા હતું. ગોદી-ધડાકાનાં એમનાં સ્મરણો, એમના જ શબ્દોમાં :

''.... હું ત્યારે કિશોર વયનો હતો. ગોદીની નજીક ડૉ. મૈશરી રોડ પર અમારું કુટુંબ રહેતું હતું. મારી પરીક્ષા સોમવારથી શરૂ થવાની હતી. એટલે મારી શાળામાં વાંચવાની રજા હતી. પણ વાંચવા માટે ઘરમાં ગોંધાઈ રહેવા કરતાં હું અને મારા બે સહપાઠીઓ, નજીકની ડરબી ટોકીઝમાં ફિલ્મ જોઈ રહ્યા હતા. બપોરે ચારેક વાગ્યા હશે ત્યારે જોરદાર ધડાકો થયો. થિયેટરના બારણાં આપોઆપ ધડાધડ ખૂલી ગયાં. થિયેટરનો ફિલ્મ-પરદો ચિરાઈ ગયો. અમે પ્રેક્ષકો અર્ધા-પૂરા ગાંડા-પાગલની જેમ ચીસાચીસ અને ધક્કામુક્કી કરતા, બહાર ભાગ્યા. હું પણ બીજાઓની જેમ બહાર નીકળ્યો.. મારા સહપાઠીઓ ગિરદીમાં છુટ્ટા પડી ગયા. બહાર નીકળી બાજુના મેદાનમાં જઈ ઊંચે જોયું તો અસંખ્ય સળગતા પદાર્થો આકાશમાં ઊંચેને ઊંચે જતા હતા અને પાછા નીચે ફેંકાતા હતા. કુતૂહલવશ હું ગોદી તરફ આગળ દોડ્યો. મેં જોયું કે ગોદીની દિશામાંથી ટોળાબંધ માણસોનો પ્રવાહ દોડતો, ભાગતો આવતો હતો. બધાના ચહેરા પર ભય અને મોતમાંથી બચી જવાની ઉતાવળ અને હાશકારો દેખાતો હતો. એ લોકોમાંથી કેટલાક કમનસીબ હતા. એક માણસનો હાથ ખભા પાસેથી કપાયેલો, લટકતો જોયો અને પગની પાની સુધી એનાં પહેરેલાં કપડાં લાલ લાલ લોહીથી નીતરતાં હતાં. એક બીજા જણનો જમણો પગ ઢીંચણ નીચેથી કપાઈ છુટ્ટો પડી ગયો હતો. બીજા કેટલાક લોકોને નાની-મોટી ઈજાઓ થયેલી હતી. તેઓ લોહી નીકળતા, ઘા દાબતાં દાબતાં, પીડાથી કણસતાં કણસતાં ઝડપથી જઈ રહ્યા હતા. જેમ હોળી જેવા ઉત્સવ વખતે ગુલાલ વેરાય તેમ ચારેકોર લોહી, લોહી અને લોહીની ધારાઓ વહેતી દેખાતી હતી...

''... ડૉ. મૈશરી રોડ અને સરદાર વલ્લભભાઈ પટેલ રોડના ચોક ઉપર આવેલ રઝાક ચેમ્બર પાસે ઊભેલા એક હવાલદારની ગરદન ઉપર ભારે વજનવાળા લોખંડનો સળગતો ટુકડો પડ્યો ને એની ગરદન અને ધડ છૂટાં પડી ગયાં. ચારે તરફ દર્દનાક ચીસાચીસ અને ભાગાદોડ હતા. હું પણ ત્યારે ગભરાયો અને ઘર તરફ ભાગ્યો. હજુ તો ઘેર પહોંચું ત્યાં જ એક જંગી વધુ વિસ્ફોટ થયો. અમારા રહેણાકવાળું મજબૂત મકાન આખુંય ધણધણી ઊઠ્યું. અમારાવાળું મકાન ગોદીની નજીક હતું. ઉપર અગાસીમાં જઈ જોયું તો કાળા ધુમાડાના ગોટેગોટાથી આકાશ ઘેરાયેલું હતું. કાળા અંધાર ધુમાડાના આવરણને કારણે ગોદી દેખાતી નહોતી, પણ ક્યાંક ક્યાંક અગ્નિશિખાનું નૃત્ય દેખાતું હતું...

.... મારાં બાએ પેટી કાઢી એમાં કપડાં, દાગીના તથા રૂપિયા ભર્યા. નાની બહેનને કાખમાં લઈ અને પેટી માથા પર ઊંચકી અમે બધા બાની સાથે પશ્ચિમ તરફ ચાલવા લાગ્યા. ગોદી-વિસ્તારથી દૂર, તે વખતે મુંબઈમાં ટેક્સીઓ જૂજ હતી, વધુ વાહન વ્યવહાર 'વિક્ટોરિયા' ઘોડાગાડીથી ચાલતો. ટ્રેન બંધ થઈ ગયેલી અને ઘોડાગાડી રસ્તામાં ક્યાંય દેખાતી નહોતી. બીજા ઘણા લોકો પણ ટોળાંઓમાં અમારી જેમ જ ચાલતા, દોડતા, ભાગતા હતા. રસ્તામાં મકાનની બારીઓના ફૂટેલા કાચના ભુક્કા અને ટુકડા વેરાયેલા પડ્યા હતા. ચાલતાં, ચાલતાં અમે છેક ગ્રાન્ટ રોડ પાસે પહોંચ્યા ત્યારે માંડ એક ઘોડાગાડી મળી. અમે મારા મોસાળે માટુંગા પહોંચ્યા.

... આ વિસ્ફોટ થકી સમગ્ર દાણાબંદરના બેએક અપવાદ બાદ કરીએ તો બાકીનાં બધાં જ મકાનો ધરાશાયી થયાં હતાં. એ બધાંમાં કચ્છીઓની ઘણી વસતી હતી. કેટલાય કચ્છીઓ મૃત્યુ પામ્યા અને કેટલાયને ગંભીર ઈજાઓ થઈ હતી. ત્યાં ચાંપશી ભારાનો માળો' અને 'ભગાડવાળો માળો' તરીકે ઓળખાતાં બે મકાનોમાં તો કચ્છઓની જ મોટી વસતી હતી. એ બન્ને માળાઓ-એટલે કે

બિલ્ડિંગોનો સંપૂર્ણ વિનાશ થયેલો.. જે બેએક મકાનો બચી ગયેલાં તે હતાં રવજી જીવરાજ બિલ્ડિંગ જે વિસ્ફોટ અરસામાં 'ઈસ્માઈલ બિલ્ડિંગ' નામે ઓળખાતું હતું. બીજું બેચલું બિલ્ડિંગ હતું 'પ્રમોદ મેન્શન'. વિસ્ફોટ પછીના પાંચ-છ દાયકાઓ સુધી પણ આ બન્ને ઈમારતો ટકેલી હતી...

.... જે જહાજમાં વિસ્ફોટ થયેલા એની ઉત્તર બાજુએ એક બીજું મોટું જહાજ પણ લાંગરેલું. જે જહાજમાં વિસ્ફોટ થયા તે જહાજના તો ટુકડે ટુકડા થઈ ગયેલા પણ ઉત્તર તરફ લાંગરેલા જહાજ પર વિસ્ફોટોની એટલી બધી તીવ્ર અને બળૂકી અસર થયેલી કે દરિયાના પાણીમાં લાંગરેલું આખુંય જહાજ દરિયામાંથી અધ્ધર ઊછળીને દરિયામાંથી બહાર ફેંકાઈ, ઊંચે ઊછળી ઠેઠ કાંઠા ઉપર પડ્યું. વિસ્ફોટનો ધક્કો તો આ જહાજે સહી લીધો આથી ગોદીની ઉત્તરે જે વસવાટ-વિસ્તાર હતો, તે બચી ગયો! તેથી જ ચિંચબંદર અને ડૉ. મૈશરી રોડનાં મકાનો મોટેભાગે બચી ગયાં....

... વિસ્ફોટને કારણે મૂળ જહાજના જે ટુકડેટુકડા થઈ ગયા એ સળગતા ટુકડા પહેલાં ઊંચે આકાશમાં ઊડ્યા અને પછી પાછા જ્યાં જ્યાં વરસ્યા ત્યાં ત્યાં આગ ફેલાવી. આવી આગ એટલી બધી અગ્નિ ભરપૂર હતી કે તેને કારણે કાથા બજાર, કોલીવાડા, નરશી નાથા સ્ટ્રીટ અને ભાતબજારના કેટલાંય મકાનો સળગી ખાક થયાં. પ્રથમ ધડાકા વખતે જ મુંબઈ આખાયની બધી જ ફાયરબ્રિગેડો વિસ્ફોટ સ્થળે પહોંચેલી ખરી, પણ આગ બુઝાવતાં બુઝાવતાં જ નાશ પામેલી અને બદ્ધેબધા જ ફાયરમેનો આગમાં ભૂંજાઈ ભૂંજાઈને મૃત્યુ પામેલા. પરિણામે આકાશમાંથી નીચે પડેલા અગનગોળાઓ થકી લાગેલી આગોને બુઝાવનાર કોઈ જ નહોતું. આગથી અસરગ્રસ્ત મકાનોમાં વસનારાઓ તો મકાનો--રહેણાકો-દુકાનો છોડી છોડીને બચવા માટે ભાગી ગયેલા. તેથી આ મકાનો તો સળગ્યાં પણ તેની આગ બાજુનાં મકાનોમાં પણ ફેલાતી ગઈ. આથી આખાય આવા વિસ્તારોનાં કતારબંધ મકાનો ભસ્મીભૂત થઈ ગયાં. આવી વિનાશક આગના પ્રતિકાર માટે તે વખતે તળ મુંબઈથી દૂર ગણાતા થાણા, ભિવંડી અને આજે પણ જે દૂર જ છે તે પૂનાથી ફાયરબ્રિગેડો બોલાવવી પડી હતી. સતત ફેલાતી રહેલી અને વધુ ને વધુ વિસ્તારોને ઝપટમાં લઈને વધુ ને વધુ બેકાબૂ બનતી જતી આગને આગળ ચોમેર ફેલાતી રોકવા ક્યાંક ક્યાંક તો ગોળાથી વચ્ચેના મકાનોને ઉડાવી દેવાયાં હતાં....

''....લોકો તો જે હાથ આવી તે ઘરવખરી કે કીમતી ચીજો છોડીને યા લઈને ભાગી છૂટેલા. તેથી કેટલાય અસરગ્રસ્ત વિસ્તારોને પ્રતિબંધિત ઘોષિત જાહેર કરાયેલા. તે છતાં ત્યાં ઘણી ચોરીઓ થયેલી. બહુધા આ વિસ્તારોમાં કચ્છીઓની વસતી હતી તેથી અસંખ્ય કચ્છી પરિવારોએ એમનું સર્વસ્વ ગુમાવ્યું હતું...''

...આ આગ અને તેની અસર મહિનાઓ સુધી ચાલેલી. કાટમાળ ખસેડવાનું કામ પણ વરસ-બે વરસ લંબાયેલું. નાશ પામેલાં મોટા ભાગના મકાનોમાં ભોંયતળિયે અનાજ-કરિયાણા અને બીજી જીવન જરૂરિયાતની વસ્તુઓની વખારો હતી અને ઉપર રહેઠાણો હતાં. કેટલાય લોકો મહિનાઓ સુધી કાટમાળમાંથી પોતાની કીમતી જણસો શોધવા મથતા રહ્યા હતા. કાથા બજાર, ભાત બજારમાં કાટમાળના મોટા ઊંચા ઢગલાઓમાંથી સડેલા અનાજ, અધૂરી-પૂરી બળેલી વસ્તુઓમાંથી મહાભયંકર દુર્ગંધ છૂટતી હતી અને આવો કાટમાળ મહિનાઓ સુધી ખસેડાઈ શકાયા નહોતા...'' (પૂર્વાર્ધ)

૯૧૬૭૫૬૭૩૯૫

૯૯૩૦૬૬૦૨૪૨

# ગાંધી વિચારધારાનો શ્રોત-મારા ગામમાં

ડૉ. જયંત વીરજી ગાલા

મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મજયંતીનું આ વર્ષ છે ત્યારે ગાંધીને અવારનવાર યાદ કરી લેવાય છે. ગાંધી અને ગાંધી વિચારધારા હજી જીવંત છે. કેવળ ઔપચારિકતાથી ગાંધીજીને યાદ કરાય છે. મહદ્અંશે પ્રજા અને આપણા કૃતક (Pseudo) ગાંધીયન રાજકારણીઓ ગાંધીયન વિચારધારાનો અંચળો ઓઢીને ગાંધીમૂલ્યોને ઉજાગર કરવાનો ડોળ કરતા હોય છે. આ દાંભિકોને ગાંધીમૂલ્યો કે સિદ્ધાંતો સાથે ન્હાવા-નિચોવાનો સંબંધ નથી હોતો. આ દાંભિકો તો ગાંધી નામની વસ્તુને કેવળ પોતાના અંગત સ્વાર્થ માટે ઉપયોગમાં લે છે.

મારું ગામ 'છસરા'. કચ્છ મુંદ્રા તાલુકામાં આવેલ છસરા ગામમાં ઈ.સ. ૧૯૩૦ના દાયકામાં પ્રજા પર ગાંધી વિચારધારાનો પ્રભાવ કેટલો છવાયેલો હતો તેનો ખ્યાલ મારા પિતાશ્રી વીરજી ગાલા કૃત સન ૧૯૪૦ના અરસામાં પ્રકાશિત થયેલ, છસરા ગામના પાંચસો વર્ષના લોકજીવન અને ઈતિહાસને આવરી લેતી પુસ્તિકા 'છસરા ગામ સરી જતા સમયની કેડીએ'માં તાદ્દશ થાય છે. આ પુસ્તિકમાંથી કેટલાક અવતરણો અહીં રજૂ છે :

ઓક્ટોબર ૧૯૩૧ના ગાંધીજયંતી અને વિજયાદશમીના બેવડા પ્રસંગે યોજાયેલ જાહેર સભામાં ગામના એક વિચક્ષણ નવયુવક કાર્યકર્તાના ઉદ્ગારો :

''આજના પવિત્ર દિવસે રામચંદ્રજીએ મહાજુલ્મી લંકેશ પર વિજય મેળવ્યો હતો તેથી પવિત્ર ગણાતા આ દિવસે કોઈ સંકલ્પ કરીએ તો જરૂર ફળે. આપણે એવા જ આશયથી અત્રે એકત્ર થયા છીએ. રાવણના જુલ્મથી વધી જાય તેવા જુલ્મો અને અન્યાયો હાલ હિંદની પ્રજા પર અંગ્રેજોની સરકાર કરી રહી છે, તેની સામે રામચંદ્ર તુલ્ય દેવાંશી નરરત્ન પૂ. મહાત્મા ગાંધીજીએ સ્વરાજ્ય મેળવવાનો મુક્તિસંગ્રામ આદર્યો છે...''

''.. માતા કોઈપણ રીતે બેડીઓથી મુક્ત થશે જ... હું કોઈપણ ભોગે સ્વરાજ્ય લઈશ, એ ભિષ્મપ્રતિજ્ઞા લઈ ગાંધીજીએ દેશને આહ્વાન આપ્યું છે. એ વાત ચોક્કસ છે કે યુદ્ધ અહિંસક થવાનું છે અને લાખો લોકો આત્મભોગ માટે તૈયાર છે અને આપણે હમણાં ખાસ કરીને એ જ હેતુસર અહીં ભેગા થયા છીએ...''

''... આગલી લડત વધુ જોરદાર અને વિશાળ... વધુ દારુણરૂપ ધારણ કરશે.. જેમાં પ્રજા પ્રશંસનીય ભોગો આપી જરૂર ફતેહમંદ થશે. આદેશની વાટ જોવાય છે. બીજા તૈયાર છે તેમ આપણે પણ તૈયારી કરવી જોઈશે એવી હું નમ્રતાપૂર્વક વિનંતી આપ સૌને કરું છું.''

અહીં એ જણાવવાનું યોગ્ય થશે કે ઈ.સ. ૧૯૩૧થી ગામના યુવાનોએ ગાંધી જયંતી અને રેંટિયાબારસ ઉજવવાનું રાખેલ અને આ ઉજવણીમાં આસપાસના ગામોને પણ આમંત્રિત કરાતા. આ ઉપરાંત ગામનો ચોક પણ ગાંધી ચોકના નામે ઓળખાતો. આ પ્રવૃત્તિ વર્ષો સુધી ચાલતી રહી. (ગામના ચોક્કસ વર્ગના લોકો આજીવિકા અર્થે સ્થળાંતરિત થતાં આ પ્રવૃત્તિ બંધ પડી).

૧૯૩૨ના એ અરસામાં સમગ્ર હિંદુસ્તાનમાં વર્ષો પુરાણા હસ્તઉદ્યોગો નષ્ટ થઈ રહ્યા હતા. બ્રિટીશ સરકાર ઈંગ્લેંડનો માલ અહીંની બજારોમાં ઠાલવી રહી હતી. તેની સામે સ્વદેશીની ચળવળ પૂરજોશમાં વેગ પકડી રહી હતી. ત્યારે ગામના કાર્યકર્તાઓએ વિચાર્યું કે ગામના કેટલાય ઘરોમાં

રેંટિયા તો માળિયા પર ધૂળ ખાઈ રહ્યા છે. આ રેટિયો તો સ્વાવલંબી પર્યાય છે. ન એ કેવળ પરિવારને ખપ પૂરતું કાપડ ઉપલબ્ધ કરાવે છે, એ પરિવાર રોજીરોટી રળી આપનાર બની રહે છે. છસરા સંઘે રેંટિયાની પ્રવૃત્તિ સજીવન કરવા ગામના ઘરે ઘરે જઈ રેંટિયા અને તકલીઓ ઉઘરાવી અને ઉત્સાહી બહેનોને રેંટિયા સોંપ્યા. શાળાના વિદ્યાર્થીઓને તકલીઓ આપી અને ગામમાં સ્વાવલંબનના ચક્રો ગતિમાન થયાં. છસરા સંઘે રૂની ખરીદી, વિતરણ અને યોગ્ય વળતરની વ્યવસ્થા ઊભી કરી એ જવાબદારી ઉપાડી લીધી.

ભાદરવા શુદ ૧૨ (ઈ.સ. ૧૯૩૩)ના દિવસે ભારતના ભાગ્યવિધાતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૬૪મી જન્મજયંતી ઉજવતાં છસરા સંઘે પ્રભાત ફેરી, સરઘસ અને જાહેર સભાનું આયોજન કર્યું.

તા. ૧૨-૦૯-૧૯૩૨ના બાપુએ અપવાસ આદર્યાં. દિર્ઘાયુ અને તંદુરસ્તી માટે ગામમાં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૧.૧૦.૧૯૩૦ના ગાંધીજીની જન્મજયંતી ઊજવાઈ ત્યારે ડૉ. રતનશી વીરજી છેડાએ એમના પ્રેરણાત્મક વક્તવ્યમાં કહ્યું.

''એ મહાપુરુષે આપણા રાષ્ટ્રમાં ચેતન અને પ્રાણ પૂર્યાં છે. આપણા ગરીબ બાંધવોને પૂરતું ખાવા ન મળતું, એટલે સરકાર સામે લડે છે... ગ્રામ્ય સંસ્થા સ્થાપી ગૃહઉદ્યોગો અમે .. વિકસાવવાના પ્રયત્નો કરી રહ્યાં છે... ખાદી લાખો બેકારોને રોજી આપી રહી છે, ખાદી અપનાવવાની આપણી ફરજ છે.''

અહીં એ નોંધ લેવી જરૂરી છે કે શ્યામજી કૃષ્ણ વર્મા જેવા જૂજ ક્રાંતિકારીઓને બાદ કરતાં કચ્છીઓ કેવળ ભાવુકતાથી આ બધી પ્રવૃત્તિઓમાં જોડાયા હતા. અન્ય પ્રાંતની પ્રજા જેવા જોશ અને ખમીરની કચ્છીઓમાં ઉણપ વર્તાતી હતી.

મારા પિતાશ્રી એ વખતે શાળામાં અભ્યાસ કરતા હતા. શાળાના શિક્ષક ગાંધીજી દ્વારા ઉપાડવામાં આવેલી ચળવળોમાં જોડાવા પ્રોત્સાહિત કરતા. કુમળી વયે પિતાશ્રી 'સાયમન ગો બેક' (૧૯૨૮) અને દાંડીકુચને અનુલક્ષીને મુંબઈમાં યોજાયેલી સભામાં (૧૯૩૦) ગયા અને ચર્ચગેટ નજીકના સાગર કિનારે મીઠું પકવવા એક આંદોલનમાં પણ જોડાયા. પરંતુ આ બધું ગાંધીજીની હાકલના પ્રભાવ અને શિક્ષકના કહેવાના પ્રતિસાદના કારણે. એ કુમળી વયે બીજી સમજ તો શું હોય? ૨૨ વર્ષની વયે હરીપુરા કોંગ્રેસ અધિવેશનમાં પણ હાજરી આપી. પણ આ બધું ગાંધીજીના પ્રભાવનું કારણ હતું. આજે એક વાત જરૂર ખટકે છે. કેટલાય અન્ય પ્રાંતોનાં યુવાનોમાં દેખાતા દેશ માટે જાનફેસાનીનો જુસ્સો, દેશ માટે મરી ફીટવાનો અંદરથી ધખારા મારતો અગ્નિ આપણા ગુજરાતી યુવાનોમાં પ્રકટ્યો નહીં. અન્યથા ભારતીય લશ્કરમાં 'ગુજરાત બટાલિયનનું' અસ્તિત્વ હોત.

પરંતુ આવી ભીરુ માનસસ્થિતિ વચ્ચે એક એવો સપૂત પાક્યો જેના હૈયામાં દેશદાજનો આતશ ભભૂકતો હતો. એ સપૂત હતો છસરા ગામનો કાનજી પૂંનશી ગંગર. સાદગી, સ્વચ્છતા, સાત્વિકતા અને ખાદીને એનું જીવનસૂત્ર બનાવી એના ૧૦૧ વર્ષના જીવનકાળ પર્યંત જાળવી જાણ્યું. એમના ધર્મપત્નીએ ૯૧ વર્ષના જીવનકાળ પર્યંત પતિના કઠોર આદર્શોને સ્વેચ્છાએ અપનાવ્યા અને જાળવી જાણ્યાં. કાનજીભાઈએ એમનાં બન્ને સંતાનોમાં આ સંસ્કારોનું સિંચન કર્યું.

આમ નખશીખ ગાંધી વિચારધારાના રંગે રંગાયેલા આ યુવાનના બાહ્ય આચાર-રહેણીકરણી તો ગાંધીમૂલ્યો અનુરૂપ રહ્યાં પણ એની અંદર ભભૂકતા અગ્નિએ એને ગાંધીજીના અહિંસક સત્યાગ્રહના પંથથી વિમુખ કર્યા. ગાંધીના આ અહિંસા અને સત્યાગ્રહના સિદ્ધાંતો પરથી યુવાન કાનજીભાઈનો વિશ્વાસ ઊઠી ગયો. ખૂદીરામ, પ્રફુલા ચાકી, ચંદ્રશેખર આઝાદ, ઉધ્ધમસિંહ, ભગતસિંહ, સુખદેવ અને વીર સાવકર એના પ્રેરણામૂર્તિ બની રહ્યાં.

ઈ.સ. ૧૯૦૭માં બીરેન્દ્ર ઘોષની મદદથી બે બંગાળી યુવકો ફ્રાંસમાં જઈ એક ભાગેડુ રશિયન ક્રાંતિકારી પાસેથી બોમ્બ બનાવવાનું શીખી આવ્યા. એ સમયે બંગાળ, બિહાર, પંજાબ અને મહારાષ્ટ્રમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ખૂબ વેગ આવ્યો. આ વાતાવરણમાં કાનજીભાઈની અંદર દેશદાઝની જ્વાળાઓ ભભૂકી ઊઠી. એમને બીજા બે ક્રાંતિકારીઓનો સાથ મળ્યો. ત્રણે જણે યોજનાને નક્કર રૂપ આપવા મુંબઈમાં એક ભાડાની ઓરડીમાં ગુપ્ત રીતે એમની કામગિરી આરંભી અને ત્રણે જણે મળી બોમ્બ બનાવ્યો. એ વખતે સ્વદેશીની ચળવળ દેશના ખૂણેખૂણે વેગ પકડી રહી હતી. મુંબઈમાં ફ્લોરાફાઉન્ટન પર એક વિદેશી માલસામાન વ્હેંચતી દુકાન હતી. આ ક્રાંતિકારીઓના નિશાન પર વિદેશી માલ વ્હેંચતી આ દુકાન હતી. કાનજીભાઈ અને એમના સાથીઓએ વિદેશી માલની આ દુકાનને બોમ્બથી ઉડાવી દીધી. બ્રિટીશ પોલીસ આ ક્રાંતિકારીઓને શોધવા પાછળ પડી. એ અંગ્રેજ પોલીસની નજરથી બચતા રહ્યા. પોલીસની બાજ નજર એમને સતત ખોળી રહી હતી. કાનજીભાઈ અને એમના ક્રાંતિકારી સાથીઓના મગજમાં સતત કશુંક ઘૂંટાઈ રહ્યું હતું. બ્રીટીશરોની સંદેશ વ્યવસ્થાને ખોરવી નાખવાનો મનસુબો એ ક્રાંતિવીરોએ કર્યો. એ સમયે તાર (ટેલીગ્રામ)થી મહત્ત્વના સંદેશાઓની આપ-લે થતી. તારનાં દોરડાંઓ કાપી નાખવા, જોડાણો બદલી નાખવા જેથી સંદેશાઓ ગંતવ્ય સ્થાનને બદલે અન્ય સ્થાને પહોંચે. ગંભીર ગુંચવણો ઊભી થાય, અવ્યવસ્થા અને અંધાધૂંધી ફેલાવવા માટે ક્રાંતિકારીઓ સતત પ્રવૃત્ત હતા. કાનજીભાઈનાં ધર્મપત્ની લક્ષ્મીબેન ૧૫ વર્ષની વયથી જ ભૂગર્ભ પ્રવૃત્તિઓ અને ગુપ્ત ગોઠવણોના સંદેશાઓ અને દસ્તાવેજો એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જવા અને લાવવાની જોખમી કામગિરીમાં ઓતપ્રોત હતા. પકડાઈ જાય તો ગંભીર પિરણામો આવે પણ એથી ડગી જાય તો ક્રાંતિવીરો શાના?

એ અરસામાં 'ક્વીટ ઈન્ડિયા' ચળવળને કારણે ગાંધીજીને જેલની સજા થઈ હતી. બાપુને પુનામાં આગાખાન પેલેસમાં રાખવામાં આવેલ. કાનજીભાઈ બાપુના દર્શનાર્થે પુના જાય છે. એમનું નસીબ બે ડગલા આગળ હતું. પોલીસની નજરથી એ બચી નહીં શક્યા. પોલીસે એમને ઓળખી લીધા. ધરપકડ થઈ. મુકદમો ચાલ્યો અને લાંબી જેલની સજા થઈ. એમના સાગરિતોની બાતમી મેળવવા એમની ઉપર બેરહમીથી સિતમ ગુજારવામાં આવ્યા. ઢોર માર મારવામાં આવ્યો. એમને બરફની પાટ પર સુવડાવાવમાં આવ્યા. પણ કાનજીભાઈએ ચૂપકીદી સેવી. પોલીસ કંઈ પણ બાતમી મેળવવામાં નિષ્ફળ નિવડી. જેલમાં કાનજીભાઈ પર ગુજારવામાં આવેલ સિતમથી એમની તબિયત લથડી. સરકારે પરિસ્થિતિ સમજીને એમને મુક્ત કર્યા. જેલમાં એમની સાથેના બીજા કેદી હતા. ફકીર અન્ના તાવડે જે પાછળથી લાંબો સમય સુધી કર્ણાટકમાં ધારાસભ્ય રહ્યા. જેલમાં એમની ઉપરના સિતમોની ચાડી ખાતા જખ્મોના નિશાન જીવનપર્યંત જીવંત રહી વિજય ચિન્હોની જેમ એમની યશકલગીના સાક્ષી રહ્યા.

ઈ.સ. ૧૯૮૦માં ઈન્દીરાજીએ સ્વાતંત્ર્ય લડવૈયાઓને નિવૃત્તિ વેતન અને ગેસ એજન્સી જેવી સવલતો આપવાનું નક્કી કર્યું ત્યારે કાનજીભાઈએ એમના સંતાનોને બોલાવીને એમનો નિર્ણય જણાવ્યો : ''જે કાર્ય મેં દેશપ્રેમથી કરેલ તે વળતરની લાલચે મારે વેંચવું નથી. કેવો સાત્વિક દેશપ્રેમ!''

એક પ્રશ્ન થાય છે કે કાનજીભાઈ આજીવન ગાંધી વિચારધારા અને જીવનશૈલી અપનાવીને રહ્યાં તે છતાં આઝાદીની લડતમાં ગાંધીજીની અહિંસક સત્યાગ્રહની કાર્યશૈલીથી વિપરીત, ક્રાંતિકારી વિચારધારાથી કેમ આકર્ષાયા? એમનો દેશપ્રેમ એમને આઝાદીની લડત માટે ક્રાંતિકારી વિચારધારામાં કેમ લઈ ગયો? આ મુદ્દો વિવાદના વંટોળે ચડયો છે.

શું ભારતને આઝાદી ગાંધીજીની અહિંસા અને

સત્યાગ્રહની લડતથી મળી કે ક્રાંતિકારીઓ દ્વારા વધુ વ્યાપક થઈ રહેલ હિંસક ક્રાંતિએ હિંદુસ્તાનને આઝાદી અપાવી? આઝાદી અપાવનાર કોણ? સત્યાગ્રહીઓ કે ક્રાંતિકારીઓ?

આ લખનારના અંગત મંતવ્ય મુજબ સત્યાગ્રહનાં હિમાયતીઓએ દેશભરમાં જનજાગૃતિ દ્વારા લોકમાનસમાં આઝાદી માટેની અદમ્ય ઈચ્છા અને આશા ઊભી કરી પરંતુ "Quit India" 'ભારત છોડો'ની ચળવળનું ધાર્યું પરિણામ આવ્યું ન હતું અને નેતાઓ અને એમાં પણ ગાંધીજી હતાશા અનુભવી રહ્યાં હતા. આ હતાશાના કારણોમાં પણ વજુદ હતું. બ્રિટીશ સરકારે તમામ અગ્રણી નેતાઓ અને હજારો સ્વાતંત્ર્યસંગ્રામીઓને જેલ ભેગા કર્યા હતાં. બાપુએ તેમના બે નીકટતમ સાથીઓ કસ્તુરબા અને મહાદેવભાઈને જેલમાં ગુમાવ્યા હતા. બાપુની વણસતી જતી તબિયતને કારણે કશું અજુગતું ન બને એવા ડરથી બાપુને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. બીજા વિશ્વયુદ્ધમાં હિંદી ફોજની કામગિરી અને બલિદાનના બદલામાં હિંદુસ્તાનને સ્વરાજ્ય મળે એ આશા ઠગારી નિવડી અને એથી બાપુના અનુયાયીઓ ક્રાંતિકારી લડત તરફ વધુને વધુ ઢળતા ગયા. અંગ્રેજોને સત્યાગ્રહ નિષ્ફળ થતો જણાયો.

બીજી તરફ અંગ્રેજો સુભાષબાબુની INA ફોજની આગેકુચને તો ખાળી શક્યા પરંતુ છૂટાછવાયા ક્રાંતિકારી હુમલાઓથી ચિંતીત હતાં. ઈ.સ. ૧૯૪૬માં રોયલ ઈન્ડીયન નેવીનો બળવો, જેમાં ૧૮૦૦ હિંદી જવાનો ખોરાક અને સગવડોમાં આચરાતા ભેદભાવો અર્થે શાંત ભૂખ હડતાલ પર ઉતરેલા તે લડત હિંસક સ્વરૂપ ધારણ કરી રહી હતી. કરાંચીથી કોલકત્તા સુધીના બંદરગાહો અને ૭૮ જહાજોના ૨૦૦૦૦ જવાનો જોડાયા. આ ઘટનાથી અંગ્રેજો ગભરાયા. ત્યારના વાઈસરોય વાઈકાઉંટ વેવેલ તથા બ્રિટીશ ઈંડિયન આર્મી ચીફે ત્યારના બ્રિટીશ પંતપ્રધાન ક્લીમેંટ એટલીને પત્ર લખી પરિસ્થિતિનો ક્યાસ આપતાં જણાવ્યું કે ગાંધીજીની અહિંસક લડત તો આસાનીથી અંકુશમાં લઈ શકાશે પરંતુ હિંદી ફોજ અને ક્રાંતિકારી જનસમુદાય શસ્ત્રો સાથે રસ્તા પર ઉતરશે તો એક પણ અંગ્રેજ બ્રિટનનો કાંઠો જોવા નહીં પામે. આ હતું ભારતની આઝાદી પાછળનું રહસ્ય. આ વાતની પુષ્ટિ ઈ.સ. ૧૯૫૦માં ન્યાયમૂર્તિ શ્રી ચક્રવર્તીની બ્રિટનના પંતપ્રધાન ક્લીમેંટ ઍટલી સાથેની મુલાકાત દરમિયાન થયેલી પ્રશ્નોત્તરીમાંથી થઈ રહે છે. એક પ્રશ્ન હતો ભારતને આઝાદીના તમારા નિર્ણય પશ્ચાત ક્યા પરિબળને તમે અગ્રસ્થાન આપો છો? જેના ઉતરમાં પંતપ્રધાન ઍટલીએ કહ્યું : We foresaw civil war અને બીજો એક પ્રશ્ન : અહિંસક ચળવળની તમારી ઉપર કેટલી અસર થયેલી? જેના ઉત્તરમાં એટલી કહે છે : M...I...N...I...M...A...L."

આ ઘટનાઓ અને પુરાવા કાનજીભાઈ જેવા ક્રાંતિકારીઓના વલણ અને દિશા પાછળનું ચાલકબળ દાખવે છે. છતાં એ પણ સત્ય છે કે ગાંધીજીએ જગાવેલ દેશદાઝ અને રાષ્ટ્રભાવનાના જુવાળે, સ્વાતંત્ર્ય સંગ્રામના આ સમયે સમગ્ર દેશને એકત્રિત અને સુગઠિત રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી જેથી ક્રાંતિકારીઓ સમેત તમામ, આપણી માતૃભૂમિને પરદેશી ઝંઝીરોમાંથી મુક્ત કરવાના ધ્યેય સાથેની લડાઈમાં સંગઠિત રહી લડી શક્યા. પરંતુ આ સહિયારા સંગ્રામમાં આખરી તબક્કે પ્રભુત્વ તો ક્રાંતિકારીઓનું જ રહ્યું. પરંતુ એવા ક્યા પરિબળો હતા જેણે ઈતિહાસના પૃષ્ઠો પર આ હકીકતોને પ્રકટ થતાં રોકી દીધી?

શું આ એજ પરિબળો છે જેમણે છસરા ગામના કાનજીભાઈ, જેમની રક્તવાહિનીઓમાં દેશદાઝથી તપ્ત શોણિત વહી રહ્યું હતું એમની આ સત્યકથાને ઈતિહાસના પૃષ્ઠો પર અવતરવાના સદ્ભાગ્યને ટૂંપો દીધો?

મુલુંડ, ફોન. ૯૦૨૨૬૮૫૯૨૭

# સાત જોવાલાયક સ્થળો

સી. એ. સંજય વિસનજી છેડા

જિંદગીમાં એક વાર જોવાલાયક સાત સ્થળો. કોઈ ટ્રાવેલવાળા, કોઈ મેક માય ટ્રાવેલની જાહેરાત જેવું આ હેડિંગ વાંચી, તમે વિચારશો કે જોવા, ફરવા, માણવાલાયક કોઈ સાત સ્થળોની વાત હશે આ લેખમાં. હા, આ લેખમાં છે, જીવનમાં એક વાર જવા જેવાં, જોવા, માણવા જેવાં, સમજવા, વિચારવા, મનન કરવા જેવાં સાત સ્થળો. આ સાત સ્થળ, જ્યાં આપણી દરેક નવી પેઢી, આપણી આ મિલેનિયમ જનરેશને એક વાર જવું જરૂરી. આ એવી સાત જગ્યાઓ જ્યાં એમને જીવનનું મહત્ત્વ સમજાય, માણસ હોવાની મહત્તા સમજાય, આ ભવનું મૂલ્ય સમજાય.

**૧. પોલીસ સ્ટેશન**

પોલીસ સ્ટેશન. જેના નામથી કંપારી છૂટી જાય એવો ભય આપણા સૌ ગુજરાતી, કચ્છીઓના સ્વભાવમાં. આપણે બધા આ બધીવાતોથી માઈલો દૂર. ન આપણાં કામ એવાં, ન આપણા સંપર્કો એવા.

પણ આપણી આસપાસ એવા પણ લોકો છે, જેમના દરેક પરિવારમાં ક્યાંય ને ક્યાંય પોલીસ સ્ટેશનમાં કોઈ કેસ ચાલતો હોય. ક્યાંક કોઈના રેશન કાર્ડમાં બેઈલની નોંધ હોય. ક્યાંક કોઈને દર મહિનાની અમુક તારીખે, અમુક પોલીસ સ્ટેશનમાં હાજરી આપવી પડતી હોય.

પોલીસ સ્ટેશન એટલે એક વાર જે જાય, એ તરત હાથ જોડે કે ભગવાન કરે, જીવનમાં બીજી વાર જવું ન પડે, અને ભગવાન દુશ્મનને પણ પોલીસ સ્ટેશનનાં પગથિયાં ના દેખાડે. પણ સંસાર છે, દુનિયા છે અને દુનિયાદારી લઈને, સાચવીને બેઠા છીએ, એટલે ક્યારેક ફરિયાદી તરીકે, તો ક્યારેક સાક્ષી તરીકે જવું પડે તો ક્યારેક ન કરે નારાયણ અને આરોપી તરીકે જવું પડે.

પોલીસ સ્ટેશન એટલે, જ્યાં તમને સૌથી પહેલાં, તમારા પરપ્રાંતીય હોવાનો અહેસાસ થાય. જન્મથી લઈ આજદિન સુધી ચાર કે પાંચ દાયકા કાઢી નાખ્યા હોય આ શહેરમાં. તો પણ, આજે ફરિયાદી કે સાક્ષી કે આરોપી તરીકે તમારી પહેલી ઓળખ હોય, પરપ્રાંતીયની. તકલીફ પરપ્રાંતીય હોવાની નથી. તકલીફો શરૂ થાય, ત્યાંના દૂષિત, કલુષિત વાતાવરણની, સુક્કું હોય કે લીલું, ગુનેગાર હોય, ફરિયાદી હોય કે સાક્ષી. પોલીસ પ્રશાસનનો બધાને એક સમાન ગણવાનો એ અનુભવ.

એ ખાખી યુનિફોર્મની વચ્ચે કોઈ પણ રોલમાં બેસવું, એ કડવા, તીખા પ્રશ્નો, ફરિયાદીને પોતાની ફરિયાદ પાછી ખેંચવાનું મન થાય એવી પૂછપરછ, એ અંધારા લોકઅપ, એ રીઢા ગુનેગારોની ચહલપહલ. કોઈ બેઈલ પર છૂટેલા ગુનેગારની રોજની સહી માટેની હાજરી.

એક ખૂણે, ઘાયલ મહિલા, પોતાના દારૂડિયા પતિ વિરુદ્ધ ફરિયાદ લઈને આવી હોય, અને ફરિયાદ લખનાર કોન્સ્ટેબલની ફરિયાદને બદલે, ફરિયાદીને જોતી લોલૂપ નજર.

લખવા લખવામાં જ પોલીસ સ્ટેશનનું ચિત્ર નજર સામે આવી ગયું અને હૃદય એક ધબકારો

ચૂકી ગયું. ક્યારેક જો આવી કોઈ સમસ્યામાં આપણી નવી પેઢી મુકાઈ જાય તો?

એ 'તો'નો જવાબ નથી એટલે જ જરૂર છે આપણાં સંતાનોને, આપણી નવી પેઢીને, ત્યાંના રીત-રિવાજ, ત્યાંના વણલખેલા કાયદાકાનૂનથી પરિચિત કરાવવાની. એફઆઈઆર કેવી રીતે લખાવવી, એનસી માટે શું કાયદા હોય, ધરપકડ માટેના શું નિયમો છે. બેઈલ કેવી રીતે મળે. (ભગવાન કરે, એમને આ જ્ઞાન કદી, ક્યાંય ઉપયોગમાં ન લેવું પડે) પણ જો એમને આ બધી વાતોની સમજ નહીં હોય તો, આપણી હયાતી પછી, આ દુનિયા એમને કોરી/ફોલી ન ખાય એ માટે આ બધી વાતોની સીધી અને સરળ સમજ એમને હોવી જરૂરી.

## ૨. કોર્ટ

કોર્ટ, કચેરી, કાળા કોટ, વકીલો, અસીલો, ફરિયાદીઓ, સાક્ષી, છડીદારની પોકાર, જજનું આગમન, કઠેરાની પાછળ ઊભેલ ગુનેગાર, ઓર્ડર, ઓર્ડર, વકીલોની દલીલ, આરોપીની કરગરતી આંખો, તો કોઈ રીઢા ગુનેગારની બેફિકરાઈ અને આવું ઘણું બધું. છપ્પનની છાતીની હિંમત માંગી લે છે.

જીવન સફરમાં ક્યારેક સારા તો ક્યારેક કડવા અનુભવ પણ થાય છે. ક્યારેક એ છેતરામણી સામે બાથ ભીડવા કોર્ટનાં પગથિયાં જોવાં પડે છે. જર, જમીન અને જોરુ. કજિયાનાં ત્રણ છોરું. તો ક્યારેક નામ, પૈસા કે અહમ્ ખાતર ખેલાતા કાનૂની દાવપેચ. ગીતા કે કુરાનના ધાર્મિક ગ્રંથ પર હાથ મૂકી લેવડાવાતી કસમો, મા-બાપની સંપત્તિ માટે સામસામે લડતા અને કુટુંબની આબરૂને સરેઆમ ઉછાળતા સગા ભાઈઓ.

જિંદગીની આવી કડવી હકીકતની સમજ આ કોર્ટ રૂમની ચાર દીવાલો આપી જાય છે. ન્યાયાલયમાં રાખેલી એ ન્યાયની દેવીની કાળી પટ્ટી બાંધેલી મૂર્તિ જે ફક્ત સાબિતીઓ માગે છે. તારીખ પે તારીખ થકી દાયકાઓ સુધી ખેંચાતા કાનૂની દાવપેચ.

(ફરી એ જ વાત. આપણી નવી પેઢી માટે પણ આ બધું સહન કરવાનો કે એનો સામનો કરવાનો વારો નહીં જ આવે) પણ વાત છે, એમને આ બધી તાલીમ આપવાની. જ્યાં મોકો મળે, એમને દુનિયાની આ કાળી બાજુ બતાવવાની. મારા અગાઉના લેખ 'મારો રાજા બેટા'માં મેં લખ્યું છે એમ, જો એમને એકદમ હથેળી પર રાખશું અને આપણી પછી જ્યારે એમને દુનિયાની વરવી, વસમી બાજુ જોવા મળશે તો એમની પાસે એનો સામનો કરવાની હિંમત નહીં હોય.

એમને સમજાવવાની, બતાવવાની જરૂર છે કે જો એક તરફ આપણી સ્વચ્છ, સુઘડ, સાફ, શાંતિ પ્રિય દુનિયા છે તો સામે છેડે આ ચંદ્ર, આ ચાંદનીની કાળી બાજુ પણ છે. કોર્ટ કેસ, તારીખો, ગવાહીઓ, જુબાનીઓ આ બધું ભલે આપણી સામાન્ય જિંદગીમાં નથી, પણ આપણી આસપાસની વાસ્તવિક દુનિયામાં તો છે જ. તો શા માટે એમને એ વરવી બાજુથી અજાણ રાખીએ.

રિટ પિટિશન શું હોય, બેઈલના કાયદા શું હોય. કયા પ્રકારનો કેસ કઈ કોર્ટમાં જશે. ફરિયાદી તરીકેના, પક્ષકાર તરીકેના (અને આરોપી તરીકેના) અધિકાર શું હોય અને જવાબદારી શું હોય. એ બધાનો આપણી નવી પેઢીને થોડોક અંદાજ આપવો જરૂરી.

## ૩. હોસ્પિટલ

હોસ્પિટલ, નર્સિંગ હોમ, પેથ લેબ, દાખલ થાવ અને ફિનાઈલના પોતા મારેલ લાદીઓ, પેસેજમાં બેઠેલાં દર્દીનાં સગાં-વહાલાંઓની ગુસપુસ,

યુનિફોર્મ અને સ્લીપરમાં અહીં તહીં ફરી રહેલ નર્સ અને અન્ય સ્ટાફની ફોજ, આખાય વાતાવરણમાં સ્પિરિટની એક મહેક, ઓપીડી કાઉન્ટર પર કેસ પેપર કઢાવવાની લાંબી લાઈન. બાજુમાં રોકડ ગણી ગણી રબર મારી, પેનથી નોટો પર ચિતરામણ કરી રહેલ કેશિયર, પેશન્ટ દાખલ થાય કે રૂમ ફ્રેશનર, મોસ્કિટો રિપેલેન્ટ. રોજના ૧૫થી ૨૦ના હિસાબે ફરજિયાત લેવડાવવામાં આવતા હેન્ડ ગ્લોવ્સ, થર્મોમીટર (સારું છે, હજી દર્દીદીઠ સ્ટેથોસ્કોપ કે બીપી માપવાના મશીન પેશન્ટ પાસે લેવડાવવામાં નથી આવતા).

એક તરફ દર્દીની તકલીફોનું ટેન્શન, મોટા ભાગની હોસ્પિટલોનું ધંધાકીય વલણ, અવનવા ટેસ્ટ કરાવવા લેબ સાથેની સાઠગાંઠ, સાચી અને યોગ્ય સારવાર માટેનો દર્દીનો તડફડાટ અને ઉપરથી સગાંવહાલાંઓની મદદ કરવાની વૃત્તિ સિવાય ફક્ત થોકવા, થોપવામાં આવતી સલાહો. કેશલેસ કે પોસ્ટ પેઈડ હોસ્પિટલો. કઈ બીમારી માટે કોની સલાહ લેવા કઈ હોસ્પિટલમાં જવું જરૂરી. (આપણા સમાજ પાસે તો દરેક હોસ્પિટલમાં સેવા આપનાર સ્વયંસેવકોની ફોજ છે) પણ કઈ હોસ્પિટલ માટે કયા મૂક સેવક પાસે જાવું એની જાણ પણ આપણી નવી પેઢીને નથી હોતી.

હોસ્પિટલમાં કેસ પેપર કેમ કઢાવવા, ઓપીડી કે નોન ઓપીડીની સારવારમાં શું ફરક, મેડિક્લેઈમ માટે કઈ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી. આ ઉપરાંત, થોડીક ફર્સ્ટ એઈડ, સીઆરપી (હાર્ટ એટેક વખતે અપાતી પ્રાથમિક સારવાર), બર્ન કેસ, બ્રેન સ્ટ્રોક, સર્પ દંશ, આ બધાનું બેઝિક જ્ઞાન હોય તો કોઈ નુકસાન તો નથી જ.

વળી ક્યારેક ન કરે નારાયણ અને તમે પોતે જ આવી કોઈ માંદગીમાં સપડાશો તો જે પણ નિર્ણય લેવાનો હશે એ તમારી મિલેનિયમ પેઢી જ લેશે, તો એમને એ નિર્ણય માટે તૈયાર કરવા, એમને આ બધી આંટીઘૂંટીઓમાંથી પસાર થવું જરૂરી.

**૪. સ્મશાન**

અનંતની યાત્રાએ જવાનું પહેલું પગથિયું અને જીવનનો અંતિમ પડાવ. માનવ જીવનમાં આવતા ચાર આશ્રમ અને એમાં માનવને અપાતા સોળ સંસ્કારોમાં છેલ્લો સંસ્કાર, જીવનભર જેમની આંગળી પકડી ચાલ્યા હોય એવા વડીલ કે જેમનું કાંડું પકડી જીવનની મજલ કાપી હોય એવા હમઉમ્ર ભાંડુઓ કે ભગિની કે જીવન સંગિની. ગમે એવો સંબંધ, ગમે એવી લાગણી, પણ એક વાર શ્વાસનો બંધ ખૂટ્યો એટલે એ વ્યક્તિ મટી એક બોડી થઈ જાય અને પછી નિર્જીવ લાગણીઓ સાથે પુછાતા પ્રશ્ન 'ક્યારે કાઢી જવાના છે.'

ગરમ તેલનું એક ટીપું પડતાં ફંફોલું થઈ જાય અને બળતરા સહન ન થાય ત્યાં એ પ્રિયજનને અંગૂઠે આગ દેવાની એ ઘડી. જીવનભર જે પ્રિયજન સાથે જીવન કાઢ્યું હોય એને આમ લાકડાંઓના ઢગ પર સુવાડી, કે લાલચોળ કોઈલ સાથે ધખતી ઈલેક્ટ્રિક ચિતામાં એ ટ્રોલીને ધક્કો મારી એ અગનજ્વાળાઓને સોંપી દેવાની એ ક્ષણ. જીવનની ક્ષણભંગુરતા, પાણીના પરપોટા જેવી આ જિંદગી અને જળમાંથી આંગળી કાઢો, અને એટલી સરળતાથી ભુલાઈ જતું કોઈનું અસ્તિત્વ.

આ બધું સમજવા, સ્વીકારવા, પચાવવા અને પછી 'આ પણ ટકવાનું નથી', વિચારી બધાં દર્દ ખંખેરી જીવનની બેઢંગી રફતારમાં ફરી જોડાઈ જવા જોઈતી પરિપક્વતા આ સ્મશાનની ગમગીની, મુઠ્ઠી રાળ સાથે ભભકી ઊઠતી ચિતાની જ્વાળાઓ, હવામાં ઊડીને દરેક ચહેરા, દરેક ખભા પર ફેલાઈ રહેલ રાખ જ આપશે. જીવનના આ છેલ્લાં, અંતિમ સંસ્કાર સાથે આપણી નવી પેઢીનો પરિચય એક વાર કરાવવો જરૂરી.

### ૫. અનાથાશ્રમ

'દીકરી મારી લાડકવાયી' કે 'દીકરો મારો દેવનો દીધેલ' જેવા વાતાવરણમાં જન્મેલા અને ઊછરેલાં આપણાં બાળકો, આપણી નવી પેઢી. હંમેશાં સુખ સાહેબી વચ્ચે મોટાં થયેલાં આપણાં બાળકો. સામે છેડે જન્મતાંની સાથે ત્યજી દેવાયેલાં કે કોઈ અન્ય કારણસર માતાપિતા, બંનેની છત્રછાયા ગુમાવી બેસનાર આ બાળકો. જેમને પોતાનું નામ, અટક, સરનામું, કોઈ વાતની જાણ નથી. એક તરફ આપણાં બાળકો, જેમના પગ તળે આપણે સદા હથેળી ધરી હોય. સામે આ બાળકો જેમના પગ નીચે જમીન પણ ન હોય. જીવનના બે પોલાર ઓપોઝિટ રંગ, બે ધ્રુવ, બેઉ વચ્ચેની અસમાનતા. એક તરફ આપણા રાજા બેટા, જેમણે જીવનમાં કદી 'ના' સાંભળી જ નથી અને સામે છેડે આ બાળકો, જેઓ સવારના નહાવાના એક પાણીની ડોલ કહો કે પહેરવા કોઈના ઊતરેલ કપડાં. દર થોડા દિવસે કોઈ નિઃસંતાન ધનવાન, એમનામાંથી કોઈ એકને દત્તક લેવા આવે અને જાણે દરેક બાળકના ફરી નવી દુનિયામાં જવાનાં સમણાં. ક્યારેક કોઈ ધનવાન વર્ગની કીટી પાર્ટીમાં આવેલી મહિલાઓ સાથે રાહત સામગ્રી સાથે પડાવેલ ફોટો, તો વળી એમાની કોઈ મહિલાની ગાડીમાં આગળની સીટ પર બેઠેલા શ્વાનને જોઈ એની અદેખાઈ કરતું એ નાનકડું બાળક.

આપણી અધૂરી ઈચ્છાઓ અને સપનાંઓ આપણાં બાળકો પૂરાં કરે એ લાહ્યમાં આપણે આપણાં બાળકોને પૂરેપૂરું ખીલવા જ નથી દેતા. એમની જરૂરિયાતથી પહેલાં અને એનાથી વધારે આપવાની આપણી ટેવે બાળકોને અછત શબ્દનો મતલબ જ નથી સમજવા દીધો અને એ જ કારણ છે કે આ સંતાનો મોટાં થઈ, એક નાની સરખી હાર પણ જીરવી નથી શકતાં. અનાથાશ્રમ, જીવનનો એક વરવો રંગ, સંસારની એક કાળી ડિબાંગ બાજુ, પણ આપણાં સંતાનોએ જીવનની આ વિષમતાને એક વાર નજીકથી જોવી જરૂરી.

### ૬. વૃદ્ધાશ્રમ

જીવન આશ્રમની છેલ્લી અવસ્થા. જ્યાં તન, મન અને ધન ત્રણે ધીરે ધીરે સાથ છોડી રહ્યા હોય. ઉપરથી જે સંતાનો પાછળ આખી દુનિયા સાથે વેર કીધાં હોય એ સંતાનો જ વેરી થયાં હોય. જે ઘરની ઈંટથી ઈંટ જોડી હોય એ જ ઘરમાં, પોતાના સંતાનોને જ્યારે તમે ''વારેઘડીએ વચ્ચે આવતા હોવ''. જ્યારે ઉંમર સાથ છોડી દે, શરીર રોગોનું ઘર બનવા લાગે. શરીરની શક્તિઓ ખૂટવા લાગે અને ત્યારે એ બધા જ વૃદ્ધો જ્યાં લાચાર થઈ બેસેલા (કે પૂરેલા) જોવા મળે એવો આશ્રમ એટલે વૃદ્ધાશ્રમ.

કોઈ ખૂણે, કોઈ વૃદ્ધ કહેતો હોય કે ''અહીં બધા મારી ઉંમરના મળી રહે, એટલે મને અહીં વધુ ફાવે''. તો બીજા ખૂણે કોઈ વૃદ્ધા (પોતાના જન્મદિવસ નિમિત્તે બધાને મીઠાઈ વહેંચવા આવનાર) યુવકને કહેતી હોય કે ''મારો દીકરો વન રૂમ કિચનમાં રહે, એટલે મને બહુ સંકડાશ પડે, એટલે હું તો અહીં આવીને મારી રીતે રહું.'' બેઉ વૃદ્ધ અને વૃદ્ધા એક વાત કરતાં હોય અને એમની આંખોમાં આવતાં ઝળઝળિયા બીજી વાત સમજાવી જાય. બાજુના ઓરડામાં કોઈ વૃદ્ધ આખી દુનિયાનો આક્રોશ, પોતાની થાળીને ફેંકી આશ્રમના કોઈ કર્મચારી પર કાઢતા હોય. તો અમુક નીલકંઠ (જેઓ દુનિયાનું આ વિષ પચાવી બેઠા છે), બે બાંકડે બેસી, ખોટેખોટા હાસ્ય સાથે ચાલતી લાફ્ટર ક્લબ સાથે દુનિયા પર (કે પોતાના ભાંગી ગયેલ અસ્તિત્વ) પર હસી રહ્યા હોય. એ ખડખડાટ હસી રહેલ દરેક વૃદ્ધ, બસ હું કેટલો ખુશ છું એ પુરવાર કરવાના અભિનયમાં ઓતપ્રોત હોય. ''ઝૂકતી

હૈ દુનિયા, ઝુકાનેવાલા ચાહીએ'', એ જેમનો જીવનમંત્ર હતો, એવા કેટલાય વિરલા, ઉધરસ ખાતાં ખાતાં, અને સાથે સાથે આ દુનિયાની ઉપેક્ષા જીરવતાં જીરવતાં કમરથી ઝૂકીને, વળીને જમીન પર પોતાની વેરાયેલી મહત્તાને શોધતા હોય.

જિંદગીની આ બાજુ, જ્યાં બેઠેલ દરેક વૃદ્ધ, વૃદ્ધાને બસ બે આશ છે. એક પોતાના સંતાનનો ફોન આવવાની (મળવાની આશા તો ઘણી પહેલાં જ મારી નાખી) અને બીજી પોતાના શ્વાસોના બંધ તૂટવાની ક્ષણની રાહ. દુનિયા જીતવાની હૉડમાં લાગેલા, પથ્થરને પાટુ મારી પાણી કાઢવાની શક્તિ ધરાવતા પોતાના જમાનાના એ સિકંદર કે નેપોલિયન. આ લાચાર સિકંદરો, આ બેબશ નેપોલિયન્સને એક વાર આપણાં બાળકો મળશે તો, કદાચ એમને ઊગતા સૂરજને પૂજતી આ દુનિયાનો આ એક કાળો રંગ પણ જોવા અને જાણવા મળશે.

**૭. દરિયાકિનારો/પર્વતમાળા**

જીવનની લગભગ બધી વિષમતાઓ, વરવા રૂપ આપણાં સંતાનોને બતાવ્યા પછી છેલ્લે એમને કુદરતના શરણે, નિસર્ગના ખોળે લાવવાં જરૂરી.

નરમ બ્રેડને શેકીને કડક કરવા માંગતો, તો કડક બિસ્કિટને ચામાં ઝબોળી નરમ કરવા માંગતો આ કાળા માથાનો માનવી. એને દર વસ્તુમાં બધું જ બદલી નાખવું છે. અને બધું કર્યા પછી પણ, બધાને પોતાના અનુરૂપ કર્યા પછી પણ એ કદી ન ખુશ હોય છે ન સંતોષી.

દરેક ભૌતિક વસ્તુ જેને આપણે રિમોટથી બંધ ચાલુ કરી શકીએ, કલર બદલાવી શકીએ, અવાજ ઓછો કે વધુ કરી શકીએ. અને છતાં એ આપણને છેવટે કંટાળો, સ્ટ્રેસ, એકલાપણું જ આપે. સામે છેડે, આ કુદરતે આપેલ નિસર્ગના ભંડાર અને આપણે સૌ ન આકાશના વોલપેપરના રંગ બદલી શકશું, ન દરિયાના ઘૂઘવાટનો વોલ્યુમ ઓછું કરી શકશું. ન આપણે કીડીને કણ અને હાથીને મણની એની સિસ્ટમ સમજી શકશું. કરોળિયાની ઝાળ હોય કે માછલીના રંગોનો ભેદ કે પછી આગિયામાંથી આવતો પ્રકાશ કે પછી ઈયળથી કોશેટુ અને એ કોશેટામાંથી નવો જન્મ લેતું પતંગિયું. ફૂલોમાં છુપાયેલ મધના કટોરા અને સાથે સુગંધના ભંડાર બધું જ આપણી સમજની બહાર.

એટલે જ છેલ્લે વાત કરવી છે કે આ નિસર્ગ, આ કુદરત, જેમાં આપણે કોઈ બદલાવ નથી લાવી શકતા, એ આપણામાં ઘણા બદલાવ લાવી શકે છે. જ્યારે પણ હાર્યા, થાક્યા, પાક્યા હો બસ થોડી વાર એ વિરાટ સમુદ્રની સામે બેસી એની અફાટ વિશાળતા, એનાં અઘધઘ મોજાંઓને નિહાળતા બેસો કે હિમાચ્છાદિત પર્વતોને નિહાળો અને ફરી જીવન જીવવાની બધી શક્તિ એ દરિયાલાલ કે ડુંગરશીભાઈ પાસેથી ન મળે, એ વાતમાં માલ નહીં. હું કે તમે જ નહીં, વિજ્ઞાન અને મનોવિજ્ઞાન પણ આ વાતની સાબિતી પૂરે છે કે દરિયો હોય કે પર્વત કે નદી કે ઝરણાં, એમના જેવી તણાવ ઓછો કરવાની શક્તિ કોઈ દવામાં ન હોઈ શકે.

એ વિશાળ દરિયો હોય કે ઊંચા પર્વતોની માળા. જાણે, અજાણે, પરમ પિતાનાં આ વિશાળ સર્જનો, આપણને આપણા અસ્તિત્વનું સાચું માપ બતાવી, સમજાવી કહે છે કે 'એ પરમ પિતાની સૃષ્ટિમાં આપણે મગતરું પણ નથી' અને બસ એ સંદેશ આપણને સૌને એક માપમાં રહેવા, જીવવા માટે....

– રતાડિયા ગણેશવાલા

મો.: ૯૮૯૨૮૧૫૩૬૭

# માંડવી (કચ્છના વતની ગુજરાતના નૃત્યમહર્ષિ
# કળાઉપાસક : ધરમશી મૂળજી શાહ
## જન્મ : ૫મી એપ્રિલ, ૧૯૨૦ - નિધન : ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૭

ભરત 'કુમાર' પ્રા. ઠાકર

કોઈ વ્યક્તિ જીવનના નવ દાયકા વિતાવ્યા પછી પણ પોતાના ક્ષેત્રમાં અને તે પણ 'નૃત્ય' જેવા કળાના ક્ષેત્રમાં સક્રિય હોય એ થોડું નવાઈ પામવા જેવું કહેવાય! વળી, વેપારવણજ સાથે વિશેષ નિસબત ધરાવતી વણિક વ્યક્તિ કળાક્ષેત્રે અને તેમાં પણ નૃત્યક્ષેત્રે કાઠું કાઢે એ પાછી બીજી નવાઈ! આવી આગવી પ્રતિભાના સ્વામી એટલે મૂળે કચ્છ-માંડવીના વતની અને સંસ્કારનગરી ભાવનગર વસેલા નૃત્યમહર્ષિ ધરમશીભાઈ મૂળજીભાઈ શાહ! એમના જન્મશતાબ્દી વર્ષે એમને યાદ કરીએ...

### જીવનનો નિર્ણાયક મોડ

કચ્છમાં તો એ કંઈક અંશે અલ્પખ્યાત રહ્યા, પણ ભાવનગરમાં અને ગુજરાતના કળાજગતમાં એમના નામ અને કામથી સૌ જાણકાર છે. એમણે ભારતની વિવિધ નૃત્યશૈલીઓની તાલીમ લીધેલી. નૃત્યના પહેલા પાઠ શાંતિનિકેતનમાં અને પછી અલમોડામાં શીખ્યા તથા ભાવનગરમાં કળાવિદ્યાલય પણ સ્થાપી તેનું દાયકાઓ પર્યંત સંચાલન કર્યું. યુવાનીનો થનગનાટ ને ઉત્સાહ એમણે જૈફ વયે પણ જાળવ્યા. આદર્શ કલાગુરુ અને આદર્શ વ્યક્તિ સાથે ગૌરવવંતા ગુજરાતી તરીકે પણ નામના કમાયા.

**૫મી એપ્રિલ, ૧૯૨૦ના** માંડવી (જિ. કચ્છ) ખાતે વણિક પરિવારમાં જન્મેલા ધરમશીભાઈ બાળપણથી જ માતાપિતાથી વંચિત રહેલા, પણ તેની ખોટ મોટા ભાઈ વાડીલાલભાઈએ પૂરી દીધેલી. એમની સાથે રંગૂન (બ્રહ્મદેશ) પ્રયાણ કર્યું જે ધરમશીભાઈના જીવનનું વળાંકબિંદુ બની રહ્યું. ત્યાં ભંડોળ માટે આવેલા દક્ષિણામૂર્તિ (ભાવનગર)ના સ્થાપક નૃસિંહપ્રસાદ કાળીદાસ ઉર્ફે નાનાભાઈ ભટ્ટ (૧૮૮૦-૧૯૬૧) સાથે મુલાકાત થતાં બાળ ધરમશીને સારા ભણતર માટે તેમાં દાખલ કરવાની વ્યવસ્થા ગોઠવી.

### 'નૃત્યકાર' થવાનો નિશ્ચય

આમ, ૧૯૩૧માં તેઓ કળાનગરી ભાવનગર આવ્યા અને જાણીતા કેળવણીકાર મૂળશંકર મોહનલાલ ભટ્ટ (૧૯૦૭-૮૪) પાસે શિક્ષિત-દીક્ષિત થયા. દરમ્યાન, ૧૯૩૫માં મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહિલે (૧૯૧૨-૬૫) ભાવનગરમાં પ્રસિદ્ધ શાસ્ત્રીય નૃત્યકાર પંડિત ઉદયશંકર (૧૯૦૦-૭૭)નો કાર્યક્રમ ગોઠવ્યો હતો. તેમાં ગયેલા વિદ્યાર્થી ધરમશીએ એમની પ્રભાવક નૃત્યશૈલી જોઈ એમણે મનોમન 'નૃત્યકાર' થવાનો સંકલ્પ કરી લીધો!

તેથી મેટ્રિક (ત્યાંની વિનીત) થયા પછી ૧૯૩૯માં તેઓ રવીન્દ્રનાથ ટાગોર (૧૮૬૧-૧૯૪૧)ની વિખ્યાત કલાસંસ્થા શાંતિનિકેતન (બોલપુર)માં ગયા. ત્યાં એમને ગુરુદેવની સંગાથે મનભાવન નૃત્ય અને સંગીતનું વાતાવરણ મળ્યું. ત્યાં ગાયેલાં વર્ષામંગલનાં ગીતો જ આગળ જતાં ગુજરાતી કવિઓનાં વર્ષાગીતોની નૃત્ય-સંરચના કરવા માટે પ્રેરણા બન્યાં. દરમ્યાન ૧૯૪૧માં વડીલબંધુ વાડીભાઈનું અવસાન થતાં અને એમની મળતી આર્થિક મદદ બંધ થતાં તેઓ ત્યાં પોણાબે વર્ષ જ રહી શક્યા અને ભાવનગર પાછા આવ્યા.

### પાંચ નર્તનશૈલીના જ્ઞાતા!

અલમોડાની તાલીમ પછી ઘરશાળા સંસ્થામાં એમને ઈતિહાસ શિક્ષક તરીકે નિમણૂક મળી. અલમોડામાં કવિ કૃષ્ણલાલ શ્રીધરાણી (૧૯૧૧-૬૦) તથા ભાવનગરમાં પ્રહ્‌લાદ પારેખ (૧૯૧૧-૬૨)નાં ઋતુગીતોના નૃત્યસંસ્કરણનું કાર્ય એમણે સુપેરે પાર પાડ્યું.

તેઓ પોતાના સમગ્ર જીવનને આકારિત કરવાનું પૂર્ણ શ્રેય એમના જીવન પથદર્શક રહેલા મૂળશંકરભાઈને આપે છે. ૧૯૪૭માં ધરમશીભાઈનાં લગ્ન પણ ભટ્ટદંપતીએ ગાંધીપદ્ધતિ મુજબ સાદાઈથી ઝવેરબહેન સાથે કરાવી આપ્યાં હતાં. પાટણ ગયેલી જાનમાં માત્ર ચાર જાનૈયા હતા : વરરાજા, મૂળશંકરભાઈ, હંસાબહેન અને એનો પુત્ર બકુલ! કન્યાને ભેટમાં એકમાત્ર બ્લાઉઝ

પીસ! લગ્ન પછી ઝવેરબહેને માધ્યમિક શાળામાં નોકરી કરીને પતિને કમાવાની ચિંતામાંથી મુક્ત કરી નૃત્ય સમર્પિત થવા મોકળાશ કરી આપી.

બહુધા નૃત્યકાર કોઈ એક શૈલીમાં પારંગત હોય, પરંતુ ધરમશીભાઈ તો પાંચ શાસ્ત્રીય નૃત્યો (કથક, કથકલી, ભરતનાટ્યમ્, ઓડિસી, મણિપુરી)ના જ્ઞાતા બન્યા! આ બધા પ્રકારોની તાલીમ એમણે વિવિધ સ્થળોના વિવિધ વિશારદો પાસેથી મેળવેલી. તેઓ ઓડિસી શીખીને આવ્યા ત્યાં સુધી ગુજરાતમાં કોઈએ તે નૃત્ય જોયું ન હતું.

જાણીતાં નૃત્યાંગના મૃણાલિની સારાભાઈ (૧૯૧૮-૨૦૧૬)ને પહેલી વાર ધરમશીભાઈએ ઓડિસી દર્શાવ્યું હતું! એમનાં શાસ્ત્રીય નૃત્યોમાં લોકનૃત્યો અને વિદેશી નૃત્યોની વિવિધ પદ્ધતિઓનું સંમિશ્રણ જોવા મળતું. નૃત્યજ્ઞ સાથે તેઓ સંગીતજ્ઞ પણ હતા અને તંતુવાદ્ય 'દિલરુબા' વગાડવામાં પ્રવીણ હતા.

## 'કલાક્ષેત્ર' સંસ્થાની સ્થાપના

મૂળશંકરભાઈની પ્રેરણા અને અદમ્ય ઈચ્છાથી ધરમશીભાઈ શાહે ભાવનગરમાં 'કલાક્ષેત્ર' નામે એક કળાસંસ્થા ગાયન-વાદન-નર્તન મહાવિદ્યાલય (૧૯૫૯)ની સ્થાપના કરી. એ રીતે પોતાને મળેલી તાલીમ, અનુભવ અને જ્ઞાનનો લાભ એમણે સમાજને આપ્યો.

ગુજરાતમાં વિધિવત્ કળાશિક્ષણ માટે એક જ વિદ્યાર્થિનીથી શરૂ થયેલી આ સંસ્થામાં આજે પણ ત્રણસો જેટલા સાધકો સંગીત-નૃત્યની તાલીમ મેળવે છે. અલંકાર, શિક્ષાવિશારદ અને વિશારદમાં કુલ બે હજાર ઉપરાંત કળાઉપાસકોએ 'કલાક્ષેત્ર' દ્વારા નિપુણતા પ્રાપ્ત કરી છે. જીવનના નેવુંના દાયકામાં પણ ધરમશીભાઈ સંસ્થામાં તાલીમગુરુ તરીકે હાજર રહેતા.

એમનું સમગ્ર અસ્તિત્વ નૃત્યમય-સંગીતમય હતું. પોતાની બહુમુખી કલાપ્રતિભા, કલ્પનાશક્તિ અને સર્જકશીલતાથી નૃત્યકળાનો એમણે વ્યાપક પ્રચાર કર્યો. વર્ષામંગલ, મેઘલીલા, પ્રેમળજ્યોતિ જેવી એમની નૃત્યનાટિકાઓ ખૂબ પ્રસિદ્ધ થયેલી. ભાવનગરમાં કળાક્ષેત્રે જાગૃતિ અને લગાવ લાવવા માટે એમણે 'વાર્ષિક રંગમંચ પ્રદર્શન' કાર્યક્રમનો આરંભ કરેલો. નૃત્યના અનેક પ્રયોગો કરવા સાથે નર્તન દર્શન, ડિક્શનરી ઑફ ડાન્સ જેવાં નૃત્યવિષયક પુસ્તકો પણ લખ્યાં.

## સંઘર્ષ ખેડી વિકાસ સાધ્યો

નૃત્યકળા ક્ષેત્રે એમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ ૧૯૮૬માં ભાવનગરની કદરદાન જનતાએ મોરારિબાપુના હસ્તે સન્માન કરી એમને માનધન અર્પણ કર્યું. તો, એમણે તેમાં પોતાના તરફથી રકમ ઉમેરી મહાનગરમાં એક સુંદર કલાભવન માટે સમર્પિત કરી દીધી! આવા બહુમુખી કલાવંતની જીવનશૈલી પણ કેવી...? ગાંધી જેવી સાદગી, ખાદીનાં વસ્ત્રો અને શક્ય એટલી પદયાત્રા!

અનેકવિધ પુરસ્કારોથી એમની નૃત્યકળા સન્માનિત પણ થઈ છે. તેમાં ભાવનગરની જનતા દ્વારા નાગરિક સન્માન (૧૯૮૬), ગુજરાત રાજ્ય સંગીત, નૃત્ય, નાટ્યકલા અકાદમીનો ગૌરવ પુરસ્કાર (૧૯૮૮-૮૯), અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડલ (મુંબઈ) દ્વારા 'મહામહોપાધ્યાય' પદવી (૨૦૦૫), વીઆરટીઆઈ સંસ્થા (માંડવી) દ્વારા સન્માન (૨૦૦૯), ભાવનગર કચ્છી સમાજ દ્વારા સન્માન (૨૦૧૫), લિમ્કા રેકોર્ડ બુકમાં વિશિષ્ટ સ્થાન (૨૦૧૬), સંસ્કાર એવોર્ડ (૨૦૧૭), પંડિત ઓમકારનાથ ઠાકુર પારિતોષિક, ત્રિવેણી પુરસ્કાર વગેરેનો સમાવેશ થાય છે.

નૃત્યની સાધના કે કારકિર્દી એમના માટે સતત સંઘર્ષનો માર્ગ બની હતી. પરંતુ એક કચ્છી વાણિયાના દીકરાએ પોતાની સંઘર્ષયાત્રાને કેવી રીતે વિકાસયાત્રા બનાવી (સાંપ્રત સમયાનુરૂપ કહીએ તો આફતને અવસરમાં પલટાવી) તેની પ્રતીતિ એમની જીવનયાત્રા પરથી મળે છે. પોતાના કળાક્ષેત્રમાં ૭૦ વર્ષ લગી સતત કાર્યરત રહેવું એ પણ વિશેષ પ્રકારનું તપ જ છે. આ અર્થમાં નિઃસ્પૃહી ધરમશીભાઈ 'નૃત્યઋષિ' હતા.

આવા જ્ઞાનવૃદ્ધ, કલાવૃદ્ધ અને નૃત્યવૃદ્ધ ધરમશીભાઈ શાહનું જીવનના ૯૮મા વર્ષે **૧૦મી ડિસેમ્બર, ૨૦૧૭ના** ભાવનગર ખાતે અવસાન થયું. એમના શતાબ્દી વર્ષ નિમિત્તે સદગતના વતન માંડવીમાં જન્મસ્થળ પાસેના રસ્તાનું સ્થાનિક સુધરાઈ દ્વારા ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના 'કલાગુરુ ધરમશીભાઈ માર્ગ' નામકરણ કરીને એમની કાયમી સ્મૃતિ જાળવી રખાઈ છે. જન્મ શતાબ્દી વર્ષે આપણી હાર્દિક સ્મરણાંજલિ...

ફોન : ૦૨૮૩૬-૨૪૦૧૩૯/૦૯૪૨૭૨૨૩૧૫૦

E-mail id : bharatkumar15847@gmail.com

# હેલ્લારો અને ઢોલી મૂળજી

લોપા ઈલેશ ધરોડ (મારૂ)

ગુજરાતી ચલચિત્ર હમણાં ઘણાં આવ્યાં અને લગભગ દરેક પરિવારે સાથે બેસી માણ્યાં. થોડા સમય પહેલાં એવું જ એક ચલચિત્ર એટલે 'હેલ્લારો' – પહેલાંના સમયમાં સ્ત્રીની જિંદગીની વાત લઈને આવેલું અને ખાસ કરી દરેક સ્ત્રીને સ્પર્શી ગયેલું ચલચિત્ર. આ ચલચિત્ર જોઈ આવેલ દરેકને પૂછીએ તો એક જ જવાબ મળે, આ કેવો પુરુષ વર્ગ? દરેકને એક જ વાત દેખાય કે સ્ત્રીઓને પુરુષના ઉપરવટ નહિ થવાનું. માર, ગાળ સહન કરવાની, પોતાના દરેક શોખને મારી નાખવાના અને ગુનો ન હોવા છતાં પોતાના સન્માનને વારંવાર મેડી પર ચડાવી દેવાનું. જોવા જઈએ તો હજી પણ એમાં બહુ ફરક નથી પડ્યો. જ્યાં સહન થાય છે ત્યાં આ સામાન્ય બની જાય છે.

મને આ ચલચિત્રમાં, મૂળજી ઢોલીનું પાત્ર સ્પર્શી ગયું. એક તરફ આખા ગામના પુરુષ અને એક તરફ નીચી જાતિનો ઢોલી. જો કોઈ મને પૂછે કે બંનેમાં વધુ ધનવાન કોણ? તો મારો એક જ જવાબ હશે ઢોલી. તમને થશે એવું કેમ? આખા ચલચિત્રમાં તે માટે અનેક હૃદયસ્પર્શી કારણ છે.

* પાણી પીવડાવી પોતાનો જીવ બચાવનાર બહેનોને માટે તે પોતાના જીવની ચિંતા કર્યા વગર ઢોલ વગાડે છે.

* આટલી સ્ત્રીઓ સામે હોવા છતાં, ઊલટ ફરીને ઢોલ વગાડે છે. ન વિકાર છે ન એવા વિચાર કે કોઈનો ફાયદો ઉઠાવે.

* મૂળજી ઢોલી, જે પોતાની પત્ની અને દીકરી માટે ઢોલ વગાડે છે. એક પિતા તરીકે દીકરી માટેનો અગાધ પ્રેમ અને પત્ની માટે અપાર આદર.

* પત્ની અને દીકરીનો જીવ જતાં રઘવાયો બન્યો. સતત પોતાના અંતરમનમાં તેમના માટેનો સ્નેહ, દરેક દીકરીને બહેન અને પુત્રી સમાન આદર.

* ગામમાં ઢોલી તરીકે આવ્યા પછી પણ, કોઈ પાસે ન ચૂગલી કે ગામની બહેનો રોજ ગરબા ગાય છે.

* જ્યારે ગામના પુરુષોને ખબર પડે છે અને તેને મારવા તૈયાર થાય છે ત્યારે એક માગણી ઢોલ વગાડવાની અને એક પવિત્ર મનનો વિચાર કે મારી બહેનોમાં નવો વિશ્વાસ ભરું. તેમના પર થયેલા મારને શીતળતા આપું. તેમના સન્માનને ફરી જીવંત કરું.

* પોતાની જિંદગીને દાવ પર લગાડીને દરેક બહેનનો ભાઈ બની બોલ્યા વગર મોટું કામ કરી લીધું.

* સૌથી મોટી વાત કે જેના વડે તેની દીકરી અને પત્ની જીવતાં સળગી ગયાં હતાં, તેમના તરફ ન બદલો લેવાની ભાવના કે ન દ્વેષ.

* એક જ વિચાર કે પવિત્રતા, મનની પારદર્શકતા અને અગણિત લાગણી માત્ર અને માત્ર પરિવાર માટે

આ દરેક પાસાંઓને સમજવા જરૂરી છે, કારણ કે આજે જે લગ્નજીવન તૂટી રહ્યાં છે તેને માટે ઉપરોક્ત વાતો વિચારવા જેવી છે. તમને થશે કે એક સ્ત્રી છું એટલે સ્ત્રીને લગતી દરેક બાબત મને સ્પર્શી જાય છે. આજે આપણે રીયુનિયન, પહેલા પ્રેમ, અને નવા નવા ચહેરા સાથે એટલા જલદી સોશિયલ મીડિયાથી મળી જઈએ છીએ કે આપણી સાથેના પાત્રને દૂર કરી નાખીએ છીએ. પહેલા સગાંસંબંધીને ત્યાં મળવા જવાની પ્રથા હતી, વારેતહેવારે બધા ભેગા થતા હતા. સામાજિક શરમ નડતી હતી, પણ હવે એક જ વિચાર એ હોય, થોડા દિવસમાં લોકો પણ ભૂલી જશે. તો હરકત નથી ખોટું કરવામાં.

કામના સમયમાં પણ સમય ચોરીને સંદેશા ને વિડિઓ કોલ સામાન્ય થઈ ગયા છે.

હમણાં જ બહુ ગાજેલો કિસ્સો કે વેવાઈ અને વેવાણ ભાગી ગયાં. દીકરા-દીકરીના લગ્નને બાજુ પર રાખી, સમાજની શેહ રાખ્યા વગર અને સંતાનના ભવિષ્યનો વિચાર કર્યા વગર, જૂના પ્રેમને ફરી યાદ કરી આવી ઘટના બને ત્યારે શું થાય? થોડા દિવસ વાતો થાય અને ત્યાં સુધી નવી કથા આકાર લઈ લે. પણ વિચાર કરો, જે વ્યક્તિ આ કરે છે, ત્યાં માત્ર બે દિવસનું અજવાળું હોય, કોઈ શાસ્ત્ર કે ધર્મ એમ નથી શિખવાડતો કે સપ્તપદીની ફેરીમાં આપેલા વચન તોડી, સંતાનોને પ્રશ્નાર્થમાં મૂકી, મા-બાપના સંસ્કારોને અભરાઈ પર ચડાવી, પોતાના હસતા રમતા સંસારને, એક નાજુક પળમાં વિખેરી દો. માનું છું કે કોઈ સંજોગ એવા આવે કે, પોતાના જીવનસાથી સાથે વિચારોનો તાલમેલ જ ન રહે. માત્ર દુનિયાને બતાવવા જ સંબંધ રહ્યો હોય. પણ તે માટે એવું અવિચારી પગલું કઈ રીતે ભરાય? જ્યાં તાલમેલ નથી તેના પર કાઉન્સેલિંગ કેમ ન કરાય? લગ્નના પ્રથમ જ દિવસથી તાલમેલ ન હોય તે બને નહિ. તો પછી ખોવાઈ ગયેલા તે પ્રેમને જીવંત કરવાની ચાહ રાખ્યા વગર, લગામ વગરના ઘોડા જેમ જે મળે ત્યાં મોઢું નાખીએ તો, ક્યાંક તો અટકવું જ પડશે. અને આ વાત સ્ત્રી અને પુરુષ બંને માટે છે.

ખૂબ જરૂરી છે લગ્ન પહેલાંનું કાઉન્સેલિંગ, બહુ જરૂરી છે વિચારોમાં મનભેદ થવા લાગે ત્યારે એવા મિત્રનો સાથ ન લેતાં જે એક જ બાજુ સાંભળી સલાહ આપે કાઉન્સેલર પાસે જવું ઉચિત છે. પરિવારમાં વાત થશે તો ઘરની ચાર દીવાલની હકીકત જાણ્યા વગર દરેક પોતપોતાનો પક્ષ ખેંચશે. પણ તેમાં ક્યારેય ઉત્તર નહિ મળે કે ન સંબંધ સુધરશે. આ વાતો ન જ થાય તે માટે, સોશિયલ મીડિયાથી દૂર, પરિવારને સમય આપવાનું શરૂ કરો. તમારા જીવનસાથી સાથે દરેક વાત પારદર્શકતાથી ચર્ચા કરો. સાથે મળી નિર્ણય લો. તમારી અંગત વાતોને બીજાની માત્ર અને માત્ર લાગણી મેળવવા ખોટી રીતે રજૂ ન કરો. virtual relations ને actual relations પર હાવી થવા ન દો.

બહુ સરળ છે માનવું, લોકો સામે કંઈ નથી કહેતા કે શું ફરક પડશે. બે-ચાર દિવસમાં બધું ભુલાઈ જશે. તમારું એક ખોટું પગલું અને એક ઉતાવળો નિર્ણય, વર્ષોના નામને, સંતાનના ભવિષ્યને અને સમાજમાં શાખને એ દુનિયામાં લઈ જશે જ્યાંથી આંખ મેળવીને તમે શું તમારા પરિવારજનો પણ નીકળી નહિ શકે. તમારા કરેલા કર્મ તમારાં સંતાનો પર હાવી ન થઈ જાય તેનો સંપૂર્ણ ખ્યાલ રાખવાની જવાબદારી તમે સંતાનના જન્મ સાથે જ લીધી છે. ભલે તમારી દૃષ્ટિએ તમારા જીવનસાથીનો વાંક હોય, તમારાં એ સંતાનોને જરૂર પૂછી લેજો, શું તેઓ તમારા આ વર્તનને આવકારે છે. અરીસા સામે આવતા એ ચહેરાને જરૂર પૂછી લેજો, શું તમારા આત્માને આ ગમે છે? સાથે તમારા ઘરના જે વડીલ હોય તેને જરૂર પૂછી લેજો, શું તેઓ આ સંબંધને માન્ય રાખશે? ચલચિત્રના પાત્રને જીવન પર એ હદે હાવી ન બનાવો કે તમારી જિંદગીના પાત્ર જ વિખેરાઈ જાય. ચલચિત્રનાં હીરો-હિરોઈનને તેમના કામના રૂપિયા મળે છે. તે જોઈને એવા સંબંધોમાં આગળ ન વધો કે જિંદગીના દરેક પાત્ર તમને સવાલ પૂછવા લાગે.

કોઈ એક બાજુની વાત સાંભળી કોઈને સલાહ કે એ લાગણી ન આપો કે આગળ જઈ તમને મુશ્કેલી થઈ શકે. આજે તો ફોન રેકોર્ડિંગ અને વિડિયો રેકોર્ડિંગનો જમાનો છે. માટે વગર વિચારે એવી વાતો ન કરો કે સામેવાળી વ્યક્તિ તમારો ફાયદો ઉઠાવી શકે. બાકી સત્ય સનાતન છે. આજે કદાચ ખોટું કરનારનો દિવસ સારો હોય પણ જીત એ સત્યની જ થાય છે. અને સત્ય કડવું જ લાગશે જ્યારે તેનો પંજો તમારા પોતાના પર આવશે. કર્મ આ જન્મમાં જ ખોટા કાર્યનો હિસાબ જરૂર માંગશે. માટે મૂળજી ઢોલી બની, જીવનને દીપાવજો અને પોતાના પરિવારને સ્નેહની, પ્રેમની અને હૂંફની લાગણી જરૂર આપજો.

# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

*સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે આપવામાં આવેલ છે.*

| | | |
|---|---|---|
| પુસ્તક | : | દેવોની ઘાટી |
| લેખક | : | ભોળાભાઈ પટેલ |
| પ્રકાશક | : | આર. આર. શેઠની કંપની – મુંબઈ/અમદાવાદ |
| પ્રકાશન વર્ષ | : | ૧૯૯૩ (બીજી આવૃત્તિ) – [૧૯૮૯ (પ્રથમ આવૃત્તિ)] |

થુંબાનો વિશાળ ખુલ્લો સાગરતટ. ઉપર ખુલ્લું આકાશ, દરિયાકિનારાની લાલાશ પડતી સફેદ રેતી, નારિયેળીનાં ઝુંડ, નારિયેળીનાં આ ઝુંડ વચ્ચે નાની નાની ઝૂંપડીઓ અને નાનીશી હોડીઓ કેવું સમૃદ્ધ જીવન! મનની સંદુકમાં કેવું ગોઠવાઈ ગયું છે બધું. મનની મોકળાશે બધું સુંદર, આનંદમય ભાસી રહ્યું છે અને પાછા આવી પહોંચ્યા બાર્ટન હિલ. અહીં વરસતી ચાંદની ક્યારથી રાહ જોઈ રહી છે.

અને એક સાંજે કવિ અય્યપ્પા પણિકર કહી ગયા ત્રણેક વાગે આવીએ છીએ. આપણે વેલી જવાનું છે અને અય્યપ્પા ગાડી લઈને આવી પહોંચ્યા. વેલી પણ દરિયાકિનારો જ છે. વેલી પહોંચ્યા ત્યાં નાગોડિયો વરસાદ. તડકો પણ હતો. પેલું વાદળું તો વરસી ગયું અને પૂર્વના આકાશમાં ઈન્દ્રધનુ. નાળિયેરીઓ વચ્ચે વરસાદ, તડકો અને ઈન્દ્રધનુ અને સાથે કવિ અય્યપ્પા.

વેલીને પિકનિક સ્પોટ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. અહીં બોટિંગ ક્લબ છે. ત્યાં અય્યપ્પા બધાને દોરી ગયા માથે રૂમાલ બાંધેલા એક શ્યામવર્ણ સજ્જન પાસે. એ હતા કુંજીરામન. કલાકાર વેલીનો પૂર્ણ પ્લાન એમનો જ. આ કલાકાર હાથમાં પાવડો લઈ માટી સરખી કરી રહ્યા છે. એમનાં પત્ની પણ કલાકાર પતિને મદદ કરી રહ્યાં હતાં. કુંજીરામન અને અય્યપ્પા મિત્રો. એક કલાકાર-શિલ્પી અને બીજા કવિ. પછી તો એ શિલ્પીએ બધે ફરીને આખી યોજના સમજાવી. એમણે એક વિરાટ શંખ તરફ ધ્યાન દોર્યું. આ સિમેન્ટનો શંખ તૈયાર થઈ જતાં એમાં બાળક ચડ-ઊતર કરતાં રમી શકશે અને અય્યપ્પાએ પૂછ્યું

આ લીલી ટેકરી જોઈ? શાનો આકાર લાગે છે? ધ્યાનથી જોયું – આહ! આ તો નારી મૂર્તિ, સૂતેલી. આ મોઢાનો ભાગ, આ છાતીનો ભાગ, આ એક ઢીંચણથી વાળેલો ઊંચો પગ અને આ એક લાંબો પગ! 'ધ અર્થ રિલૅક્સિંગ!' અદ્‌ભુત કલ્પના. કુંજીરામન્ આછું આછું હસતા હતા.

ઈસ્ટફોર્ટથી અય્યપ્પા છૂટા પડ્યા. કોવાલમનો

દરિયો કેટલો ભવ્ય છે! લેખકે નક્કી કર્યું છે કોવાલમના સાગરકાંઠે સ્નાન કરવાનું..

પ્રચંડ મોજાં ભય તો ઉપજાવતાં હતાં, પણ નિર્ણયનો ભંગ ન કર્યો. એક વાર દરિયાનાં પાણીમાં આનંદ પડી ગયો પછી જલદી નીકળવાની ઈચ્છા ન થાય. એક પ્રચંડ મોજાએ લગભગ મને કાંઠે ફેંકી દીધો.. દરિયા આગળ આપણું શું ગજું? આપણું એ ગર્વભંજન કરે છે અને નમ્ર બનાવે છે.

કૉવાલમને સાગરતટે ગંભીર સાંજ. સૂર્યાસ્ત પછીનો આછો અંધકાર ઊતરી આવ્યો.. પાણીનો રંગ બદલાતો ગયો. એક ખડક પર બેસી સાગરના સાન્ધ્યરૂપને જોયા કર્યું, એના સાન્ધ્ય સંગીતને સાંભળ્યા કર્યું. પછી ચૂપચાપ અમે ઊભા થયા અને સાગરની વિદાય લીધી હતી, મૌન. સાગર ગરજતો રહ્યો હતો, ગરજે છે, હિલ્લોળાય છે સાગર ઊંડે મનમાં-ફરી પાછી કવિતાની પંક્તિઓ -

ધેર ઈઝ ઓશન ઈન મી,

સ્વેઈંગ, સ્વેઈંગ ઓ, સો ડીપ...

અરે! કેરળની હરિયાળી, સાગર કિનારા, બૅક વોટર્સ, મંદિરો વિશે ઘણી વાતો કરી પણ અહીં આવવાનો ઉદ્દેશ તો જુદો જ છે. એ વિશે તો વાત જ નથી કરી. અહીં દિલ્હીની સાહિત્ય અકાદમી તરફથી આયોજિત સાહિત્યિક અનુવાદની કાર્યશાળામાં આવ્યા છે લેખક. ત્રિવેન્દ્રમની મનોરમ બાર્ટન હિલ પર આવેલી ઈન્સ્ટિટ્યૂટમાં આઠ ભાષાના સાહિત્યકારો ભેગા થયા છે. આ કાર્યશાળા ૨૧ દિવસની છે. ગુજરાતી, મરાઠી, સિંધી, કોંકણ, તમિળ, તેલુગુ, મલયાલમ અને કન્નડના સાહિત્યકારો ભેગા થયા છે. કાર્યશાળાનું ઉદ્‌ઘાટન ઉમાશંકર જોષીએ કર્યું. અને આ અનુવાદની કાર્યશાળાનું પ્રયોજન સમજાવતાં લેખક લખે છેઃ

હમણાં હમણાં દેશની એકતા અને અખંડિતતાની વાતો બહુ થાય છે, પણ અનેકતા આપણા દેશ અને સંસ્કૃતિની વિશેષતા છે. અનેકતા જાળવીને એકતા કેવી રીતે રાખવી? જેમ કે કેટલી બધી ભાષાઓ આપણા દેશમાં બોલાય છે? હવે બધી ભાષાઓની અસ્મિતા જાળવીને આપસ-આપસમાં વહેવાર કેવી રીતે કરવો? જુદી જુદી ભાષાવાળાઓએ એકબીજાને કેવી રીતે જાણવા? વળી દેશની બહાર દુનિયાની વાત પણ કરવી હોય ત્યારે ભાષાનું વ્યવધાન એક મુખ્ય. એ વ્યવધાન પાર કરવાનું સાધન તે ભાષાંતર-અનુવાદ.

અને લેખક સંકોચ અને શરમના ભાવ અનુભવતાં કહે છે. આપણે અંગ્રેજી ભાષા વિષે ઘણું જાણીએ છીએ. અને અંગ્રેજીના માધ્યમ દ્વારા ફ્રેંચ, જર્મન, રશિયન સાહિત્યને પણ ઓળખીએ છીએ. આપણી પડોશી ભાષા મરાઠીના સાહિત્ય વિશે થોડુંઘણું જાણીએ છીએ. પણ આપણા જ દેશની દક્ષિણની ભાષાઓ તમિળ, તેલુગુ, મલયાલમ, કન્નડ, કોંકણી અને સિંધી ભાષા અને સાહિત્યનો કેટલો પરિચય છે આપણને? એનું કારણ છે, આ ભાષાઓના સાહિત્યના અનુવાદો મળતા નથી અને દક્ષિણવાસીઓને આપણા ગુજરાતી અને મરાઠી સાહિત્યની કશી જ ખબર નથી. હવે આપણે દેશની એકતાની વાત કયે મોઢે કરી શકીએ? આ કાર્યશાળા માટે દરેક ભાષાના ચારથી આઠ અનુવાદકોની પસંદગી કરવામાં આવી છે. અત્રે ગુજરાતી ભાષાના અનુવાદકોમાં અધ્યાપિકા અનિલા દલાલ જ હાજર હતાં જ્યારે અન્ય ભાષાઓના લગભગ બધા જ સામેલ હતા. આ છે આપણી સ્થિતિ.

કાર્યશાળામાં, અનુવાદકે મૂળ રચનાને કેટલા વફાદાર રહેવું અને એનાથી કેટલા સ્વતંત્ર રહેવું?

અનુવાદ સાથે સંકળાયેલી વિવિધ સંજ્ઞાઓ– ભાષાંતર, ભાવાનુવાદ, સ્વૈર અનુવાદ, રૂપાંતર, પરિવર્તન, આશયાનુવાદ, પુનર્કથન, પુનર્રચના, અનુરચના, અનુલેખન, છાયા અને ભાષાંતરનાં સ્વરૂપો વિશે ચર્ચાઓ થતી રહી. અહીં જાણવા મળ્યું કે આપણી ગુજરાતીની જેમ મલયાલમમાં પણ 'તરજુમો' કે 'વિવર્તન' સંજ્ઞાનો ઉપયોગ થાય છે. કવિતાના અનુવાદના પ્રશ્નો તો સાવ નિરાળા હતા. ભારતની એક ભાષામાંથી અંગ્રેજીમાં થયેલા અનુવાદ પરથી બીજી ભારતીય ભાષામાં અનુવાદ કરતાં મૂળ રચનાથી કેટલા દૂર જતા રહેવાય છે એની પણ વાતો થઈ. ઘણી ઘણી ચર્ચાઓ થઈ અને પછી લેખક કહે છેઃ

કેરળની રમ્યભૂમિમાં રમ્યતર તિરુવનન્તપુરમ્‌માં રમ્યતમ બાર્ટન હિલ પર રહીને વરસી જતા વરસાદ વચ્ચે ચાલીસ જેટલા ભાષા-સાહિત્યના પ્રેમીઓ વચ્ચે ભારતની આઠ ભાષાની ચર્ચા રજા સિવાય લગાતાર એકવીસ દિવસ ચાલે એ એક અનુભવ છે. હવે બસ કરું.

ભાષા અને અનુવાદની વાતો તો કરી. ચાલો હવે ફરી સૌંદર્યભૂમિ કેરળનાં જંગલો અને પહાડોની વચ્ચે જઈએ.

કોઈ સુંદર સ્થળે એકલા પહોંચી જતાં એક પ્રકારની મધુર બેચેનીનો અનુભવ થવાનો. જોકે એકલા હોવાનો એક પરમ લાભ એ છે કે આપણે છીએ અને સામે સૌંદર્ય છે એ અંતરંગ-મૈત્રી વચ્ચે કોઈ વ્યવધાન નથી. બસ, એક પ્રાચીન-પુરાતન જંગલનાં વૃક્ષો વચ્ચે સરસરાટ કરતો પવન વહે છે, જે તેની શાખાંતરાલોમાં બેઠેલાં પંખીઓના પ્રલંબ સ્વરોની ઑરકેસ્ટ્રા આપના કાન સુધી પહોંચાડી દે છે. જંગલમાં જાણે આ સિવાય કોઈ નથી.

અને લેખક છે પશ્ચિમઘાટના પહાડોમાં ઊંચાઈ પર ફેલાયેલા જંગલમાં. આ ઊંચાઈએ જંગલમાં એક નદી-સરોવર આવેલું છે. આ પેરિયાર નદીનો પ્રદેશ. મલયાલમ ભાષામાં 'પેરિ' એટલે મોટો-વિશાળ અને 'યાર' એટલે નદી, પ્રવાહ આમ પેરિયાર એટલે મોટી નદી. એનું મૂળ નામ તો છે પૂર્ણા. જગદ્‌ગુરુ શંકરાચાર્યનું ગામ કાલડી પૂર્ણાને કિનારે આવેલું છે. પેરિયાર સરોવર પશ્ચિમઘાટના પહાડોમાં છે. આ પ્રદેશ લીલોછમ. ભરપૂર વરસાદ વરસે. પૂર્વની બંગાળના ઉપસાગરથી આવતી વાદળીઓ અહીં વરસે અને પશ્ચિમે અરબી સમુદ્ર પરથી વાદળો વરસે. લેખક વર્ણવે છેઃ

પેરિયાર પશ્ચિમઘાટમાંથી નીકળતી નદી છે. પહાડોના જંગલમાંથી એ વહે છે, પણ પછી આગળ જતાં બે નજીક નજીક આવેલા પહાડો વચ્ચે બંધ બાંધી આ સ્વચ્છંદ રમણીને ગૃહિણીરૂપે એટલે કે સરોવરના સ્થિર જળરૂપે પરિવર્તિત કરી છે. હું સરોવર કહું એટલે તને કોઈ સુંદર ગોળ સરોવરનો ખ્યાલ આવે; પણ ના, આ સરોવર તો પહાડોની વચ્ચે જ્યાં જ્યાં જગ્યા મળી છે તેમ અનેક દિશાઓમાં વિસ્તરેલું છે. જાણે સરોવરની અનેક ભુજાઓ.

પેરિયાર સરોવર ૨૬ કિલોમીટરમાં વિસ્તરેલું છે. વિશાળ સરોવર અને સરોવર વ્યાઘ્રગજાદિસેવિત જંગલો વચ્ચે અહીં જંગલોમાં વાઘ છે પણ આ શરમાળ પ્રાણી ખાસ દૃષ્ટિ સમક્ષ આવતું નથી પણ જંગલી હાથીઓ-મુક્ત હાથીનાં ટોળાં ફરતાં હોય. તમારા ભાગ્યમાં હોય તો દેખા દે. લેખક કહે છે અમારા ભાગ્યમાં હસ્તિદર્શનયોગ હતો. હાથીઓનું ઝુંડ દેખાયું. મસ્તી કરતા હાથીઓનું ઝુંડ પૂર્ણ સ્વતંત્ર.

લેખક હવે કોટ્ટાયમ્‌થી તેક્કેડી (આપણે થેક્કડી કહીએ છીએ) ગયા એની વાત કરે છે. કોટ્ટાયમથી તેક્કેડી સુધીનો ચાર હજાર ફૂટની ઊંચાઈનો સંપૂર્ણ માર્ગ રમણીય. આ રમણીયતાની વાત કરતાં લેખક કહે છેઃ

આ પહાડો બધા જ લીલાછમ. આમેય સમગ્ર કેરળનો એક જ રંગ છે, અને તે લીલો - રાજકીય રીતે ભલે લાલ હોય. પણ આ પહાડોના ઢોળાવો પર રબરનાં વૃક્ષો. જરા ઊંચે ચઢો એટલે ચાના બગીચા, કૉફીનાં ખેતર. વૃક્ષોને વીંટળાયેલી બાઝેલા મરીની લતાઓ, કેળ, નાળિયેરીનાં ઝાડ, ઈલાયચી-એલાલતા-એક તસુ જગ્યા જાણે ખાલી નથી.

અને સવારના સમયમાં ફેલાયેલા ધુમ્મસની વાત કરતાં લેખક કહે છેઃ

સૂરજનાં કિરણો હજી ત્રાંસાં પથરાયેલાં અને પહાડીઓ વચ્ચેની ઘાટીઓમાંથી ધુમ્મસ રમ્ય આકારમાં ઉપર ચઢતું હોય. આ પેલા એલિયટના લંડન શહેરનાં મકાનોની કાચની બારીઓ સાથે બિલાડીની જેમ પેટ ઘસતું ચાલતું ધુમ્મસ નહિં. આ તો આપણે જે દાર્જીલિંગના પહાડોમાં જોયેલું એવું. એટલું ગાઢ નહિ, પણ એ રીતે ક્રીડામસ્ત.

તેક્કેડી સુધીનો માર્ગ પ્રસન્નકર. અહીં તેક્કેડીનું અભયારણ્ય અને પેરિયાર સરોવર. બસ લઈ આવી સરોવર કાંઠે આવેલા 'અરણ્યનિવાસ' સુધી. પણ અહીં એકેય રૂમ ખાલી નથી. અડધો કિલોમીટર પર પેરિયાર હાઉસ છે. લેખક ચાલતાં ચાલતાં જાય છે. લેખક કહે છે.

એ ચાલવાની મઝા હતી; પંખીઓના અવાજો કાનોને ભરતા હોય અને ઊંચાં વૃક્ષોનાં મોટાં પાંદડાં પવનમાં ઝૂમતાં હોય, પ્રવાસીઓ આમતેમ ચાલતા હોય.

આમાં પેરિયાર હાઉસમાં શાની જગ્યા મળે? પણ અંતે એક સિંગલ રૂમ મળી ગઈ. લેખક કહે છે : 'અહીં કોને ડબલ રૂમની જરૂર હતી! અહીં તો પ્રવાસીઓની ભરમાર, જાણે મે-જૂનમાં આબુ ગયા હોઈએ! ત્યારે લેખક કહે છેઃ

આવે વખતે આપણી જાતને ખેંચી લેવી પડે. વૃક્ષો વચ્ચે એકલા ફરવું, ક્યાંક બેંચ પર ચૂપચાપ બેસી પંખીઓના વૃન્દગાનનું શ્રવણ કરવું. ક્યાંક પેરિયારની એક લંબાયેલી શાખાનાં જળ સુધી પહોંચી ચૂપચાપ ઊભા રહેવું.

સાંજે નૌકાવિહાર કરી ફરી રાત્રિને ખોળે. સ્વચ્છ રાત્રિ, તારા તો સાવ નિકટ આવી ગયા લાગે. સવારમાં વહેલી જ એક નૌકા જઈ રહી હતી. ફરી નૌકાવિહાર.

ધીરે ધીરે જાણે એક સૌંદર્યલોક ઊઘડતો જાય છે. ગઈકાલનો સાંજનો જ માર્ગ, પણ આ સવારે અદ્‌ભુત ! ક્યાંક પહાડોનાં શિખર પર ધુમ્મસ આળોટે છે, ક્યાંક કાચો તડકો પ્રસરે છે, ક્યાંક વૃક્ષો વચ્ચેથી પ્રકાશના સ્તંભ લંબાય છે. અને આ પેરિયારજળ લહરાય છે.

ત્યાં તો જોયું, ઊતરી આવ્યું છે પાણી પીવા હાથીઓનું એક ઝુંડ. નાનાં મદનિયાં સાથે હસ્તિનીઓ અને હસ્તીરાજો. એક-બે નહિ, દશ-બાર નહિ, ગણ્યા તો પૂરા છવ્વીસ હાથીઓનું ઝૂંડ-મુક્ત વિચરણ કરતું બોટનાં મશીન બંધ કરી દેવાયાં. સ્તબ્ધતા. હાથીઓ પાણીને કાંઠેકાંઠે ચાલે છે. જળને કાંઠે પાણીને અડીને ઊગેલું કુમળું ઘાસ સૂંઢથી તોડી, પાણીમાં વીંછળી, કોળિય મોઢામાં મૂકે છે, મદનિયાં માની પાછળ સંતાય છે.

બોટથી થોડે દૂર પછી એક હાથી પાણીમાં ઊતરે છે, પાછળ બીજા અને પછી તો આખી હાર બની જાય છે. હાથીની જળક્રીડા તો જાણીતી છે. ગજેન્દ્રમોક્ષવાળી વાત તો તું જાણે છે. આટલા બધા હાથીઓને પાણીમાં તરતા ને સામે કાંઠે જતા જોઈ આરણ્યક સંસ્પર્શ અનુભવી રહ્યો.

અને હવે પછી : આદિ શંકરાચાર્યનું જન્મસ્થળ 'કાલડી'.

ફોન : ૯૩૨૩૫૪૧૩૫૧

# ઊર્મિલહર

સંપાદક: **વિશન નાગડા**

**મિત્ર,**

કાને-મંતર વિગર જેં કચ્છી શબ્દ મેં અઆજ જો પાંજો મુકાય આય 'રત' ત કરીયૂં 'રત' જી સોજાર!

(૧) રત પું = રક્ત, લોહી.

(વાક્ય) છોરે કે ટિપર મેં ધિસે લગો ને તરઈ

રત વુડ઼ી નિકર્યો

કચ્છી ભાષા મૂરત સંસ્કૃતજી ધી. ઈતરે સુભાયક આય ક ઈનજે શબ્દેંજી મૂર સંસ્કૃતમં' વેં 'રત' રક્ત મિંજા અવતર્યો આય મેં કચ્છી જે સરલીકરણ પ્રમાવ્યે વિચલો અધાક્ષરે 'ક' ઊંડી વિઝી 'રત' સરજાણું.

(૨) રત પું. સંબંધ, સગપણ વાક્ય રત ઠિસકર મેં તપે (ચૉવક) અર્થાત્ કૌટુંબિક સંબંધ લોહીની સગાઈ તે લોહીની સગાઈ ગમે તેવો સંજોગોમાં ભાઈને ભાઈ પ્રત્યે લગાવ રહે જ!

(૩) અહિં એક શબ્દપ્રયોગ ખાસ યાદ કરવા જેવો છે 'અરતીં ભતેં ભિસેં પણ રતેં ન ભિસેં' (અમે એકબીજાનું જમીએ પણ સગપણ-સંબં ન કરીએ)

રત મથે પાંજી બોલી મેં શબ્દપ્રયોગ, રૂઢિપ્રયોગ ને ચૉવકેં જા ઢિ ઈ, તેં મિજો ચુંઢેલો હિકડો મોતી આય. ''રત રોડે ભત કેણૂં આય'' (લોહી વહેવડાવી-પસીનો પાડી - મહેનત કરી ભંત એટલે કે ભોજન-અનાજ પેદા કરવાનું છે. આ કહેવત ખાસ ખેતીવાડીના સંદર્ભે પ્રયોજાય છે. ખોડૂ માડૂ પરસેવો બહાવે તો જ ધાન નીપજે....

**– વિશન**

***

**વિછટી વેંને વલેંસે**

ગરીબ કે મ હણ ગોધા ને ડુખી જો ભન દાતાર,
મલાખ ફિરે તો મોતજો, જેંમે લટકેતી તરાર,
મથો પોંધો મેધાન મેં, દુનિયાનું થિઈ તેંને ધાર,
મ રમ રાંધ કુયાઈજી, પોય કુટીને તોજો કિયાર,
હૈયે મ-થી હુશીયાર
વેસા ન કેંધા વલા
વેસા ન કેંધા વલા, તેર ભમને ઊભી ભાજાર
અધમ જો ભની એકો,, મિઠા મામૂડા મ માર,
સોબત રખ સોંજી, જેંમેં થીએ તોંજો ઓકાર
ડીં મ ફેરાય ડિંગો ભની, સીધો હલીને સાર
કરેને ખોટા કરાર
બુઠી મહલાય બ્યેં મથે
બુઠી મહલાય બ્યેં મથે, ઈ પિંઢજા એં સરાર
છડ વાગડાઈ વલેંસે, ધબજી વેંને ધરાર
મલાખ ફિરેતો મુનતેં, તેંજી રખ ધિણકાર
અલખની મ-થી અજાણ, સોંજો થિઈ ન્યતર
કઢ કુડો કાર
''અગમ''ચેં નકા વિછટી બેંને વલેંસે

**– આસમલ ધુલિયા ''આગમ''**

મો. : ૮૮૬૬૬૦૪૦૦૬

***

## તો જે નૂર મેં

હે ખુધા ફકીર ભનાયને કે ફકીરી,
જુકો અમીરી અચે ઉર મેં,
લબાચો મૂંજો મિડે લૂંટે ગિન,
જુકો વિઈ સગર તોજે મૂરમેં.
સાજ મૂંજા ફિટાય વિજ સમૂહા,
જુકો નાંઈ સરખા કિત સુર મેં,
મૂંજા ગડેચા તું ગુડે વિજ,
બૈયાર ડિસજેં ન કિહત ડૂર મેં,
ધુખાય વિજ હીં ધૂડ ધમાસો,,
મૂંજી કોરી વિઝેંતી કતૂર મેં
મૂર કઢી વિજ મગૂરાઈ જા,
'અગમ' પોય નિમરો રાં તોજે નૂર મેં.

**– આસમલ ધુલિયા ''આગમ''**

મો. : ૮૮૬૬૬૦૪૦૦૬

***

## કેટલીય યાદ નીકળે

જીવનની કિતાબ ખોલું ને કેટલીય યાદ નીકળે
ને સ્મૃતિની વાટ શોધું ને કેટલીય વાત નીકળે
આઝંઝાવતી જીવને કેટલીય વેદના નીકળે
ને નભ મહીં તારા ઝુંડમાં કેટલીય લય નીકળે
આંચકા મહીં ગઢહણરાં ખરતા હવે નીકળે,
ને પથ્થર ફાંફોસું ને કેટલાય ચોલા નીકળે.
હું ખોવાયો છું મિત્રમાં તેની પહેચાન નીકળે,
હૃદય સ્મૃતિ આવતાં આંખે અશ્રુ નીકળે.
આ જીવન સફરનો આખરી અંજામ શું નીકળે,
સ્મિત મહીં 'દિલકશ' રહું ને કંઈક વિષ નીકળે.

**– દિલીપ આચાર્ય 'દિલકશ'**

મો. : ૯૯૨૫૪૨૬૯૮૮

## કરવાને પ્રેમ...

ઈશ્વરે મોકલ્યો માનવીને;
ધરા પર કરવાને 'પ્રેમ'
ઝાડો વાવ્યાં,
કલ્લોલવા; પંખીનો સંગ.
રંગબેરંગી ફૂલો,
મ્હેક, મ્હેક થાતાં.
ભમરા કાજે,
રેડ્યાં મધુરા રસરંગ.
ઝરણાંને ખળખળ વ્હેંતાં કીધાં,
કીધો સંગિતનો સંગ.
ઈશ્વરે; માનવીને મોકલ્યો,
ધરાપર, કરવાને 'પ્રેમ'
થાકેલા પથિકને; વિસામો દેવા,
છાંયડાનો કીધો; રૂડો પ્રબંધ.
નભમાં મૂક્યા ટટમતા તારલાને,
ચાંદનીની શિતળતાનો મીઠો સંગ.
ઈશ્વરે; માનવીને મોકલ્યો,
ધરાપર, કરવાને 'પ્રેમ'
ઈશ્વરની દેનમાં;
હોય કદી વ્હેમ?

**– જ્યોતિબેન દેવચંદ ગાલા**

***

## રાજી થઈ ને રોંધા ત...

રાજી થઈ ને રોંધા ત રાજ કઈંધા
ખોટી ખટપટ કઈંધા ત નારાજ કઈંધા

- રાજી થઈને

આવકાર મિઠો દીંધા ત રાજ કળ્યા
ચાડી-ચુગલી કળ્યાં ત ડખો કરાવ્યા

- રાજી થઈને

ચોખા ચટાક રોંધા ત કાસા લગંધા
લગર-વગર કમ  કળંધામ તગરા ચોવાંધા

- રાજી થઈને

ખિલેખિલે ખારાઈંયા ત રાજ કઈંધા
વડાઈ-મિજાસ કઈંધા ત માન ઘટાઈંદા

- રાજી થઈને

મિટી બોલી બોલંધા ત વલા લગંધા
મિડભિડ જિભડ઼ી કઈંધા તે ડેઢી ચોવાંધા

- રાજી થઈને

પગે લગેં વડેં કે આશીર્વાદ ગિનજા
પ્રેમ નિંઢેં કે કિઈને મિઠા સકર ભનજા

- રાજી થઈને

**– નરેશ કાનજી દેઢિયા 'મશગૂલ'**

નાની ખાખર-દાદર ઈસ્ટ
મો. : ૮૧૬૯૨૫૪૨૭૦

***

## દુનિયા દાવાનળ છે

કોઈ સફળ છે કોઈ નિષ્ફળ છે,
આ દુનિયા કેવી દાવાનળ છે.
શંકા આશંકાની વચ્ચે, આશા એ જ નિરાશાની પળ છે.
મુખવટાં પહેરી ફરતાં લોકો, જ્યાં જુઓ ત્યાં બધે છળ છે.
દેખા દેખી જોખા જોખી, અહમ્‌તણી આ બળાબળ છે.
સંતોષ નથી કોઈને આજે, બધે જ ખોટી રડારળ છે.
વિશ્વાસ ઊડી ગયો આકાશે, ક્યાંક ગોટાળા ને ગડબડ છે.
નિશ્ચિંત મને નથી રહેવું કોઈને, હર મન આજે એક ખળભળ છે.
આતંક બેઠો અણુ શિખરે, આ મનુષ્યતાની ચળવળ છે.
સંતો બેઠા દુકાનોમાં, ત્યાં ચક્રવ્યૂહ તણી વમળ છે.
કથા કરી ઘોંઘાટ કરે, આ તો ખોટી બડબડ છે.
ક્યાંથી આવી ક્યારે આવી, નથી સમજાતી એવી કળ છે.
ઘુંટડે ઘુંટડે પી રહ્યા સૌ, હર ઘરે આંસુનાં નળ છે.

**– આસમલ ધુનિયા ''આગમ''**

મો. : ૮૮૬૬૬૦૪૦૦૬

***

## જીંદગી

ઘણા રૂપ જોયા દુનિયાના
લાંબી આ સફર જીંદગીના
હું એકલી શાને રડું
સાથી ખોયા છે ઘણા
અરે! અમને તો ''કેમ છો?''
એટલું ય... કોઈએ પૂછ્યું નથી.
અરે ! અફસોસ શાને કરો?
આમ રોજ રોજ શાને મરો...
દુનિયામાં આવ્યા છીએ એકલા
હસતાં-રમતાં બની સૌનાં વ્હાલાં
નસીબ થી મળી જિંજ્ઞદગી
એને જીવી જાણો તો જીંદગી....

**– દીના વીરેશ સંગોઈ**

કપાયા
મો. : ૯૮૧૯૭૧૫૧૭૦

# શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ
# (તા. ૧ ફેબ્રુઆરીથી ૩૦ માર્ચ ૨૦૨૦)

## માનદ્‌મંત્રીઓ

**બુકબેંકઃ–** રવિવાર તા. ૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ પુસ્તકોની આપ-લે માટે બુકબેંક ચાલુ રાખવામાં આવેલ.

**વૈદ્યકીય રાહત ફંડ :–** તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ મળેલ સમિતિની મીટિંગમાં ગામ નાના આસંબિયા (૨), નાની તુંબડી મકડા, ગુંદાલા, કોટડા રોહા (૩), છસરા, નારણપુર, નાંગલપુર, વડાલા, લાખાપુર, મોટી ખાખર, વાંઢ, ટોડા, ગઢશીશા (૨), મોટા આસંબિયા (૩), ડેપા, દેવપુર (૨), ચૂનડી, પૂનડી, કારાઘોઘા, પત્રી (૨), ભોરારા, ગોધરા, મોટા રતાડિયા એમ કુલ ૩૨ જરૂરિયાતમંદ વ્યક્તિઓને રૂ. ૪,૪૬,૧૦૦/- રકમની સહાય વૈદ્યકીય ખર્ચ પેઠે કરવામાં આવેલ.

**'નવનીત કપ' ક્રિકેટ ટુર્નામેન્ટઃ–** ગામ ગ્રુપની પ્રી ક્વાર્ટર રાઉન્ડની મેચ તા. ૬થી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન, ક્વાર્ટર ફાઈનલ રાઉન્ડની મેચો તા. ૧૧થી ૧૪ ફેબ્રુઆરી દરમ્યાન અને સેમી-ફાઈનલ રાઉન્ડની મેચો તા. ૧૯ અને ૨૦ ફેબ્રુઆરીના રોજ દાદર - માટુંગા ગ્રાઉન્ડની પિચો પર યોજાઈ. ફાઈનલ તા. ૪ માર્ચ ૨૦૨૦ના રોજ એમઆઈજી ગ્રાઉન્ડ ખાતે યોજાઈ.

**T-20 ગામ ગ્રુપઃ –** T-20 ગામ ગ્રુપની ટુર્નામેન્ટમાં ૪૧ ટીમોએ ભાગ લીધેલ જેનો ડ્રો તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવેલ. ક્વોલિફાઈંગ રાઉન્ડની મેચો ૨૦થી ૨૫ ફેબ્રુઆરી પ્રથમ રાઉન્ડની મેચો માર્ચ માસમાં દરમ્યાન માટુંગા - દાદરની પિચો પર યોજવામાં આવેલ. Lockdownના કારણે ક્વાટર ફાઈનલની મેચ રમાડવાની બાકી રહેલ

**Legend Cup:-** 'નવનીત કપ' Legend Cupની ટુર્નામેન્ટમાં આ વર્ષે ૫૦ વર્ષથી ઉપરના કુલ ૧૪૫ વ્યક્તિઓએ ભાગ લીધેલ જેની ૧૦ ટીમો બનાવવામાં આવેલ. (તા. ૪ ફેબ્રુઆરીના રોજ ડ્રો દ્વારા) આ ટુર્નામેન્ટનો પ્રાથમિક રાઉન્ડ તા. ૨૫ અને ૨૮ ફેબ્રુઆરી અને ૭ માર્ચના રોજ માટુંગા ખાતે યોજાયેલ.

**સ્ત્રી ઉત્કર્ષ યોજનાઃ–** તા. ૧૭ ફેબ્રુઆરીના રોજ મળેલ સમિતિની મીટિંગમાં ગામ શેરડી અને સાભરાઈની બે બહેનોને રૂ.૧,૫૦,૦૦૦/-ની લોન ગૃહ ઉદ્યોગ માટે આપવામાં આવેલ.

**કોમ્પ્યુટર લોન :–** આ યોજનામાં ભીંસરાના એક વિદ્યાર્થીને ભણવા માટે એક લેપટોપ લોન પેઠે આપવામાં આવેલ.

**એંકર શૈક્ષણિક લોન :–** ફેબ્રુઆરી માસ દરમ્યાન ૬ વિદ્યાર્થીને રૂ.૫,૭૫,૦૦૦/-ની લોન ઉચ્ચ અભ્યાસાર્થે આપવામાં આવેલ.

**રહેઠાણ યોજના :–** તા. ૨૦ ફેબ્રુઆરીના રોજ મળેલ સમિતિની મીટિંગમાં ગામ(૨) શેરડી, નાંગલપુર, બાડા, ડોણ, દેવપુર અને સાડાઉના કુલ ૭ વ્યક્તિઓને પોતીકા રહેઠાણ માટે રૂ.૧૨,૭૫,૦૦૦/-ની લોન વિતરિત કરાયેલ.

**વિકાસ કપ બાસ્કેટ બોલ ટુર્નામેન્ટઃ–** વિકાસ કપ બાસ્કેટ બોલની ટુર્નામેન્ટમાં આ વર્ષે ગામ ગ્રુપમાં ૧૧ ટીમોએ, જનરલ ગ્રુપ (Male)માં ૬ ટીમોએ અને જનરલ ગ્રુપ (Female)માં ૩ ટીમોએ એમ કુલ ૨૦ ટીમોએ ભાગ લીધેલ. આ ટુર્નામેન્ટ રવિવાર તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ પેવેલિયન ગ્રાઉન્ડ માટુંગા - સે. રે. ખાતે યોજાઈ. ટુર્નામેન્ટ બાદ વિકાસ ગ્રુપના શ્રી કેતન વલ્લભજી ગડાના વરદ હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ.

# શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ આયોજિત
# શ્રી કેતન વલ્લભજી ગડા 'વિકાસ ગ્રુપ' પ્રાયોજિત
# 'વિકાસ કપ' બાસ્કેટબોલ ટુર્નામેન્ટ ૨૦૨૦

**ચકી લેડ**

છેલ્લાં ત્રણ વર્ષથી શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ 'વિકાસ કપ' બાસ્કેટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરે છે.

**આ વર્ષે ગામ ગ્રુપમાં :–** લાયજા, મોટી ખાખર, બાડા, ફરાદી, નાના ભાડિયા, નરેડી, નાના આસંબિયા, ગેલડા, નાની તુંબડી, ભુજપુર, કોડાય એમ ૧૧ ટીમોએ ભાગ લીધેલ.

**જનરલ ગ્રુપ (Male)માં :–** સોહમ સુપર સ્ટાર, સોહમ શૂટર્સ, સોહમ સ્પાઈકર, અંતરા એસીસ, ચેમ્પિયન ચેલેન્જર્સ, ઋણી એમ કુલ ૬ ટીમોએ ઢ્યશ ક્ષઘિતક્ષ.

**જનરલ ગ્રુપ (Female)માં :–** સોહમ સ્પારકર્સ, ભુજપુર જ્યોતિ જાયન્ટ્સ, ટ્રાન્સફોર્મ ર એમ ૩ ટીમોએ ભાગ લીધેલ. એમ ત્રણ વિભાગમાં યોજાયેલ આ ટુર્નામેન્ટમાં કુલ ૨૦ ટીમોએ ભાગ લીધેલ.

આ ટુર્નામેન્ટ રવિવાર તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ પેવેલિયન ગ્રાઉન્ડ, કિંગ્સ સર્કલ ખાતે યોજાઈ જેમાં ફાઈનલમાં.

**જનરલ ગ્રુપ**

**વિજેતા ટીમ :–** અંતરા એસીસ

**ઉપવિજેતા ટીમ :–** CMA સોહમ સુપર સ્ટાર

Player of Tournament : - હર્ષ છેડા

**ગામ ગ્રુપ**

**વિજેતા ટીમ :–** નાના ભાડિયા

**ઉપવિજેતા ટીમ :–** નાના આસંબિયા

Player of Tournament : - પુરવ છેડા

-------------

**મહિલા ગ્રુપઃ–**

**વિજેતા ટીમ :–** ટ્રાન્સફોર્મર

**ઉપવિજેતા ટીમ :–** ભુજપર જ્યોતિ જાયન્ટ્સ

Player of Tournament: - ઉર્વિ દેઢિયા

## સર્વે ટીમોને અભિનંદન

ટુર્નામેન્ટ બાદ ટુર્નામેન્ટના પ્રાયોજક કેતન વલ્લભજી ગડા (બાડા - માટુંગા)ના વરદ હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ.

## આભાર

- ટુર્નામેન્ટના પ્રાયોજક શ્રી કેતન વલ્લભજી ગડા (બાડા - માટુંગા) 'વિકાસ ગ્રુપ'નો.
- શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ ક. વિ. ઓ. જૈન છાત્રાલય (માટુંગા બોર્ડિંગ)નો.
- બાસ્કેટબોલ ટીમના કન્વીનર શ્રી દિપેશ ચંદ્રકાંત છેડા (બિદડા) અને તેમના સાથી નિકુંજ છેડા, આશિષ બૌઆ, પાયલ દેઢિયા અને રીષી દેઢિયાનો.
- ભાગ લેનાર સર્વે ખેલાડીઓ અને તેમના ઉત્સાહમાં વધારો કરનાર સર્વે પ્રેક્ષકોનો.
- પ્રત્યક્ષ - પરોક્ષ રીતે ટુર્નામેન્ટને સફળ બનાવનાર સર્વે કાર્યકરોનો.

# Shri KVO Seva Samaj Book Bank

Mahek Milan Mota

With the blessings of Goddess Saraswati Mata, book bank is one of oldest activity assisting the students of our community at large with the books since 1961.

Currently, book bank is serving almost 7218 students consisting of students starting from Junior college to master degrees only against nominal refundable deposit and students pursuing vocational & other professional courses by paying only 10% upkeep charges.

At present, book bank covers FYJC to Graduation in all streams such as commerce, science & arts, which are further categorized into BAF, BMS, BBI, BFM, BIM, BMM, BSc (IT), BSc(CS), engineering, Diploma courses, CA, MBA, M com, LLB, Medical etc.

Book bank has been fully computerized system from the point of registration, routine requisitions, books issue, return etc. Every student have to submit their requirements of books on www.kvobookbank.com to get the books on scheduled time.

For the convenience of all students (FYJC to TYBCom), we have launched 4 centers which are as follows:

i. Chinchbunder ii. Mulund
iii. Borivali iv. Vasai

From this academic year onwards, for the ease of students, we have initiated books issue & returns pertaining to BMS, BAF, BBI, BFM, BIM, BMM streams at our Mulund and Borivali centers also along with Chinchbunder.

Every year in the month of May, we publish schedule for academic year in patrika, pagdandi and also upload the same on www.kvobookbank.com. For updates we are present on all digital platforms. The efforts are being made to keep the schedule as per the college opening dates and on the same dates, books are being issued for upcoming year and taken back of previous years. This facilitates them by visiting the center only once. Additionally, we send SMS reminder to all the students for online registration, returning as per schedule provided so the whole of process of exchanges of books becomes hassle free for students as well as for book bank.

Day by day, various new entrance exams are being introduced at multi-level of degrees such as JEE, NEET, CET, CAT, GATE, CLAT etc. Thus, keeping in need of hour in mind, book bank started providing all entrance exams related books latest editions at just 50% of the book costs at prior requisitions.

We urge you all to spread this message to maximum people, especially students of our communities so they can take maximum advantage of the same.

Every year, we observe that there are changes being made in academic co-curriculum in some or other standards, subjects. Hence, our team keeps a check on the same and procures the updated books so as to make them available to the students without any delays.

We are thankful to Students Agency - Tardeo, Shri Kalyanji Korshi Shah & Mahendra bhai for all their supports by providing us the books throughout the years before the time. This year we have purchased new books worth of Rs. 10,56,181/- and served students of almost all villages.

For ease of students we have been present on all digital platforms. Students can follow us

**- Website: www.kvobookbank.com**
**- Facebook: https://www.facebook.com/kvoBookBank/**
**-Telegram : https://t.me/kvosevasamaj**
**- Twitter: @kvobookbank**
**- Instagram: @kvo_bookbank**

| | |
|---|---|
| Mahek Milan Mota - Bidada | CONVENOR |
| Ajit Himmatlal Vira - Nagalpur | CONVENOR |
| CONVENERSuresh Devraj Gala - Makda | COMMITTEE MEMBER |
| Sagar Mahendra Haria - Devpur | COMMITTEE MEMBER |
| Prakash Dhanji Bheda - Beraja | COMMITTEE MEMBER |
| Banti Nemchand Dedhia - Bada | COMMITTEE MEMBER |
| Jayesh Navin Savla - Koday | COMMITTEE MEMBER |
| Jayesh Kantilal Gada - Rayan | COMMITTEE MEMBER |
| Parag Jayantilal Rambhia - Gundala | COMMITTEE MEMBER |
| Romil Rajesh Sangoi - Kapaya | COMMITTEE MEMBER |
| Nirav Jayantilal Soni - Wadala | COMMITTEE MEMBER |
| Bakul Sunderji Gala - Gadhshisha | COMMITTEE MEMBER |
| Kunal Mukesh Dharod - Gundala | COMMITTEE MEMBER |
| Jayshree Jiten Gada - Bada | COMMITTEE MEMBER |
| Minal Mansukh Dedhia - Merava | COMMITTEE MEMBER |
| Manish Damji Gala - Wadala | ADVISORY TEAM |
| Hiten Tokarshi Vira - Merava | ADVISORY TEAM |
| Jiten Nemchand Dedhia - Bada | ADVISORY TEAM |
| Vallabhji Keshavji Vora - Narayanpur | ADVISORY TEAM |
| Mahesh Dungarshi Mota - Bidada | ADVISORY TEAM |
| Shailesh Laxmichand Mota - Bidada | ADVISORY TEAM |

## BOOK BANK TEAM

Aayush Tushar Gala – Durgapur
Akash Pankaj Savla - Nani Tumbdi
Asita Dinesh Chheda - Mota Layja
Avani Linesh Furia – Merau
Bhavya Bharat Gada - Manjal Reladiya
Bhavya Harshal Poladia – Talvana
Chetan Kanji Furia - Bidada
Darsh Vasant Gala - Kandagra
Deep Dhiraj Gada - Gadhshisha
Dhaval Hasmukh Gangar - Chhasra
Dhiman Kishor Gangar - Pundi
Dhiraj Chandrakant Savla - Mothara
Dhiren Velji Chheda - Kundrodi
Dhvani Ashok Gala - Devpur
Fanil Anil Vora - Gelda
Freya Niken Savla - Vanki
Gaurav Mahesh Dedhia - Bhujpur
Gopi Vijay Rambhia - Ramania
Harsh Arun Gosar - Manjal Reladia
Harsh Dilip Chheda - Bidada
Harsh Kiran Gangar - Nagalpur
Hasmita Rajesh Savla - Ramaniya
Hasya Hiren Boricha - Desalpur
Hiral Piyush Mamaniya - Beraja
Jash Haresh Vora - Navinar
Jash Rajesh Savla - Nani Tumbdi
Jay Hemantkumar Chheda - Mota Asambiya
Jenil Hemant Gosar - Sabhrai
Jill Manish Gala - Wadala
Kevin Ketan Dedhia - Nana Bhadia
Khushbhu Rajen Mota - Bhujpur
Kreena Mahesh Furia - Bidada
Kruti Darshan Nagda - Dumra
Kushal Ajay Gala - Makda
Lay Atul Maru - Nani Khakhar
Mansi Mukesh Nagda - Karaghoga
Maulik Ramesh Shah
Mittal Vaibhav Gangar - Bidada
Nayan Ramniklal Gangar - Moti Khakhar
Neel Jiten Gada - Bada
Niral Hasmukh Nisar - Wadala
Paras Laherchand Veera - Karaghogha
Parth Gala
Prachi Deepak Gada - Nana Ratadiya
Preksha Devendra Korani - Kapaya
Priyal Anju Chheda - Wadala
Priyal Milind Gangar - Chassra
Priyal Yogesh Gosar - Gadhshisha
Punyata Jayesh Dedhia - Bhorara
Rinkal Mitesh Keniya - Kapaya
Rishi Vasant Haria - Dumra
Rutu Nilesh Savla - Samagoga
Rutu Nilesh Savla - Samagoga
Saloni Paresh Shah - Koday
Sameer Valamji Satra - Mokha
Samir Monshi Dedhia - Bhujpur
Smit Kamlesh Rambhia - Ramania
Stuthi Sunil Gala - Merava
Tanvi Surendra Gala - Sadau
Tirth Ajit Vira - Nagalpur
Umang Iten Vora - Navinar
Umang Pradip Gangar - Chasara
Urvin Sanjay Chheda - Bagda
Vidhi Vijay Nandu - Mota Asambiya
Viral Suryakant Kakka - Beraja
Vishal Bharat Vora - Pragpur
Yasvi Yogesh Gosar - Gadhshisha
Yugam Jayendra Chheda - Layja

# ઘટમાળ

**''સર્વાંગ સુંદર દાંપત્યનું વિમોચન''**

તા. ૧-૩-૨૦૨૦ના શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન અને શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન તથા શ્રી કચ્છી વિશા ઓસવાલ સેવા સમાજના નેજા હેઠળની સમિતિ નામે મધ્યસ્થ સમિતિનો એક પ્રોગ્રામ ચિંચપોકલી મહાજનવાડી ખાતે સાંજે ચાર વાગે મધ્યસ્થા સમિતિના વર્ષોથી રહેલ પ્રમુખ શ્રી વશનજી હરશી ગાલાની કલમે લખાયેલ પુસ્તક ''સર્વાંગ સુંદર દાંપત્ય''નું વિમોચન સમાજના મહિલા એડવોકેટ શ્રીમતી દિવ્યાબેન શાહ (પ્રમુખ કાના)ના હાથે કરવામાં આવ્યું. આ પુસ્તકમાં લગ્નજીવનમાં થતા અણબનાવ અને છુટાછેડા થવાનાં કારણો વિષે ઊંડાણમાં ચર્ચા કરવામાં આવી છે જે મધ્યસ્થ સમિતિને પોતાના અનુભવોથી જાણવા મળેલ છે. દાંપત્યજીવન કેવી રીતે સુખમય, સ્વસ્થ અને સુંદર બનાવી શકાય તેની વિગતો પણ પુસ્તકમાં આપવામાં આવી છે. વિવિધ કોર્ટોના નિર્ણયો, સ્ત્રીના માનવ અધિકાર, બાળકોના પ્રશ્નો વગેરે બાબત વિસ્તૃત માહિતી આ પુસ્તકમાં વાંચવા મળે છે. વિમોચન પ્રસંગે મધ્યસ્થ સમિતિના મંત્રીશ્રીએ બધાને આવકાર આપી કાર્યક્રમના કોમ્પિયરિંગ માટે ડૉ. ગુલાબ દેઢિયાને દોર સોંપેલ અને પ્રસંગોપાત્ત શ્રી પન્નાલાલ છેડા (પ્રમુખ ક.વિ.ઓ. દે જૈન મહાજન) શ્રી જગદીશ ગંગર (પ્રમુખ ક.વિ. ઓ. સ્થા. જૈન મહાજન) ડૉ. મંજુલા શાહ (પ્રમુખ -ક.વી.ઓ. સેવા સમાજ) તથા એડવોકેટ શ્રીમતી દિવ્યાબેન શાહ તથા શ્રી કિરીટ ગાલા ઉપરાંત શ્રી ચંદ્રકાન્ત નંદુ (તંત્રી પગદંડી) કે જેમણે પુસ્તકની પ્રસ્તાવના લખી છે વગેરેએ સંબોધન કરી પુસ્તકની ઉપયોગિતા સમજાવેલ. પુસ્તક વિષે ડૉ. હસુમતી છેડા અને શ્રી વશનજી હરશી ગાલાએ વિસ્તારપૂર્વક સંબોધન કરેલ. પુસ્તક અંગેની માહિતી અને પ્રેરણાના શબ્દો ડૉ. ધીરજ છેડાએ લખ્યા છે. સમારંભમાં ત્રણે સંસ્થાના ઘણાં સભ્યો ઉપરાંત સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ હાજર રહેલ. શરૂઆતમાં બધાને ચા-નાસ્તો કરાવ્યા બાદ વિમોચન કાર્ય શરૂ થયેલ. છેલ્લે આભારવિધિ બાદ પુસ્તકની એક પ્રત ફ્રી આપી બધા છૂટા પડેલ.

***

પ્રેમ અન્ય તરફ વળે તો પ્રાર્થના છે,
સ્વ તરફ વળે તો ધ્યાન છે.
આપણા સંબંધમાં પ્રાર્થના અને
ધ્યાન બંને ઊભરી આવે
તો જ સંબંધ સાધના બને.

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧૬ ફેબ્રુઆરીથી ૧૫ માર્ચ ૨૦૨૦)**

**ચક્ષુદાન : દેહ/ત્વચાદાન : * અવયવદાન :**

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| કૃણાલ હરીશ ખીમજી સાવલા | ૩૩ | કોડાય | બાંદરા |
| મૂલચંદ હંસરાજ વેલજી સાવલા | ૫૪ | દેવપુર | બાંદરા |
| લાલજી ઘેલારોસુ પાસડ | ૮૨ | કોટડાતેહા | મુલુંડ |
| ચુનીલાલ હીરજી પાસુ છેડા | ૬૮ | ડેપા | સાંતાક્રુઝ |
| હરીશ કેશવજી રતનશી છેડા | ૫૯ | મોખા | ડોંબિવલી |
| હીરજી કાનજી શિવજી ગાલા | ૮૩ | મોટાઆસંબિયા | ગોરેગામ |
| ખેતશી કારૂ સાગર સાવલા | ૮૫ | રાયણ | ઘાટકોપર |
| અ. સૌ. રેખા રમણીક હીરજી વોરા | ૬૦ | રતાડિયા (ગણેશ) | મુલુન્ડ |
| વસંતલાલ ગાંગજી નેણશી મારૂ | ૬૭ | લાખાપુર | બોરીવલી |
| નિર્મલા ધીરજલાલ ભવાનજી સંગોઈ | ૭૨ | સમાઘોઘા | માટુંગા * |
| મા. નાનબાઈ વશનજી ગણપત રાંભિયા | ૮૩ | સમાઘોઘા | બોરીવલી |
| તુષાર શાંતિલાલ ખીમજી શાહ / વિસરીયા | ૬૦ | ગઢશીશા | ઘાટકોપર |
| કુંવરજી રવજી હંસરાજ છેડા | ૮૩ | શેરડી | અલીબાગ |
| તેજશી જીવરાજ વસાઈયા ગાલા | ૮૬ | કોટડીમહા. | ડોંબિવલી |
| અ. સૌ. ડોનિકા રાહુલ જયંતિલાલ પાસડ | ૨૮ | શેરડી | બોરીવલી |
| લખમશી વરજાંગ ખીમજી હરિયા | ૭૫ | શેરડી | ભાંડુપ |
| ગિરિશ કેશવજી વીરજી ધરોડ | ૫૬ | પત્રી | વાશી |
| રામજી કાનજી ધારશી પાસડ | ૯૫ | કોટડી મહા. | ઘાટકોપર |
| કુ. ચાર્મી કિશોર પ્રેમજી દેઢિયા | ૩૬ | ભુજપુર | સાયન * |
| ડો. જયેશ આણંદજી માણેક ગડા | ૫૪ | ભોજાય | માટુંગા |
| પાંચાલાલ શિવજી નરપાર કારીઆ | ૮૦ | ભચાઉ | ફોર્ટ |
| મા. પ્રીતિબેન હીરાલાલ શિવજી સાવલા | ૭૩ | ભુજપુર | મલાડ |
| રતનબેન દેવજી કોરશી દેઢિયા | ૭૪ | કોટડીમડ/દેવપુરી | ડોંબિવલી |
| જાધવજી રતનશી માણેક દેઢિયા | ૮૫ | કાંડાગરા | ડોંબિવલી |
| જાગૃતિ પ્રફુલ લક્ષ્મીચંદ છાડવા | ૪૬ | મોટીખાખર | ચેમ્બુર |
| ભાવેશ નાનજી જીવરાજ ધરોડ | ૫૦ | પત્રી | મલાડ |
| વિમળાબેન કલ્યાણજી મણશી દેઢિયા | ૭૫ | કોટડી મહાદેવપુરી | વડાલા |
| મા. કંકુબેન ખેરાજ પાલણ ગડા | ૯૦ | નવાવાસ | વડાલા |
| ઉપેન્દ્ર મગનલાલ રવજી મારૂ (પટેલ) | ૬૦ | ડેપા | નાલાસોપારા |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મણિલાલ ગણપત જેઠા ગાલા | ૭૬ | ગોધરા | અંધેરી |
| પ્રફુલા શિરિષ નાનજી ગાલા | ૬૩ | લાખાપુર | દાદર -* |
| રમેશ મીઠુભાઈ માવજી ગડા | ૬૫ | રાયધણજર | પાર્લા |
| નેમજી વિશનજી મોનજી દેઢિયા | ૬૭ | બિદડા | ડોંબિવલી * |
| ધીરજલાલ કેશવજી વેલજી ગડા | ૬૬ | ગઢશીશા | દાદર -* |
| ચંપકલાલ પ્રેમજી રવજી નાગડા | ૭૬ | નરેડી | મઝગામ |
| રતનબેન (તેજબાઈ - મોમાવા સૈયા સમાઘોઘાની પુત્રી) | ૮૦ | - | અંધેરી |
| મોરારજી મણશી કરમશી દેઢિયા | ૬૫ | ગઢશીશા | ડોંબિવલી/ચક્ષુ |

**પ્રાર્થના રાખેલ નથી**

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| કું. મીનાબેન હેમરાજ રવજી નાગડા | ૫૪ | ચાંગડાઈ | બોરીવલી |
| નલીની (નાનીતુંબડી દેવકાંબેન કાનજી સાવલાની પુત્રી) | ૬૦ | | નવી મુંબઈ |
| કેસરબેન પોપટલાલ માલસી સતરા | ૭૨ | વડાલા | કાંદિવલી |
| હિના જાદવજી રવજી સાવલા | ૫૨ | મોટા આસંબિયા | પાલઘર |
| ભરત (નાની તુંબડીના સાકરબાઈ માવજી સાવલા) | ૬૦ | - | ગાંધીધામ |
| નવલબેન તારાચંદ ટોકરશી ગોલર | ૭૦ | વીંઢ | માટુંગા |
| કમળાબેન કાંતિલાલ ગોવિંદજી નાગડા | ૭૧ | નારણપુર /ચક્ષુ | બોરીવલી |
| ટોકરશી ભુલા વેલજી હરિયા | ૮૬ | દેવપુર | તારદેવ |
| મા. મણિબેન નાનજી મોરારજી સંગોઈ | ૯૨ | ગુંદાલા | દાદર/ચક્ષુ |
| ચિરાગ જગદીશ લાલજી દેઢિયા | ૩૫ | પત્રી | પાર્લા |
| દિપા તલકશી માલશી દેઢિયા | ૪૪ | લુણી | ડોંબિવલી |
| ભવાનજી ગાંગજી ઓતાવા વિસરીયા | ૬૧ | ડોડાય | ડોંબિવલી/ચક્ષુ |
| લક્ષ્મીબેન હેમરાજ કચરા નિસર | ૭૮ | દેવપુર | ડોંબિવલી |
| મા. હેમકુંવરબેન મગનલાલ દામજી કેનિયા | ૮૬ | બારોઈ | ઘાટકોપર |
| જવેરબેન છગનલાલ ઉમરશી ધરોડ | ૯૩ | પત્રી | માટુંગા |
| મા. મેઘબાઈ મગનલાલ ખીમજી મારુ | ૯૮ | હાલાપુર | માંડવી-કચ્છ |
| લીલાવંતીબેન છેડા | ૭૦ | કાંડાગરા | અંધેરી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મા. લક્ષ્મીબેન પ્રેમજી હીરજી ગોસર | ૮૬ | મોટા રતાડિયા | નાલાસોપારા |
| વિમળાબેન ભાણજી નેણશી વોરા | ૯૧ | બગડા | દાદર (૪ ઉપવાસ - ) |
| ચંચળબેન ખીમજી ડુંગરશી ફુરીયા | ૮૮ | રાયણ | ડોંબિવલી |
| અ. સૌ. પુષ્પાબેન પોપટલાલ દેવશી છેડા | ૭૬ | વડાલા | કાંદિવલી (૪ ઉપવાસ/ ચક્ષુ ) |
| હીરબાઈ આણંદજી દેવશી સોની | ૮૨ | બાંભડાઈ | કલ્યાણ |
| શાંતિલાલ વશનજી છેડા | ૮૭ | નાના આસંબિયા | કફપરેડ |
| અ. સૌ. સંગીતા પ્રવીણ મગનલાલ છેડા | ૫૫ | ગુંદાલા | મીરા રોડ |
| જયંતીલાલ વીજપાર રવજી વોરા | ૭૨ | નવીનાળ | સાયન |
| મા. હેમલતાબેન નાગજી રામજી ગંગર | ૮૧ | બેરાજા | પરેલ |
| નવીન મેઘજી મોરારજી ગાલા | ૭૧ | ટોડા | ઘાટકોપર |
| મણિલાલ વેલજી શિવજી દેઢિયા | ૭૩ | લુણી | મલાડ |
| તેજબાઈ હીરજી ધારશી મામણીયા | ૭૮ | ડેપા | વિરાર |
| કાંતિલાલ કેશવજી હીરજી સાવલા | ૬૬ | બાડા | વાશી |
| શાંતિલાલ ગાંગજી ભાણજી શાહ / વિસરીયા | ૬૯ | કોડાય | કાંદિવલી |
| દેવેન્દ્ર કરમશી લાલજી દેઢિયા | ૬૨ | કોટડા રોહા | મુલુન્ડ |
| કાંતાબેન કાનજી મોનજી સોની | ૮૫ | વડાલા | મલાડ |
| જાદવજી વેલજી નથુ છેડા | ૭૦ | બગડા | મુલુન્ડ |
| ચુનીલાલ મુરજી ગણપત ગલીયા | ૭૯ | લુણી | ડોંબિવલી * |
| લક્ષ્મીબેન લાલજી રાયશી શાહ / પોલડીયા | ૮૦ | બિદડા | ડોંબિવલી -* |
| સાકરબાઈ ઉમરશી કુંવરજી વોરા | ૯૪ | નવીનાર | હૈદરાબાદ -* |
| અ. સૌ. રિદ્ધિ (વાંકીના અરુણા હેમંત છેડાની પુત્રી) | ૩૦ | - | દાદર |
| કિશોર કુંવરજી કેશવજી ગંગર | ૬૫ | મેરાઉ | બોરીવલી |
| બાબો દિપેશ જયંતીલાલ સાવલા (ઉં. દિ.૧૭) | | નાનાભાડિયા | ડોંબિવલી |
| ગોવિંદજી જેઠા મોતા | ૭૨ | દેવપુર | નાલાસોપારા |
| ઉમેશ વશનજી મેઘજી ગાલા | ૫૧ | સાડાઉ | ડોંબિવલી |
| મા. ઝવેરબેન નેમચંદ કુંવરજી વિકમાણી | ૭૭ | બાડા | માટુંગા |
| લક્ષ્મીબેન રતનશી રાઘવજી રાંભિયા | ૭૭ | વિંઝાણ | ડોંબિવલી |
| ઝવેરબેન હીરજી શામજી દેઢિયા | ૮૫ | લુણી | ગોરેગામ |
| હેમલતા વિશનજી પાલુ હરિયા | ૮૬ | સાભરાઈ | ડોંબિવલી |
| મા. મણિબેન દેવજી ગાંગજી રાંભિયા | ૧૦૦ | ગુંદાલા | નાનાચોક |
| રશ્મીન મણિલાલ કુંવરજી ફુરિયા | ૫૧ | તલવાણા | નાલાસોપારા |
| નરેન્દ્ર રવજી મોરારજી લાલન | ૮૧ | કોડાય | મદુરાઈ |
| હંસા હરીશ લખમશી ગડા | ૫૭ | ભોજાય | હૈદરાબાદ |
| મણિબેન હરીલાલ વેલજી ગાલા | ૭૨ | મોટી ઉનડોઠ | ચેમ્બુર |
| હીરાલાલ મૂરજી માવજી ગાલા | ૫૫ | ડુમરા | હૈદરાબાદ |
| પ્રેમીલા દીપચંદ દામજી છેડા | ૬૯ | મૂનડી | બેતુલ (એમપી) |
| જેઠાલાલ દેવજી શિવજી હરિયા | ૮૦ | ગોધરા | ઘાટકોપર |
| હેમલતા ટેકચંદ રામજી શાહ સાવલા | ૭૫ | નવાવાસ | ઘાટકોપર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મા. ધનબાઈ દેવજી માલશી ગાલા | ૮૮ | માપર | ગંજબાસૌદા |
| જાદવજી વેલજી મોનજી ધરોડ | ૯૩ | પત્રી | વિલેપાર્લે |
| સંદીપ (મીતા રાજેશ સતરા ગુંદાલાના જમાઈ) | ૩૩ | - | બોરીવલી |
| દિનેશ મોરારજી દેવરાજ બૌઆ | ૬૭ | પ્રાગપુર | વિલેપાર્લે |
| અરવિંદ મેઘજી દેવજી ગડા | ૭૧ | નાનાભાડિયા | ઘાટકોપર |
| મા. મણિબેન રતનશી વરજાંગ મામણીયા | ૭૯ | મેરાઉ | ગ્રાન્ટ રોડ |
| પુરબાઈ નાનજી રામજી સાવલા | ૮૪ | સમાઘોઘા | મુલુન્ડ |

**કાળધર્મ પામેલ છે**

| | | | |
|---|---|---|---|
| શ્રી મુક્તાબાઈ મહાસતીજી | ૯૮ | લાકડિયા | |

## આકાશ

તું આ આકાશ છે અને પંખીનો એક માળો પણ તું જ છે.

સૌંદર્યના અધિષ્ઠાતા હે પ્રભુ, એ માળામાં અનેક રંગ, ધ્વનિ અને ગંધમાં લપેટીને એક આત્માને ઈંડા રૂપે મૂકનાર તારો પ્રેમ જ છે.

પોતાના જમણા હાથમાં સોનેરી છાબ લઈને પ્રભાતની સવારી આવી પહોંચી છે. એ છાબમાં આ ધરતીને ચૂપચાપ મુગટ તરીકે પહેરાવવા માટે પુષ્પમાળાઓ અને ગજરાઓનું સૌંદર્ય છે.

પશ્ચિમના સાગરની દિશામાંથી પોતાના સોનેરી કળશમાં શીતળ હવાની લહેરખીઓ ભરીને, ઊબડખાબડ જમીન પરથી ચરિયાણ વચ્ચેથી આવતા ગાયોના ધણ સાથે સંધ્યા આવી પહોંચી છે.

જ્યાં આત્માની ઉડાન માટે અસીમ આકાશ વિસ્તરેલું છે ત્યાં નિરભ્ર શ્વેત ઉજાસનું શાસન છે. ત્યાં નથી દિવસ કે નથી રાત; નીરવતા વચ્ચે ત્યાં ન કોઈ આકાર છે કે ન કોઈ રંગ.

**- રવિન્દ્રનાથ ટાગોર**